૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 257 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 October 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૨૯ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દેશભરમાં આજે ૪૦ રોજગાર મેળાનું આયોજન

## વડા પ્રધાન ૫૧,૦૦૦ નિમણૂકપત્ર આપશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે રૂ. ૧૨,૮૫૦ કરોડના મૂલ્યના અનેક હૅલ્થ તેમ જ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ લૉન્ચ કરશે અને દેશભરમાં એકસાથે ૪૦ 'રોજગાર મેળા'નું આયોજન થશે અને તે અંતર્ગત યુવાનોને ૫૧,૦૦૦ નિમણૂકપત્ર આપશે.

હવેથી સરકારની ફ્લેગશિપ આયુષમાન ભારત આરોગ્ય વીમા યોજનાનો લાભ ૭૦ અને તેથી વધુ વયજૂથના લોકોને પણ મળશે. ઔષધીઓના દેવતા મનાતા ધન્વંતરીને જન્મજયંતી અને નવમા આયુર્વેદ દિનની ઉજવણી નિમિત્તે મોદી આરોગ્ય ક્ષેત્રને ઝડપથી આગળ વધારવા અનેક યોજનાઓ લૉન્ચ કરશે.

સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે અન્ય એક સમારંભમાં મોદી 'રોજગાર મેળા' યોજનાના ભાગરૂપ યુવાનોને ૫૧,૦૦૦ નિમણૂકપત્ર આપશે.

સરકાર દેશમાં ગુણવત્તાસભર આરોગ્યસેવા પૂરી પાડવા સતત પ્રયત્નશીલ હોવાનું જણાવતાં સત્તાવાર બહાર પાડવામાં આવેલા અન્ય એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે મોદી રાજધાની દિલ્હીમાં ભારતની સૌપ્રથમ ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદના બીજા તબક્કાનું ઉદ્‌ઘાટન કરશે જેમાં દવાના ઉત્પાદન માટે આયુર્વેદિક ફાર્મસી અને પંચકર્મા હૉસ્પિટલ, સ્પૉર્ટ્સ મેડિસિન યુનિટ, સેન્ટ્રલ લાઈબ્રેરી, આઈટી ઍન્ડ સ્ટાર્ટ-અપ્સ ઈક્યૂબેશન સેન્ટર અને ૫૦૦ બેઠક ધરાવતા ઑડિટોરિયમનો સમાવેશ થશે.

મોદી, મધ્ય પ્રદેશના મંદસૌર, નીમચ અને સિઓની ખાતે ત્રણ મેડિકલ કૉલેજનું પણ ઉદ્‌ઘાટન કરશે.

આ ઉપરાંત મોદી હિમાચલના બિલાસપુર, પ. બંગાળના કલ્યાણી, બિહારના પટણા, ઉત્તર પ્રદેશના ગોરખપુર, મધ્ય પ્રદેશના ભોપાલ, આસામના ગુવાહાટી અને દિલ્હીમાં એઈમ્સની વિવિધ સેવાઓનું વિસ્તરણ કરશે, જેમાં જન ઔષધી કેન્દ્રનો પણ સમાવેશ હશે.

મધ્ય પ્રદેશના શિવપુરી, રતલામ, ખંડવા, રાજગઢ અને મંદસૌર એમ પાંચ જગ્યાએ મોદી નર્સિંગ કૉલેજની તેમ જ પીએમ આયુષમાન ભારત હૅલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મણિપુર, તમિળનાડુ અને રાજસ્થાનમાં ૨૧ ક્રિટિકલ કૅર બ્લૉક્સની પણ શિલારોપણ વિધિ કરશે.

મધ્ય પ્રદેશના ઈન્દોરમાં મોદી ઈએસઆઈસી હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કરશે તો હરિયાણાના ફરીદાબાદ, ઉત્તર પ્રદેશના મેરઠ અને આંધ્ર પ્રદેશના અચ્યુતપુરમ, કર્ણાટકના બોમ્માસાન્દ્રા અને નરસાપુર ખાતે ઈએસઆઈસી હૉસ્પિટલની શિલારોપણ વિધિ કરશે.

આરોગ્ય સેવા ક્ષેત્રને વેગ આપવા અને તેમાં સુધારો કરવા તેમ જ સુવિધાઓ વધુ ઝડપી બનાવવા ૧૧ પ્રાદેશિક આરોગ્ય સંસ્થાઓમાં ડ્રોન ટેક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવશે. ઍઈમ્સ ઋષિકેશથી હૅલિકૉપ્ટર ઈમરજન્સી મેડિકલ સેવા શરૂ કરવામાં આવશે જેને કારણે આરોગ્ય સેવાની ઝડપ વધશે. સગર્ભા મહિલાઓ અને નવજાત શિશુઓના લાભાર્થે યુ-વિન પોર્ટલ લૉન્ચ કરવામાં આવશે અને રસીકરણની સંપૂર્ણ પ્રક્રિયાનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે. ઓડિશાના ખોરધા અને છત્તીસગઢના રાયપુરમાં એક યોગા સેન્ટ્રલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ગુજરાતના અમદાવાદમાં એનઆઈપીઈઆર ખાતે તબીબી ઉપકરણોના ઉત્પાદન માટે, તેલંગણાના હૈદરાબાદમાં એનઆઈપીઈઆર મોટાપાયે દવાના ઉત્પાદન માટે, હૅપ્ટોફાર્માસ્યૂટિકલ્સ માટે આસામના ગુવાહાટીમાં એનઆઈપીઈઆર ખાતે અને એન્ટી બેક્ટેરિયલ, એન્ટી વાઈરલ ડ્રગ ડિસ્કવરી ઍન્ડ ડેવલપમેન્ટ માટે પંજાબના મોહાલી ખાતે એમ કુલ ચાર સેન્ટર ઑફ એક્સલન્સ ઊભા કરવામાં આવશે.

આરોગ્ય ક્ષેત્રમાં મૅક ઈન ઈન્ડિયા યોજનાને વેગ આપવા મોદી ગુજરાતના વાપી, તેલંગણાના હૈદરાબાદ, કર્ણાટકના બેંગલૂરુ, આંધ્ર પ્રદેશના કાકીનાડા અને હિમાચલ પ્રદેશના નલાગઢ ખાતે તબીબી ઉપકરણો અને મોટાપાયે દવાના ઉત્પાદન માટે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમનું ઉદ્‌ઘાટન કરશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## કેન્દ્ર સરકાર પર બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન કરવાનો પ્રિયંકાનો આરોપ

વાયનાડઃ બીજા તબક્કાના પ્રચારની શરૂઆત કરતાં વાયનાડની પેટાચૂંટણી માટેના કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધી-વાડ્રાએ સોમવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને એવો આરોપ લગાવ્યો હતો કે તેના શાસન હેઠળ બંધારણના મૂલ્યોનું સતત ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે.

આ પહાડી જિલ્લાના મીનાંગડીમાં આયોજિત કોર્નર મીટિંગને સંબોધતા એઆઈસીસીના જનરલ સેક્રેટરીએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો અને એવો આરોપ લગાવ્યો હતો કે દેશમાં લઘુમતીઓ વિરુદ્ધ 'નિયોજિત' હુમલાઓ થઈ રહ્યા છે.

તમે જાણો છો કે કેન્દ્રની ભાજપ સરકાર એક સમુદાયમાં ડર, આક્રોશ અને તકલીફ ફેલાવી રહી છે. તમે લઘુમતીઓ પર હુમલા જોયા છે. તમે મણિપુરમાં હુમલા જોયા છે. તમે વારંવાર પૂર્વ નિયોજિત પદ્ધતિએ ગુસ્સો, નફરત અને ભય ફેલાવતા લોકોને જોયા છે, એમ તેમણે કહ્યું હતું.

પ્રિયંકાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે એક પછી એક નીતિ સામાન્ય લોકોની જગ્યાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મિત્રોની તરફેણમાં બનાવવામાં આવે છે.

દિવસ-રાત મહેનત કરતા ખેડૂતો પ્રત્યે કોઈ દયા દાખવવામાં આવતી નથી. આદિવાસી લોકોની કોઈ સમજ નથી, શ્રીમંત લોકો માટે તેમની જમીનો છીનવી લેવામાં આવે છે, એમ તેમણે કહ્યું હતું.

સીટ ખાલી કરનાર તેના ભાઈ રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે તે જાણતી હતી કે વાયનાડ છોડવા પર તેનું હૃદય કેટલું ભારે હતું.

હું જાણું છું કે તમે મારા ભાઈ પ્રત્યેના પ્રેમને કારણે તમે અહીં આવ્યા છો. તેને તમારા બધા સાથે ઊંડો સંબંધ છે, તમે બધા તેનો પરિવાર છો. આજે આપણે બહુ મોટી લડાઈ લડી રહ્યા છીએ અને તેઓ આ લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે. અને આપણે બધા એ મૂલ્યો માટે લડી રહ્યા છીએ જેના પર દેશનું નિર્માણ થયું છે. આપણે આપણા બંધારણના મૂલ્યો માટે લડી રહ્યા છીએ. આજે આપણે આપણી લોકશાહી માટે લડી રહ્યા છીએ. આજે આપણે સમાનતા માટે લડી રહ્યા છીએ અને તમે દરેક આ લડાઈમાં મહત્ત્વપૂર્ણ સૈનિકો છો, એમ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું.

પ્રિયંકાએ વધુમાં જણાવ્યું હતું કે જો તે સંસદસભ્ય તરીકે ચૂંટાશે તો તે શક્ય તેટલી મહેનત કરશે. હું તમારી સાથે ઊભી રહીશ. હું તમારા માટે લડીશ. હું તમારા મુદ્દાઓ સંસદમાં ઉઠાવીશ. તમારા પ્રશ્નોના ઉકેલ માટે હું લડીશ.

મીનાંગડી ખાતેની બેઠક બાદ ૧૫૦ મીટર લાંબો રોડ શો યોજાયો હતો.

૨૨ ઑક્ટોબરે તેમનું નામાંકન સબમિટ કર્યા પછી મતવિસ્તારની આ તેમની બીજી મુલાકાત છે.

દરમિયાન, રિટર્નિંગ ઓફિસરે સોમવારે ચકાસણી પૂર્ણ કર્યા બાદ કોંગ્રેસના નેતાનું નામાંકન સ્વીકાર્યું હતું. તેમણે ઉમેદવારી પત્રોના ચાર સેટ સબમિટ કર્યા હતા.

ભાજપે પ્રિયંકા ગાંધી પર પેટાચૂંટણી લડવા માટે તેમના સોગંદનામામાં તેમના અને તેમના પતિ રોબર્ટ વાડ્રાની સંપત્તિ અંગે 'જરૂરી માહિતી જાહેર ન કરવાનો' આરોપ મૂક્યો હતો.તાજેતરની સંસદીય ચૂંટણીઓમાં રાયબરેલી મતવિસ્તારમાં જીત બાદ રાહુલ ગાંધીએ સીટ ખાલી કરતાં પેટાચૂંટણી જરૂરી બની હતી. ૧૩ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે.પ્રિયંકા એલડીએફના દિગ્ગજ નેતા સત્યન મોકેરી, ભૂતપૂર્વ વિધાનસભ્ય અને કોઝિકોડ કોર્પોરેશનના બે વખત કાઉન્સિલર રહી ચૂકેલા ભાજપના નવ્યા હરિદાસ સામે ચૂંટણી લડી રહી છે.



સ્વાગતઃ કૉંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડરાએ સોમવારે કેરળના થાલૂરમાં નીલગીરી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સના વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. (એજન્સી)

## દિવાળીના પહેલા દિવસે રોકાણકારોને ₹ ૪.૨૧ લાખ કરોડનો લાભ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શૅરબજારમાં અફડાતફડી રહી હોવા છતાં વાઘબારસના દિવસે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૪.૨૧ લાખ કરોડનો ઉમરો થયો છે. પાંચ સત્રની પીઠેહઠને બ્રેક મારીને સેન્સેક્સ ૬૦૦ પોઇન્ટ ઊછળ્યો હોવાથી બીએસઇમાં લિસ્ટેડ તમામ સ્ક્રિપ્સના બજારમૂલ્યમાં રૂ. ૪,૨૧,૧૩૮.૨૦ કરોડનો વધારો થયો છે. બીએસઇનું માર્કેટ કેપ હવે રૂ. ૪,૪૧,૨૦,૦૫૯.૮૬ કરોડ એટલે કે ૫.૨૫ ટ્રિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું છે.

સેન્સેક્સે એફઆઇઆઇની વેચવાલી, નબળા કોર્પોરેટ પરિણામ, જીઓ-પોલિટિકલ ટેન્શન સહિતના તમામ નકારાત્મક પરિબળો ફગાવીને સત્ર દરમિયાન ૧૧૩૭.૫૦ પોઇન્ટનો ઉછાળો માર્યો હતો અને અંતે ૬૦૨.૭૫ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકાના વધારા સાથે ૮૦,૦૦૫.૦૪ના સ્તરે સ્થાન મેળવ્યું હતું. જ્યારે નિફ્ટી ૧૫૮.૩૫ પોઈન્ટ અથવા ૦.૬૫ ટકા વધીને ૨૪,૩૩૯.૧૫ની સપાટી પર બંધ થયો હતો.

બજારના સાધનો અનુસાર મધ્યપૂર્વના દેશોમાં ભૂરાજકીય તંગદીલી હળવી થવા સાથે ક્રૂડ ઓઇલના ભાવના પાંચ ટકાથી વધુના તીવ્ર ઘટાડાને કારણે બજારના સેન્ટિમેન્ટ પર પોઝિટિવ અસર થઇ હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૫.૮૪ ટકાના કડાકા સાથે બેરલદીઠ ૭૧.૫૪ ડોલર બોલાયું હતું.

## જમ્મુ-કાશ્મીરમાં ફરી લશ્કરી વાહન પર હુમલોઃ અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુના અખનૂર વિસ્તારમાં અથડામણને પગલે ત્રણ આતંકવાદી ઠાર મરાયા છે. અધિકારીઓએ માહિતી આપી હતી કે સોમવારે સવારે અંકુશરેખા પાસે જોગવાન વિસ્તારમાં આતંકવાદીઓએ લશ્કરી વાહનને નિશાન બનાવ્યું હતું. આને લીધે અથડામણ ચાલુ થઈ હતી. હુમલામાં લશ્કરના કોઈ જવાન ઘાયલ થયા હોવાના અહેવાલ નથી. માર્યા જનારા ત્રણ આતંકવાદીઓ રાત્રે એલઓસી પાર કરીને આ બાજુ આવ્યા હતા. અધિકારીએ કહ્યું કે આતંકવાદીઓએ સવારે સાત વાગ્યે જોગવાન વિસ્તારમાં લશ્કરની એમ્બ્યુલન્સ પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબાર બાદ લશ્કરે શોધ અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાન દરમિયાન સંતાયેલા આતંકવાદીઓ સાથે સંપર્ક થયો હતો અને જોરદાર અથડામણ શરૂ થઈ હતી. આ અથડામણમાં ત્રણ આતંકવાદીને મારી નાખવામાં આવ્યા હતા. કોઈ પણ સૈનિક કે નાગરિકના મરવાના કે ઘાયલ થવાના અહેવાલો નથી. સૂત્રોએ કહ્યું હતું કે જોગવાન વિસ્તારમાં લશ્કરના એમ્બ્યુલન્સ અને વાહનોને આતંકવાદીએ નિશાન બનાવ્યું હતું. લશ્કરે નાસી છુટેલા આતંકવાદીને પકડવા શોધ અભિયાન ચાલુ કર્યું હતું. બટલર વિસ્તારમાં અથડામણ થઈ હતી. સૂત્રોએ કહ્યું હતું કે બન્ને પક્ષોએ મોટા પાયે ગોળીબર કર્યો હતો. શિવાસન મંદિરની પાસે મુખ્ય રોડથી પસાર થઈ રહેલી એમ્બ્યુલન્સ પર હુમલો કર્યો હતો. તેના પર બારથી વધારે ગોળી છોડાઈ હતી. અધિકારીએ કહ્યું હતું કે આતંકવાદી એક મંદિરમાં ઘૂસી ગયા હતા અને ફોન કરવા મોબાઈલ ફોનની તલાશ કરી રહ્યા હતા. આતંકવાદીઓએ એમ્બ્યુલન્સ પસાર થતા ગોળીબાર કર્યો. એમબ્યુલન્સને ૧૨ ગોળી વાગી હતી. આતંકવાદીઓને પકડવા વધુ કુમક મોકલવામાં આવી હતી.



સૂત્રોના જણાવ્યા પ્રમાણે એલઓસી પર પલ્લાંવાલા સેક્ટરમાં સરહદી ગામ બટલમાં શિવ આસન મંદિરમાં ત્રણ આતંકવાદી લશ્કરી ગણવેશમાં દેખાયા. આતંકવાદીઓએ અમુક વિદ્યાર્થીઓને બંધક બનાવ્યા બાદ છોડી મૂક્યા. ટ્યુશન સેન્ટર ચલાવતા માસ્ટર મનોજ કુમારે કહ્યું હતું કે હું ત્રણ આતંકવાદીઓને જોતા મંદિરના ગેટથી પાછો વળી ગયો હતો. અગાઉ ગંદરબલ અને બારામુલ્લામાં થયેલા આતંકવાદી હુમલા બાદ જમ્મુ, કઠુઆ, સાંબા, પૂંછ અને રાજોરી સહિત જમ્મુના સરહદી જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે.

એક અઠવાડિયામાં અખનૂરમાં પાંચમો આતંકવાદી હુમલો થયો છે. એક સપ્તાહમાં થયેલા ત્રણ હુમલામાં પરપ્રાંતીય લોકોને મારી નાખવામાં આવ્યા હતા. આ હુમલામાં ત્રણ જવાન શહીદ થયા છે. આઠ સ્થાનિક લોકોનાં પણ મરણ થયાં છે.



આગ હી આગઃ હૈદરાબાદમાં રવિવારે ફટાકડાની દુકાનમાં મોટી આગ ફાટી નીકળી હતી. (એજન્સી)

## મધ્ય પ્રદેશમાં જૂથ અથડામણઃ એકનું મોત

ભોપાલઃ મધ્ય પ્રદેશના મંદસૌર જિલ્લામાં સોમવારે બે જૂથ વચ્ચેની અથડામણમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને છ ઘાયલ થયા હતા.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, અથડામણ યશોધર્મન પોલીસ સ્ટેશનની હદ હેઠળના મુલતાનપુરા ગામમાં થઈ હતી.

સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ અભિષેક આનંદે પત્રકારોને જણાવ્યું હતું કે ''મુસ્લિમ સમુદાયના બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં ગોળીબારનો સમાવેશ થાય છે. સાત લોકો ઘાયલ થયા હતા, જેમાંથી એકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અન્ય લોકો હોસ્પિટલમાં દાખલ છે. આમાંના કેટલાકને ગોળી વાગી હતી, જ્યારે એક વ્યક્તિને તલવારથી ઈજા થઈ હતી.''

''બંને જૂથ એક જ વિસ્તારમાં રહે છે. પ્રથમ દૃષ્ટિએ, અથડામણ જમીનના વિવાદને લઈને થઈ હતી,'' એમ તેમણે કહ્યું.કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ વિસ્તારમાં પોલીસ તૈનાત કરવામાં આવી છે.

## પાકિસ્તાનમાં ૧૬ જિલ્લામાં પોલિયો વાઈરસના નમૂના મળ્યા

ઇસ્લામાબાદઃ પાકિસ્તાને ૧૬ જિલ્લાઓમાંથી લેવામાં આવેલા પર્યાવરણીય નમૂનાઓમાં પોલિયો વાઈરસ મળી આવ્યા બાદ સોમવારે ૪૫ મિલિયન બાળકોને જીવલેણ રોગથી બચાવવા માટે તેનું ત્રીજું રાષ્ટ્રવ્યાપી પોલિયો અભિયાન શરૂ કર્યું હતું.

ડોન અખબારના અહેવાલ અનુસાર વડા પ્રધાન શેહબાઝ શરીફે ગયા અઠવાડિયે વિશ્વ પોલિયો દિવસ પર વડા પ્રધાનના નિવાસસ્થાને આયોજિત કાર્યક્રમમાં અભિયાનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે ત્યાં બાળકોને પોલિયોની દવા પણ પીવડાવી હતી. સપ્તાહભર ચાલનારી આ રસીકરણ ઝુંબેશ ૩ નવેમ્બર સુધી ચાલશે. જેનો ઉદ્દેશ્ય દેશમાં પોલિયોના ભયજનક ફેલાવાને પહોંચી વળવાનો છે. જેના આ વર્ષે ૪૧ કેસ સામે આવ્યા છે. અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગની વિશેષ ટીમો ઘરે-ઘરે જઇને ૪૫ મિલિયનથી વધુ બાળકોને રસી આપશે.રિપોર્ટ અનુસાર અભિયાન દરમિયાન બાળકોને વધારાની રોગપ્રતિકારકશક્તિ માટે વિટામિન એ સપ્લિમેન્ટ્સ પણ આપવામાં આવશે. આ ઝુંબેશની શરૂઆત એવા સમયે કરવામાં આવી છે જ્યારે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ ખાતે પોલિયો નાબૂદી માટેની પ્રાદેશિક સંદર્ભ પ્રયોગશાળાએ ૧૬ જિલ્લાઓમાંથી સીવેઝ નમૂનાઓમાં જંગલી પોલિયોવાયરસ ટાઇપ વન(ડબ્લ્યુપીવીવન)ની તપાસની પુષ્ટિ કરી હતી. અત્યાર સુધીમાં બલૂચિસ્તાનમાંથી ૨૧, સિંધમાંથી ૧૨, ખૈબર પખ્તુનખ્વામાંથી ૬ અને પંજાબ અને ઇસ્લામાબાદમાંથી એક-એક પોલિયો કેસ નોંધાયા છે.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીફ જસ્ટિસનો ખુલાસો ગળે ઊતરે એવો નથી

ભારતના ન્યાયતંત્રમાં સર્વોચ્ચ મનાતી સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એટલે કે દેશના ચીફ જસ્ટિસપદેથી ડી.વાય. ચંદ્રચૂડની વિદાયને ગણતરીના દિવસો બચ્યા છે. જસ્ટિસ સંજીવ ખન્ના દેશના નવા ચીફ જસ્ટિસ બનશે અને ૧૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ શપથ લેશે એ નક્કી છે ત્યારે વિદાય લઈ રહેલા ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સરકારના વડાઓને મળે ત્યારે તેમની વચ્ચે સોદાબાજી જ થઈ હોય એવું નથી હોતું.

આ પ્રકારની બેઠકો મોટાભાગે વહીવટી બાબતોને લગતી હોય છે કેમ કે અમારે રાજ્યના મુખ્યમંત્રી સાથે ચર્ચા કરવી પડે છે કેમ કે રાજ્ય સરકાર ન્યાયતંત્ર માટે બજેટ આપે છે. ચીફ જસ્ટિસ રાજ્ય સરકારના વડાને મળવાને બદલે માત્ર પત્રો પર આધાર રાખીને બેસી રહે તો કોઈ કામ નહીં થાય.

ચીફ જસ્ટિસે એમ પણ કહ્યું કે, ન્યાયતંત્ર સંપૂર્ણ સ્વતંત્રતા સાથે કામ કરે છે તેથી કહ્યું છે કે, જ્યારે સરકારના વડા હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને મળે છે ત્યારે આ બેઠકોમાં રાજકીય પરિપક્વતા જોવા મળે છે અને મારી કારકિર્દીમાં એવું ક્યારેય બન્યું નથી કે કોઈ મુખ્યમંત્રીએ બેઠક દરમિયાન કોઈ પેન્ડિંગ કેસ વિશે કંઈ કહ્યું હોય. ચીફ જસ્ટિસે એમ પણ કહ્યું કે, કોર્ટ અને સરકાર વચ્ચેનો વહીવટી સંબંધ ન્યાયતંત્રના કામ કરતા અલગ છે. સીએમ કે ચીફ જસ્ટિસ તહેવારો કે શોકના સમયે એકબીજાને મળે તેના કારણે અમારા કામને કે ફરજને કોઈ અસર નથી થતી.

મુંબઈ યુનિવર્સિટીમાં એક વ્યાખ્યાન શ્રેણીને સંબોધિત કરતી વખતે ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે બીજી પણ ઘણી વાતો કરી છે. જજો પરના કામના બોજ, રજાઓ, કોલેજિયમ સિસ્ટમ સહિતના ઘણ બધા મુદ્દા તેમણે પોતાના પ્રવચનમાં આવરી લીધા પણ વધારે ચર્ચા સરકારના વડાઓ સાથેની ચીફ જસ્ટિસની મુલાકાત અંગે છે કેમ કે થોડા સમય પહેલાં જ આ અંગે વિવાદ થયો હતો.

ગણેશ ઉત્સવ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડના નિવાસસ્થાને ગયા હતા અને આરતી ઉતારી હોવાના ફોટા તથા વીડિયો વાઇરલ થયા હતા. મોદીએ ૧૧ સપ્ટેમ્બરની સાંજે ચંદ્રચૂડના ઘરે ગણેશ પૂજામાં હાજરી આપી હતી. મોદીએ એક્સ પર તેની તસવીરો શેર કરી હતી. વીડિયોમાં ચીફ જસ્ટિસ અને તેમનો પરિવાર મોદીનું તેમના ઘરે સ્વાગત કરતા જોવા મળ્યા હતા. મોદીએ ચીફ જસ્ટિસ અને તેમના પરિવાર સાથે ભગવાન ગણેશની આરતી કરી હતી. મરાઠી પોશાક અને મરાઠી ટોપી પહેરીને આવેલા મોદી અને ચીફ જસ્ટિસ વચ્ચે તેમના નિવાસસ્થાને થયેલી બેઠકની કૉંગ્રેસ સહિત અનેક વિપક્ષી પાર્ટીઓએ ટીકા કરી હતી. બંધારણીય અને કાનૂની નિષ્ણાતોએ પણ તેની ઝાટકણી કાઢી હતી.

શિવસેના (ઞઇઝ)ના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ ઉદ્ધવ અને શિંદે જૂથ વચ્ચે શિવના પક્ષના નામ-પ્રતીક વિવાદ)ની સુનાવણી કરી રહ્યા છે ત્યારે મોદી સાથેના તેમના મૈત્રીપૂર્ણ સંબંધો જોતાં અમને ન્યાય મળશે કે કેમ તે અંગે શંકા છે. બીજા વિપક્ષોએ પણ આ બેઠક સામે પોતપોતાની રીતે વાંધા લીધા હતા. ૧૭ સપ્ટેમ્બરે પોતાના ૭૫મા જન્મદિવસે ભુવનેશ્વરમાં મોદીએ આ વિવાદ પર પ્રતિક્રિયા આપતાં કહેલું કે, પોતે ભગવાન ગણેશની પૂજા કરવા ગયા તેથી કૉંગ્રેસના લોકો ગુસ્સે થયા હતા. ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવનારા અંગ્રેજોને ગણેશ ઉત્સવ ખટકતો હતો અને કૉંગ્રેસ પણ એ જ કરી રહી છે.

આ મુદ્દે ઘણા બંધારણીય નિષ્ણાતોએ મોદીની ટીકા કરી હતી તો ઘણાંએ મોદીની તરફેણ પણ કરી હતી. ચીફ જસ્ટિસે વિદાય લેતાં પહેલાં આ મુદ્દે સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન કર્યો છે એ સ્પષ્ટ છે પણ કમનસીબે તેમની સ્પષ્ટતા ગળે ઊતરે એવી નથી. સૌથી પહેલી વાત એ કે, ચંદ્રચૂડ મોદીને મળ્યા એ મુદ્દે કોઈને વાંધો નહોતો પણ મોદી ચંદ્રચૂડના ઘરે એકલા ગયા અને ખાનગીમાં મળ્યા તેની સામે વાંધો હતો.

ચીફ જસ્ટિસ કહે છે એ રીતે સરકારના વડાઓને સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના ચીફ જસ્ટિસે મળવું પડે કેમ કે સરકારો ન્યાયતંત્રને ફંડ આપે છે. આ વાત સ્વીકારવામાં વાંધો નથી પણ આ મુલાકાતો સત્તાવાર રીતે ઓફિસોમાં થતી હોય છે ને ન્યાયતંત્ર તથા સરકાર સાથે જોડાયેલા લોકોની હાજરીમાં થતી હોય છે. મોદી અને ચંદ્રચૂડ મળ્યા એ રીતે ખાનગીમાં ને બીજા કોઈની હાજરી વિના વન ટુ વન નથી થતી, કોઈના ઘરે પણ નથી થતી.

લોકશાહીમાં ચૂંટાયેલી પાંખ, વહીવટી તંત્ર અને ન્યાયતંત્ર ત્રણ સ્તંભ છે. આપણે ત્યાં ચૂંટાયેલી પાંખના વડા સરકાર ચલાવે છે તેથી તેમને મોટા માનવામાં આવે છે પણ વાસ્તવમાં ત્રણેયનું પોતપોતાની રીતે મહત્ત્વ છે. ત્રણેયનું કામ એકબીજાના સંકલનમાં કામ કરવાનું છે ખરું પણ એકબીજા પર વોચ રાખવાનું પણ છે. મોદી અને ચંદ્રચૂડ બંને લોકશાહીના બે આધારસ્તંભના વડા છે ત્યારે તેમણે ગૌરવપૂર્ણ રીતે વર્તવું જોઈએ અને તેમની ફરજો અંગે કોઈને પણ શંકા ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ પણ બંને એવું ના કરી શક્યા. કમનસીબે બંને પોતે ભૂલ કરી હોવાનું સ્વીકારવાના બદલે બચાવ કરી રહ્યા છે.

આ વિવાદમાં મોદીએ ચંદ્રચૂડના ઘરે આરતી કરીને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર મૂકીને ચીફ જસ્ટિસ ચંદ્રચૂડની વિશ્વસનિયતા ખતમ કરી નાખી હોવાની ટીકાઓનો મારો ચાલ્યો હતો. આ ટીકાઓ સાવ અસ્થાને નહોતી. ભારતમાં ચૂંટાયેલી પાંખ અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાના વિભાજન માટે રેખા બનાવાઈ છે. બંધારણ દ્વારા સત્તાનું વિભાજન કરાયું એ પ્રમાણે ન્યાયતંત્ર અને સરકાર વચ્ચે અંતર જળવાવું જોઈએ.

ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે મોદીને પોતાના ઘરે ખાનગી બેઠક માટે મળવાની મંજૂરી આપી એ મર્યાદા રેખા ઓળંગી હતી. ન્યાયતંત્રની જવાબદારી મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાની છે, કોઈ પણ સરકાર બંધારણની મર્યાદામાં રહીને કામ કરે છે તેની ખાતરી કરવાની છે. આ કારણે જ બંને વચ્ચે અંતર હોવું જોઈએ પણ ચીફ જસ્ટિસ ને વડા પ્રધાનને ઘર જેવા સંબંધો છે એવું સ્થાપિત કરવા પ્રયત્ન કરાય એ યોગ્ય ના કહેવાય ને મર્યાદાનું ઉલ્લંઘન કહેવાય. રાજકારણીઓને આ બધી વાતોથી ફર્ક નથી પડતો હોતો પણ ચીફ જસ્ટિસ માટે આ મોટી વાત કહેવાય કેમ કે, તેના કારણે ન્યાયતંત્ર વિશેની લોકોની ઈમેજને અસર થાય છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌરહેમંતઋતુ પ્રારંભ), મંગળવાર, તા. ૨૯-૧૦-૨૦૨૪, ધનતેરસ, ધન્વંતરિ જયંતી

- ભારતીય દિનાંક ૭, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર,માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૮-૩૩ સુધી, પછી હસ્ત.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૩ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૦-૦૫, રાત્રે ક. ૨૨-૪૬
- ઓટઃ સાંજે ક. ૧૬-૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૬ (તા. ૩૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - દ્વાદશી. ધનતેરસ, ધન્વંતરિ જયંતી, યમદીપ દાન, ગુરુ દ્વાદશી. ભૌમ પ્રદોષ, બુધ વૃશ્ચિકમાં ક. ૨૦-૩૯. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, રાજ્યાભિષેક, સ્થિર કાર્યો, ધ્રુવદેવતાનું પૂજન, અર્યમા પૂજન, પીપળાનું પૂજન, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, દુકાન-વેપાર, આભૂષણ, નોકરી, દસ્તાવેજ, નવા વસ્રો, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, સૂર્ય-શિવ, મહાલક્ષ્મી પૂજન, ધનતેરસ મહિમાઃ પ્રદોષકાળ વ્યાપિની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધન્વંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર - લક્ષ્મીયંત્ર, સ્વ. હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે. મુહૂર્ત સમય આ પ્રમાણે છેઃ (૧) સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (ચલ), (૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (લાભ), (૩) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૮ (અમૃત), (૪) બપોરે ક. ૧૫-૧૪ થી સાંજે ક. ૧૬-૪૦ (શુભ), (૫) રાત્રે ક. ૧૯-૪૦ થી ક. ૨૧-૧૪ (લાભ), (૬) રાત્રે ક. ૨૨-૪૮ થી મધ્યરાત્રે ક.૦૦-૨૨ (શુભ), (૭) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૨૨ થી ક.૦૧-૫૬ (તા.૩૦) (અમૃત), (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ થી ક. ૦૩-૨૦ (તા.૩૦) (ચલ), ધનતેરસ પર્વના સ્થિર લગ્નોઃ (૧) સવારે ક. ૦૮-૦૨ થી ક. ૧૦-૧૬ (વૃશ્ચિક), (૨) બપોરે ક. ૧૪-૧૨ થી ક. ૧૫-૪૯ (કુંભ), (૩) સાંજે ક. ૧૯-૦૭ થી રાત્રે ક. ૨૧-૦૭ (વૃષભ), (૪) ક. ૦૧-૩૬ થી ક. ૦૩-૪૪ (તા. ૩૦) (સિંહ), (૫) પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૬) સમયે પવિત્ર ગોરજ સમયમાં.
- આચમનઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ મોટી અપેક્ષાઓ રાખનાર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ

ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા/ વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

## ગાઝામાં હૉસ્પિટલ પર છાપો મારી હમાસના ૧૦૦ આતંકવાદીને અટકાયતમાં લીધા હોવાનો ઈઝરાયલનો દાવો

જેરુસલેમઃ ગાઝાસ્થિત હૉસ્પિટલ પર મારેલા છાપામાં હમાસના ૧૦૦ શંકાસ્પદ આતંકવાદીને અટકાયતમાં લેવામાં આવ્યા હોવાનો ઈઝરાયલે દાવો કર્યો હતો.

ઈઝરાયલે શુક્રવારે લાહિયા વિસ્તારમાં કમલ અડવાન હૉસ્પિટલ પર છાપો માર્યો હતો અને ૪૪ પુરુષ કર્મચારીને અટકાયતમાં લીધા હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું.

૨૦૦ દરદીને સારવાર આપી રહેલી આ હૉસ્પિટલ પર મારવામાં આવેલા છાપા દરમિયાન ઘણું નુકસાન થયું હોવાનું પેલેસ્ટાઈની તબીબી અધિકારીએ જણાવ્યું હતું.

હમાસ અને તેના આતંકવાદીઓ લશ્કરી ઉપયોગ માટે હૉસ્પિટલોનો ઉપયોગ કરતા હોવાની શંકાને આધારે લાંબા સમયથી ચાલી રહેલા આ યુદ્ધ દરમિયાન ઈઝરાયલે અનેક હૉસ્પિટલ પર છાપા માર્યા છે.

ઈઝરાયલની સેનાએ પેલેસ્ટાઈનીઓને ઉત્તર ગાઝા વિસ્તાર ખાલી કરી દેવા જણાવ્યું છે.

ઈઝરાયલ છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી આ વિસ્તાર પર મોટાપાયે હુમલા કરી રહ્યું છે. (એજન્સી) ■

## ડૅમોક્રેટ્સ સાથેના ભારતીય-અમેરિકનોના મિત્રતાપૂર્ણ સંબંધમાં ઓટઃ પક્ષ માટે ચેતવણીના સંકેત

નવી દિલ્હીઃ અમેરિકામાં ભારતીય-અમેરિકન સમુદાયના રિપબ્લિક પક્ષ સાથેના સંબંધ સ્થિર છે, જ્યારે ડૅમોક્રેટ પક્ષ સાથેના તેમના મિત્રતાપૂર્ણ સંબંધમાં ઓટ જોવા મળી રહી છે જે ડૅમોક્રેટ્સ માટે ચેતવણીના સંકેત છે.

'૨૦૨૪ ઈન્ડિયન-અમેરિકન ઍટિટ્યૂડ' શીર્ષક હેઠળ હાથ ધરવામાં આવેલા નવા સર્વેક્ષણના તારણો મુજબ ઈન્ડિયન-અમેરિકન સમુદાયના લોકો ડૅમોક્રૅટ્સની પડખે છે, પરંતુ રિપબ્લિકન પક્ષના ઉમેદવાર અને ભૂતપૂર્વ પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ તરફ તેઓ થોડા વધુ વિનયશીલ અને શુદ્ધ મનના હોવાનું જણાઈ રહ્યું છે. ૧૮ સપ્ટેમ્બર અને ૧૫ ઑક્ટોબર દરમિયાન ૭૧૪ ભારતીય-અમેરિકનોને આવરી લઈ ઑનલાઈન હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણ મુજબ ઈન્ડિયન-અમેરિકન સમુદાયના લોકો રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનાલ્ડ ટ્રમ્પ તરફ થોડા વધુ વિનયશીલ હોવાનું જણાઈ રહ્યું છે.

સર્વેક્ષણના તારણો મુજબ નોંધાયેલા કુલ મતદારોમાંથી ૬૧ ટકાએ કમલા હૅરિસની તો ૩૨ ટકાએ ટ્રમ્પની તરફેણમાં મતદાન કરવાની ઈચ્છા દર્શાવી હતી જે વર્ષ ૨૦૨૦ની સરખામણીએ ટ્રમ્પની તરફેણમાં મતદાન કરવાની ઈચ્છા ધરાવનારાંઓની સંખ્યામાં આંશિક વધારો સૂચવે છે.

બીજી તરફ ૬૭ ટકા ભારતીય-અમેરિકન મહિલાઓ અને ૫૩ ટકા પુરુષોએ હૅરિસની તરફેણમાં તો બાવીસ ટકા ભારતીય-અમેરિકન મહિલા અને ૩૯ ટકા પુરુષોએ ટ્રમ્પની તરફેણમાં મતદાન કરવાની ઈચ્છા દર્શાવી છે. ભારતીય મૂળના બાવન લાખ કરતા પણ વધુ લોકો અમેરિકામાં નિવાસ કરે છે જેમાંથી ૩૯ લાખ લોકો ૧૮ કે તેથી વધુ વયજૂથના છે. અમેરિકામાં સ્થળાંતર કરીને આવેલા સમુદાયમાં ભારતીય-અમેરિકનો બીજા ક્રમે છે. (એજન્સી) ■

## સંઘનો સંદેશો ઘેર-ઘેર પહોંચાડોઃ આરએસએસ

મથુરા (ઉત્તર પ્રદેશ) : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ તેના પ્રચારકોને હિન્દુ સમાજમાં સામાજિક એકતા લાવવાનો એજન્ડા જમીની સ્તરે લઈ જવા અને સંઘનો સંદેશો દરેક ઘરે પહોંચાડવાનું કહ્યું છે. આરએસએસના ઓલ ઈન્ડિયા એક્ઝિક્યુટિવ બોર્ડની અહીંના પરખમ ગામના દીનદયાળ ઉપાધ્યાય ગોવિજ્ઞાન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટરમાં યોજાયેલી ઔપચારિક બેઠક બાદ એરિયા અને પ્રોવિન્સ પ્રચારકની બેઠક ભરાઈ હતી.

સંઘના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંઘના વડા મોહન ભાગવતે બેઠકમાં એરિયા અને પ્રોવિન્સ સ્તરના પ્રચારકની બેઠકમાં આગામી વર્ષના લક્ષ્યો આપ્યા હતા.

ભાગવત અને સંઘના મહામંત્રી દત્તાત્રેય હોસંબળેએ સંઘનો એજન્ડા (પંચ પરિવર્તનના માધ્યમથી હિન્દુ સમાજમાં સામાજિક એકતા લાવવાના પ્રયાસો)ને જમીની સ્તરે પહોંચાડવાની જવાબદારી ૧૧ રીજન અને ૪૬ પ્રોવિન્સ પ્રચારક આપી હતી.

ઓલ ઈન્ડિયા કાર્યકારી મંડળની બેઠકમાં જે ચર્ચા થઈ એ પ્રમાણે પ્રચારકોએ પંચ પરિવર્તનનો સંદેશો ઘરે ઘરે પહોંચાડવો જોઈએ. પંચ પરિવર્તનમાં કૌટુંબિક જાગૃતિ, પર્યાવરણીય રક્ષણ, દેશી જીવનશૈલી, સામાજિક એકતા, દરેક ગામ અને નગરમાં સામાજિક એકતા વગેરેનો સમાવેશ થાય છે.

પ્રચારકોએ શતાબ્દી વર્ષ માટે નક્કી કરેલા સંસ્થાકીય લક્ષ્યો પણ પૂરા કરવા પડશે. દરેક સહભાગીએ આ લક્ષ્યોને સાકાર કરવા પદ્ધતિઓ સ્વીકારી હતી. ૧૦૦મા સંસ્થાપક દિવસ ૨૦૨૫ની વિજયાદસમી) સુધીમાં સાકાર કરવાનું જણાવવામાં આવ્યું છે. બેઠક ૨૫ અને ૨૬ ઓક્ટોબરે ભરાઈ હતી.(એજન્સી) ■

## પંજાબમાં પરાળ સળગાવવાના કેસમાં નોંધપાત્ર ઘટાડોઃ આપનો દાવો

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટીએ સોમવારે દાવો કર્યો હતો કે પંજાબમાં તેની સરકાર બન્યા બાદ પરાળી સળગાવવામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

લણણી પછીની મોસમ દરમિયાન, ખાસ કરીને ઓક્ટોબર અને નવેમ્બરમાં પંજાબ અને હરિયાણામાં પરાળી સળગાવવાને લીધે દિલ્હીમાં વાયુ પ્રદૂષણમાં વધારો થયો હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું હોવાથી દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારો આલોચનાનો સામનો કરી રહી છે.

એક પત્રકાર પરિષદને સંબોધતા, આપના ધારાસભ્ય દિલીપ પાંડેએ જણાવ્યું હતું કે, ''પંજાબમાં ભગવંત માન સરકારના અર્થપૂર્ણ પ્રયાસોને કારણે, પંજાબમાં પરાળી સળગાવવાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.''

ઇન્ડિયન એગ્રીકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડેટાને ટાંકીને, પાંડેએ દાવો કર્યો હતો કે પંજાબમાં ૨૦૨૨ના ઑક્ટોબરના આ અઠવાડિયા સુધી લગભગ ૮૦૦૦ સ્ટબલ કેસ હતા, અને આજના નવીનતમ ડેટા મુજબ, કેસ ઘટીને ૧૮૬૬ થયા છે. પાંડેએ જણાવ્યું હતું કે ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે પંજાબની સરકારે આ મુદ્દાને ઉકેલવા માટે સકારાત્મક રીતે કામ કર્યું છે, જ્યારે ભાજપ શાસિત હરિયાણા અને ઉત્તર પ્રદેશ માત્ર દોષારોપણ કરવામાં વ્યસ્ત છે, અને તેમનું યોગદાન 'શૂન્ય.' રાષ્ટ્રીય રાજધાનીની હવાની ગુણવત્તા છેલ્લા ઘણા દિવસોથી 'ખૂબ જ નબળી' શ્રેણીમાં છે, જેમાં શહેરના કેટલાક વિસ્તારોમાં પ્રદૂષણ 'ગંભીર' સ્તર પણ નોંધાયું છે. ■

## નાઈજીરિયામાં મકાન જમીનદોસ્ત થતા સાતનાં મોત

અબુજા : નાઈજીરિયાની રાજધાનીના પરામાં એક મકાન શનિવારે જમીનદોસ્ત થતાં ઓછામાં ઓછા સાત જણ મરણ પામ્યાં હતાં, એવા માહિતી સ્થાનિક અધિકારીએ આપી હતી.

અબુજા સિટી ઈમરજન્સી ડિપાર્ટમેન્ટના પ્રવક્તા નકેચી ઈશાએ કહ્યું હતું કે અમે ખોદકામ કરી નાખ્યું છે. કાટમાળમાં હવે કોઈ ન હોવાથી શોધ અને બચાવ અભિયાન પડતું મુકાયું છે.

નાઈજીરિયામાં મકાનો તૂટવાનું સામાન્ય બનતું જાય છે. છેલ્લાં બે વર્ષમાં એક ડઝનથી વધારે દુર્ઘટના બની છે. સત્તાવાળાઓ આ માટે મકાન સુરક્ષાના નિયમોને અભરાઈ પર મૂકવાને અને કંગાળ જાળવણીને દોષ આપે છે.

તૂટેલું મકાન સબોન-લુગ્બે વિસ્તારમાં હતું. આ મકાન આંશિક રીતે અગાઉ છોડવામાં આવ્યું હતું. આનું માળખું ભંગાર ભેગા કરતાં લોકોએ વધુ નબળું પાડ્યું હતું. (એજન્સી) ■




વિરોધ પ્રદર્શનઃ દિલ્હીમાં સોમવારે યોજાયેલી એમસીડીની હાઉસ મીટિંગ દરમિયાન ભાજપના ધારાસભ્યોએ મેયર શૈલી ઓબેરોય વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું.

## આઈએમએફની લોન બાદ પણ પાકિસ્તાન કફોડી હાલતમાં, હવે ચીન સામે હાથ ફેલાવ્યો

રાવળપિંડીઃ પાકિસ્તાનની આર્થિક હાલત સતત કથળી રહી છે. આર્થિક તંગીનો સામનો કરી રહેલા પાકિસ્તાને હવે ચીન પાસેથી ૧૦ અબજ યુઆન એટલે કે લગભગ ૧,૪ અબજ ડોલરની વધારાની લોન માગી છે. પાકિસ્તાનના નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નાણાં પ્રધાન મુહમ્મદ ઔરંગઝેબ વોશિંગ્ટનમાં આઈએમએફ (ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ) અને વિશ્વ બૅંકની વાર્ષિક બેઠક દરમિયાન ચીનના ઉપ નાણાં પ્રધાન લિયાઓ મીનને મળ્યા હતા અને તેમની સાથે સ્વેપ કરારની મર્યાદા વધારીને ૪૦ અબજ યુઆન કરવા વિનંતી કરી હતી. અહેવાલો અનુસાર જો પાકિસ્તાનની માગને સ્વીકારે છે તો પાકિસ્તાનને આપવામાં આવેલી તેની કુલ વેપાર સુવિધા ૫.૭ અબજ ડોલર સુધી પહોંચી જશે. જોકે, આ પહેલીવાર નથી જ્યારે પાકિસ્તાને લોનની મર્યાદા વધારવાની વિનંતી કરી હોય. પાકિસ્તાન અગાઉ પણ પોતાની લોન વધારવા માટે ચીન સમક્ષ પોતાનો પ્રસ્તાવ રજૂ કરી ચૂક્યું છે, પરંતુ ચીને તેનો સ્વીકાર કર્યો નથી.

અગાઉ પાકિસ્તાનને બેલ આઉટ પેકેજ આપતા પહેલા આઈએમએફએ તેના દેવાદારો પાસેથી લીધેલી લોન માટે સમયમાં મર્યાદા વધારવાની શરત રાખી હતી ત્યારબાદ પાકિસ્તાની ચીન અને સાઉદી અરેબિયાને તેની મજબૂરીનું કારણ આપીને સમય મર્યાદા વધારવા વિનંતી કરી હતી. બાદમાં ચીની સરકારે પાકિસ્તાનની લોનની સમય મર્યાદા વધારી દીધી હતી, જેથી તેને આઈએમએફ પાસેથી બેલ આઉટ પેકેજ મળ્યું હતું.

ચીનના વડા પ્રધાન લી કેકિયાંગે તાજેતરની પાકિસ્તાનની મુલાકાત દરમિયાન બંને દેશોએ કરન્સી સ્વેપ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં પાકિસ્તાનની લોનની ચૂકવણીની મુદત ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી હતી. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ સતત કથળી રહી છે. આઈએમએફ પેકેજ પહેલા પીએમ શાહબાજ શરીફે કહ્યું હતું કે પાકિસ્તાન માટે આ છેલ્લું બેલ આઉટ પેકેટ હશે. જો કે આ માટે માત્ર સરકારને જ નહીં પરંતુ લોકોને પણ ઘણી સમસ્યાઓનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. ■

## આં.પ્ર.ના અમરાવતીમાં રૂ. ૬૩,૦૦૦ કરોડનાં વિકાસ કામો જલ્દી શરૂ થશે

અમરાવતીઃ આંધ્ર પ્રદેશમાં રાજધાની અમરાવતી અને તેની આસપાસ સરકારી અને ખાનગી ક્ષેત્રો દ્વારા ૭.૫ બિલિયન અમેરિકન ડૉલર (રૂ. ૬૩,૦૦૦ કરોડ)ના બાંધકામ અને વિકાસ કાર્યો ટૂંક સમયમાં શરૂ થશે. આ જાણકારી પ્રધાન નારા લોકેશે આપી હતી.

હાલમાં અમેરિકાના પ્રવાસે રહેલા લોકેશે ઉદ્યોગપતિઓને રાજ્યમાં રોકાણ કરવા અપીલ કરી છે, જ્યાં તમામ પાસાઓમાં અનુકૂળ વાતાવરણ છે. લોકેશે રવિવારે રાત્રે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું હતું કે રાજધાની અમરાવતીની આસપાસના વિસ્તારોમાં સરકારી ક્ષેત્રમાં ૩ બિલિયન અમેરિકન ડૉલર અને ખાનગી ક્ષેત્રમાં ૪.૫ બિલિયન સાથે વિવિધ બાંધકામ અને વિકાસ કાર્યો શરૂ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે રાજ્યના માછલીપટ્ટનમ, રામાયપટ્ટનમ, કાકીનાડા અને મૂળપેટ વિસ્તારોમાં નવા ગ્રીન ફીલ્ડ પોર્ટ બની રહ્યા છે.

તેમણે જણાવ્યું કે ભોગાપુરમમાં બનનાર વિશાખાપટ્ટનમ ઇન્ટરનેશનલ એરપોર્ટ ત્યાં મોટા પાયે આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે. એરપોર્ટનું કામ આગામી ૧૮ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. અમરાવતીમાં એઆઇ (કૃત્રિમ બુદ્ધિમત્તા) યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે જે આ ક્ષેત્રમાં કાર્યરત નવી કંપનીઓની જરૂરિયાતોને પૂરી કરશે.

## વક્ફ બોર્ડ અંગે જેપીસીની બેઠકમાંથી ફરી ઉગ્ર દલીલો, વિપક્ષનું ફરી વોકઆઉટ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે વક્ફ સુધારા બિલ રજૂ કર્યું ત્યારથી આ બિલની તરફેણમાં અને વિરોધમાં ઉગ્ર દલીલો થઇ રહી છે. વક્ફ સુધારા બિલને જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી) પાસે મોકલવામાં આવ્યું છે. આજે સંસદ ભવનમાં જેપીસીની બેઠક ચાલી રહી છે. આ બેઠક દરમિયાન વિરોધ પક્ષોના ઘણા સભ્યોએ વોકઆઉટ કર્યું હતું. દિલ્હી વક્ફ બોર્ડના રિપોર્ટ સામે વિરોધ પક્ષના સભ્યોએ વાંધો ઉઠાવ્યો છે.

વોકઆઉટ કરનાર સભ્યોનું કહેવું છે કે દિલ્હીના મુખ્ય પ્રધાન આતિશી આ રિપોર્ટ પર જેપીસી અધ્યક્ષને પત્ર લખી ચૂક્યા છે. આ પત્રમાં તેણે કહ્યું છે કે તે રિપોર્ટ પર ધ્યાન ન આપવું જોઈએ. સૂત્રોના જણાવ્યા અનુસાર, રિપોર્ટમાં વક્ફ મિલકતોને લગતી વિવિધ ગેરરીતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હરિયાણા, દિલ્હી, પંજાબ અને ઉત્તરાખંડમાં વક્ફ બોર્ડ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ જેપીસી સમક્ષ મૌખિક પુરાવા અને સૂચનો રજૂ કરવાના છે.

દિલ્હીના મુખ્ય પ્રધાન આતિશીએ વક્ફ સુધારા અંગેની જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલને પત્ર લખીને આઈએએસ અશ્વિની કુમાર દ્વારા રજૂ કરાયેલા અહેવાલને અમાન્ય ગણાવ્યો હતો. કુમારે જીએનસીટીડીની મંજૂરી વિના કમિટીને આ અહેવાલ સુપરત કર્યો હતો. અગાઉ પણ જેપીસીની બેઠક દરમિયાન વક્ફ બિલ અંગે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ગત બેઠક દરમિયાન ભાજપ અને ટીએમસીના સભ્યો આમને સામને આવી ગયા હતાં, જેમાં ટીએમસીના કલ્યાણ બેનરજી ઘાયલ થયા હતા. માહિતી અનુસાર, ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજીએ ત્યાં રાખેલી કાચની પાણીની બોટલ ઉપાડીને ટેબલ પર ફેંકી દીધી અને પોતાને પહોંચાડી હતી. આ પછી કલ્યાણ બેનરજીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ■

# ભારતમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઇકો સિસ્ટમ નવી ઊંચાઈઓ સર કરી રહી છેઃ નરેન્દ્ર મોદી

## વડા પ્રધાન મોદી અને સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝે વડોદરામાં ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા ખાતે સોમવારે ભારતના વડા પ્રધાન મોદી અને સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પહેલા બંને મહાનુભાવોએ વડોદરામાં રોડ શોમાં ભાગ લીધો હતો. ખુલ્લી જીપમાં બેસીને તેમણે લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. એરક્રાફ્ટ કોમ્પ્લેક્સના ઉદ્‌ઘાટન બાદ બંને દેશના વડા પ્રધાન લક્ષ્મી વિલાસ પહોંચ્યા હતાં. જ્યાં ભારત અને સ્પેન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું છે કે, ભારતમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઇકો સિસ્ટમ નવી ઊંચાઈઓ સર કરી રહી છે. સી-૨૯૫ એર ક્રાફ્ટ ફેક્ટરી નવા ભારતની નવી કાર્ય સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. આ પ્લાન્ટથી બંને દેશો વચ્ચેનાં સંબંધો મજબૂત થવાની સાથે 'મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'નાં અભિયાનને વેગ મળશે.આઇડિયાથી લઈને દેશમાં કોઈ પણ પ્રોજેક્ટનાં અમલીકરણ સુધીની ભારતની ઝડપ અહીં જોઈ શકાશે. વડા પ્રધાન મોદીએ ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સના ઉદ્‌ઘાટન પ્રસંગે રતન ટાટાને પણ યાદ કર્યા હતા.

તેમણે કહ્યું કે જો આજે રતન ટાટા જીવિત હોત તો તેઓ ખૂબ ખુશ હોત. આપણે હાલમાં જ દેશના મહાન સપૂત રતન ટાટાને ગુમાવ્યા છે.પરંતુ તેમનો આત્મા જ્યાં હોય ત્યાં ખૂબ ખુશ થશે. બંને દેશના વડા પ્રધાને ફાઈનલ એસેમ્બલી લાઈન પ્રોસેસ એન્ડ ઇન્ડસ્ટ્રીઅલાઈઝેશનની મુલાકાત લઈ ટાટા એડવાન્સ સિસ્ટમ દ્વારા બનાવવામાં આવેલા પ્રથમ મેક ઈન ઈન્ડિયા એરબસ સી-૨૯૫ એરક્રાફ્ટના વિવિધ સ્કેલ મૉડેલ અને વોલ પોસ્ટર અને ભારતીય વાયુ સેનામાં સામેલ એરક્રાફ્ટનું નિરીક્ષણ પણ કર્યું હતું.

વડા પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, તેઓ આજના કાર્યક્રમને પરિવહન એરક્રાફ્ટના ઉત્પાદનથી પણ આગળ જોઈ રહ્યા છે. છેલ્લા એક દાયકામાં ભારતનાં ઉડ્ડયન ક્ષેત્રમાં અભૂતપૂર્વ વૃદ્ધિ અને પરિવર્તન થયું છે. દેશનાં સેંકડો નાનાં શહેરોને હવાઈ જોડાણ પ્રદાન કરી રહ્યું છે, ત્યારે તેની સાથે-સાથે ભારતને ઉડ્ડયન અને એમઆરઓ ક્ષેત્રનું કેન્દ્ર બનાવવા માટે પણ કામ કરી રહ્યું છે. આ ઇકોસિસ્ટમ ભવિષ્યમાં મેડ ઇન ઇન્ડિયા નાગરિક વિમાનો માટે માર્ગ પણ મોકળો કરશે.

વિવિધ ભારતીય એરલાઇન્સે ૧૨૦૦ નવા એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો હોવાનો ઉલ્લેખ કરતા મોદીએ જણાવ્યું કે, આ પ્રોજેક્ટ ભવિષ્યમાં ભારત અને દુનિયાની જરૂરિયાતો પૂર્ણ કરવા નાગરિક વિમાનોની ડિઝાઇનિંગથી માંડીને તેનું ઉત્પાદન કરવા સુધી મુખ્ય ભૂમિકા ભજવશે.

સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે જણાવ્યું કે સી ૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદનનો પ્રોજેક્ટ ઇન્ડસ્ટ્રીયલ એક્સેલન્સનું પ્રતીક છે. આ પ્રોજેક્ટથી ભારત - સ્પેનની દોસ્તી વધુ મજબૂત બની છે. આ ઔદ્યોગિક સહયોગથી ઇજનેરો અને ટેક્નિશિયનોની તાલીમ અને ઘડતરના દ્વાર ખૂલ્યા છે. સ્પેનમાં ભારતીય અને ભારતમાં સ્પેનિશ કંપનીઓ વધી રહી છે.તેનાથી રોજગારી સર્જન અને સંશોધનને વેગ મળ્યો છે. આ પ્રોજેક્ટ એમએસએમઇના વિકાસને વેગ આપશે.અમારા દેશમાં ૯૯ ટકા કંપનીઓ એમએસએમઇ છે અને દેશના વિકાસમાં તેમનું ખૂબ યોગદાન છે.આ પ્રોજેક્ટ ભારતના એરો સ્પેસ ઉદ્યોગની પ્રગતિનું પ્રતીક છે અને વિકાસના નવા દ્વાર ખુલશે. ■

# સૌરાષ્ટ્રમાં ૪૮૦૦ કરોડના ૧૬૦૦ પ્રકલ્પોનું વડા પ્રધાનના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદી અને સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝે સોમવારે વડોદરામાં ટાટા એરબસ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યાર બાદ વડા પ્રધાન મોદીએ અમરેલી પહોંચી દૂધાળામાં નિર્માણ પામેલા ભારત માતા સરોવર સહિત સૌરાષ્ટ્રના ૯ જિલ્લાઓમાં ૪૮૦૦ કરોડના ૧૬૦૦ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલ સહિત રાજ્યના કેબિનેટ પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

વડા પ્રધાન મોદીએ જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે, દિવાળીનો સમય મંગળકાર્યો માટેનો સમય છે. અમરેલીમાં એક તરફ સંસ્કૃતિ અને બીજી તરફ વિકાસનો ઉત્સવ છે. આજ ભારતની તાસીર છે. પાણી, રોડ અને રેલવેના અનેક પ્રોજેક્ટના શિલાન્યાસ અને લોકાર્પણ થયાં આ બધાજ પ્રોજેક્ટ સૌરાષ્ટ્ર અને કચ્છના જીવનને સરળ બનાવનારા પ્રોજેક્ટ છે. વડા પ્રધાને ભોજા ભગત, યોગીજી મહારાજ, દુલા ભાયા કાગ, કલાપી, રમેશ પારેખ, જાદુગર કે.લાલ, પૂર્વ મુખ્યમંત્રી જીવરાજ મહેતાને યાદ કર્યા હતા.

વડા પ્રધાને ઉમેર્યું હતું કે, નદીઓ અને નાના તળાવો બનાવવાની આપણી કલ્પના હતી. જેથી આપણે નર્મદાથી ૨૦ નદીઓ જોડી હતી જેથી માઈલો સુધી પાણીને સાચવી શકાય. પાણી જમીનમાં ઉતરે એટલે અમી આવ્યા વગર રહે જ નહીં. પાણીનું શું મહત્ત્વ છે તે ગુજરાત કે સૌરાષ્ટ્રના લોકોને સમજાવવું ન પડે.

એક સમય હતો કે નર્મદાની પરિક્રમા જઈએ ત્યારે કહે કે પૂણ્ય મળે. યુગ બદલાયો માતા નર્મદા ખુદ પરિક્રમા કરીને ગામડે ગામડે પહોંચીને પાણી વહેંચી રહી છે. મેં સૌની યોજના લોંચ કરી ત્યારે કોઈ માનવા તૈયાર ન હતું કે આવું કંઈ થઈ શકે. સૌની યોજનાએ કચ્છ સૌરાષ્ટ્રને નવું જીવન આપ્યું છે. ■

# મોદી અને પેડ્રો સાંચેઝ ગાડીમાંથી નીચે ઊતરી દિવ્યાંગ દીકરી દિયાને મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા ખાતે ભારત અને સ્પેનના વડા પ્રધાનનો ભવ્ય રોડ શો યોજાયો હતો. રોડ શોના રૂટ પર બંને મહાનુભાવોને આવકારવા લોકોની ભીડ ઊમટી પડી હતી. ખુલ્લી જીપમાં બેસીને બંને દેશના વડા પ્રધાને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ દરમિયાન બંને નેતાઓ અચાનક રોડ શો અટકાવીને ગાડીમાંથી નીચે ઊતર્યા હતાં અને દિવ્યાંગ દીકરી દિયાને મળ્યા હતાં. દીયાએ તેમને સ્કેચ ભેટમાં આપ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરાની એમ.એસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી દિવ્યાંગ વિદ્યાર્થિની દિયા ગોસાઈ વડા પ્રધાનના રોડ શો દરમિયાન પરિવારજનો સાથે પોતે તૈયાર કરેલા સ્કેચ લઈને રૂટ પર પહોંચી હતી. આ દરમિયાન બંને દેશના મહાનુભાવોનો કાફલો ત્યાંથી પસાર થતો હતો ત્યારે બંને વડા પ્રધાનની નજર દિયા પર પડી હતી. તેમણે કાફલો રોકીને જીપમાંથી નીચે ઊતરીને દિયા સાથે મુલાકાત કરી હતી. દિયાએ તેમને સ્કેચ ભેટમાં આપ્યાં હતાં. આ સ્કેચને તેમણે સ્વીકારીને દિયાને શુભકામનાઓ પાઠવી હતી.

દિયાએ ત્યાર બાદ મીડિયા કર્મીઓને કહ્યું હતું કે, બંને વડા પ્રધાન મારી પાસે આવ્યા હતાં અને હાથ મિલાવ્યો હતો. તેમણે મારું નામ પુછ્યું હતું. વડા પ્રધાન મોદીએ સ્પેનના પીએમ સાથે મારી ઓળખ કરાવી હતી. હું અહીં આવી ત્યારે મારા મનમાં એવું હતું કે તેઓ મને જોશે તો કદાચ મારી પાસે આવશે. તેઓ મને મળ્યા એનો મને ખૂબ આનંદ છે. બંને વડા પ્રધાને મને આશીર્વાદ આપ્યા હતાં. તેમના સ્કેચ બનાવતા મને ચારેક દિવસનો સમય લાગ્યો હતો. ■

# શિક્ષણ બોર્ડનું ધોરણ ૯થી ૧૨નું વિષય માળખું જાહેરઃ સાયન્સમાં ત્રણ ગ્રૂપના વિષયની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૯થી ૧૨નું વિષય માળખું જાહેર કરાયું હતું, જેમાં પ્રવાસ મુજબ કયા જૂથમાં કેટલા વિષયો રાખી શકાશે તેનું માળખું તૈયાર કરી જિલ્લાઓ મારફતે સ્કૂલોને મોકલી આપવામાં આવ્યું છે. ધોરણ ૧૨માં ૭ અને ધોરણ ૯ માટે ૧૦ તેમ જ સાયન્સ માટે ૫ વિષય નક્કી કરવામાં આવ્યાં છે. સાયન્સમાં એ, બી અને એબી ગ્રૂપના વિષય પણ જાહેર કર્યા હતા. ધોરણ ૯માં ભાષાના ૪ વિષય અને ધોરણ ૧૦માં ભાષાના ૩ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બોર્ડે જાહેર કરેલા માળખા મુજબ, ધોરણ-૯ માટેના વિષય માળખામાં ૧૦ વિષયો ફરજિયાત કરવામાં આવ્યા છે જેમાં જૂથ-૧માં પ્રથમ ભાષા વિષય રહેશે જે માધ્યમની શાળા હોય તે ભાષા પ્રથમ ભાષા તરીકે પસંદ કરવાની રહેશે. ત્યારબાદ જૂથ-૨માં ત્રણ ભાષાઓ પસંદ કરવાની રહેશે, જેમાં ગુજરાતી દ્વિતીય ભાષા, અંગ્રેજી દ્વિતીય ભાષા, હિન્દી તથા સંસ્કૃત, ઉર્દૂ, ફારસી, અરબી, સિંધી વિષયમાંથી પસંદ કરવાની રહેશે, જ્યારે જૂથ-૩માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વિષય ફરજિયાત પસંદ કરવાના રહેશે.

આમ, ધોરણ- ૯માં ચાર ભાષા અને જૂથ-૩ના વિષયો મળી કુલ ૭ વિષય થાય છે. આ ઉપરાંત જૂથ-૪માં કાર્યશિક્ષણના વિષયો પસંદ કરવાના રહેશે, જેમાં સામાન્ય શાળા માટે ચાર ગ્રૂપમાંથી ૩ વિષયો પસંદ કરવાના રહેશે, જેમાં કમ્પ્યુટર, યોગ, કલાશિક્ષણ સહિતના વિષયોમાંથી પસંદગી કરવાની રહેશે. આ જ રીતે વાણિજ્ય શાળાઓએ પણ ત્રણ વિષય પસંદ કરવાના રહેશે. ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં જૂથ-૧માં અંગ્રેજી વિષય પસંદ કરવાનો રહેશે. જ્યારે જૂથ-૨માં એક ભાષાનો વિષય પસંદ કરવાનો રહેશે. જૂથ-૩માં જુદા જુદા વિષયો પૈકી ૨ વિષયો પસંદ કરવાના રહેશે.

જેમાં વાણિજય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, નામાના મૂળતત્ત્વો, સહકાર પંચાયત સહિતના વિષયોનો સમાવેશ થાય છે, જ્યારે જૂથ-૪માં ૩ વિષય પસંદ કરવાના રહેશે, જેમાં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, તત્ત્વજ્ઞાન સહિતના વિષયોનો સમાવેશ થાય છે. આમ, સામાન્ય પ્રવાહમાં કુલ ૭ વિષય પસંદ કરવાના રહેશે. જ્યારે સાયન્સમાં જૂથ-૧માં અંગ્રેજી ભાષા, જૂથ-૨માં ભાષાનો એક વિષય પસંદ કરવાનો રહેશે. જૂથ-૩માં ગ્રૂપ-એ અને ગ્રૂપ-બી માટે ૩ વિષય તથા ગ્રૂપ-એબી માટે ચાર વિષય પસંદ કરવાના રહેશે. આમ, સાયન્સમાં વિદ્યાર્થીઓએ પાંચ વિષય પસંદ કરવાના રહેશે. ■

# સુરતથી બે દિવસમાં ૨૪૦ બસ રવાનાઃ ૧૩ હજાર લોકો વતન પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવારોની ઉજવણી કરવા હજારો લોકો સુરતથી વતન તરફ રવાના થઈ રહ્યા છે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિતના ગુજરાતના અલગ-અલગ શહેરો અને ગામડાઓમાંથી આવેલા અને રોજગારી અર્થે સુરતમાં વસવાટ કરતા લોકોની સુવિધા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ-સુરત વિભાગ દ્વારા ૨૨૦૦થી વધુ બસ મૂકવામાં આવી છે.

સુરતથી ૨૬થી ૩૦ ઑક્ટોબર દરમિયાન એક્સ્ટ્રા ૨,૨૦૦ જેટલી એસ.ટી. બસો મૂકવામાં આવી છે. આખી બસનું ગ્રૂપ બુકિંગ કરાવનારને એસ.ટી. 'આપના દ્વારે' યોજના હેઠળ તેમની સોસાયટીથી વતન સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. વેકેશન પડતા જ બે દિવસમાં ૨૪૦ બસ ઉપાડવામાં આવી છે, આ બસ થકી ૧૩,૦૦૦ જેટલા લોકો પોતાના વતન પહોંચ્યા હતા. આ મુસાફરોના કારણે સુરત એસટી વિભાગની રૂપિયા ૪૫ લાખની આવક થઈ છે.

હીરા ઉદ્યોગમાં મંદી હોવાના કારણે આ વખતે ખાનગી લક્ઝરીના ભાડા રત્નકલાકાર પરિવારોને પોસાય તેવા ન હોવાથી એસટીમાં જવાવાળાની ભીડ વધારે જોવા મળી હતી. ૪૦૦થી વધારે બસોનું બુકિંગ ઓનલાઇન થયું હતું અને બાકીના સ્થળ પર એક બસના પેસેન્જર થઈ જાય એટલે બસને ઉપાડવામાં આવે છે. ■

# અમદાવાદની નારોલ ફેક્ટરીમાં બે લોકોના મોત મામલે માલિક સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારોલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી દેવી સિન્થેટિક પ્રાઈવેટ લિમિટેડ નામની ફેક્ટરીમાં કેમિકલ રિયેક્શનની ગંભીર દુર્ઘટનામાં બે લોકોનાં મોત થયાં હતા. જ્યારે ચાર કામદારની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે. આ મામલે મોડીરાત્રે નારોલ પોલીસે દેવી સિન્થેટિક પ્રાઇવેટ લિમિટેડના માલિક વિનોદ અગ્રવાલ અને ફેક્ટરીના સુપરવાઈઝર મંગલસિંહ રાજપુરોહિત સામે ગુનો દાખલ નોંધાયો હતો. આ સાથે જ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી)એ પણ પર્યાવરણને નુકસાન બદલ રૂપિયા ૨૫ લાખનો દંડ ફટકારી ફેક્ટરી બંધ કરવા નોટિસ હતી.

ફેક્ટરીના માલિક વિનોદ અગ્રવાલ અને સુપરવાઈઝર મંગલસિંહ રાજપુરોહિતે ફેક્ટરીમાં કામ કરતા કામદારોની સુરક્ષાની કોઈ પરવા ન કરતા આ જાનહાની સર્જાઈ હતી. જો કોઇ કર્મચારી સેફ્ટીનાં સાધનો માગે તો તેમને કહેતા કે નોકરી કરવી હોય તો કરો સેફ્ટીના સાધનો નહીં મળે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે ફેક્ટરીમાં તપાસ કરી હતી, જેમાં ફેક્ટરીમાં ઍસિડના કારણે કેમિકલ રિયેક્શનને લઈને બ્લીચિંગ વિભાગમાં દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું હતું. ઍસિડ ફેલાયું તેના કારણે કેમિકલ રિયેક્શન થયું અને તેમાંથી વરાળ ઉત્પન્ન થતા ત્યાં કામ કરતા ૧૦ મજૂરને ગૂંગળામણની અસર થઈ હતી. શ્વાસ લેવામાં તકલીફ થતા તેઓ બેભાન થઈ ગયા હતા. ફેક્ટરીમાં પાણી અને વીજળી કનેક્શન પણ કાપી નાખવા માટે સંબંધિત વિભાગને જાણ કરવામાં આવી હતી. ■

### વડા પ્રધાન મોદીના પ્રવાસને પગલે

# નર્મદાનો એકતાનગર વિસ્તાર નો ફ્લાય ઝોન જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આગામી તારીખ ૩૧ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૪ની ઉજવણીનો રાષ્ટ્રીય કક્ષાનો સમારંભ યોજાવાનો છે. જેમાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ઉપસ્થિત રહેશે. વડા પ્રધાન ઝેડ પ્લસ એસપીજી સ્કેલ સુરક્ષા ધરાવે છે. વડા પ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખી સ્ટેચ્યૂ ઑફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ડેવલપમેન્ટ ઓથોરિટી, એકતાનગરના સમગ્ર વિસ્તારને નો ફ્લાય ઝોન વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવી હતી.

આ દરખાસ્તને પગલે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સી.કે.ઉંધાડે તેમને મળેલી સત્તાની રુએ ગરુડેશ્વર તાલુકામાં આવેલ સ્ટેચ્યૂ ઑફ યુનિટી એરિયા, ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ડેવલપમેન્ટ ઑથોરિટી, એક્તનગરના સમગ્ર વિસ્તારને નો ફ્લાય ઝોન જાહેર કર્યો હતો. આ જાહેરનામાની અમલવારી તારીખ ૩૧/૧૦/૨૦૨૪ સુધી કરવાનો રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે. અપવાદરૂપ પોલીસ અને સુરક્ષા બળોના સંસાધનો તથા અત્રેથી આપવામાં આવનાર પરવાનગી સંસાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે. ■

# ગુજરાતમાં બબ્બે ઋતુથી છુટકારો નહીં મળેઃ આગામી સાત દિવસ વાતાવરણ સૂકું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ માટે તાપમાન યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. એટલે કે નવેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં પણ ગુજરાતીઓને અત્યંત ગરમીનો અનુભવ થશે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ લઘુતમ અને મહત્તમ તાપમાન યથાવત્ રહેતા ગુજરાતીઓને દિવાળી દરમિયાન ગરમીનો અનુભવ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ઑક્ટોબર મહિનો સામાન્ય કરતાં વધુ ગરમ રહ્યો છે એટલે કે લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે ત્યારે હજુ પણ આગામી સાત દિવસ સુધી લોકોને ગરમીથી કોઈ રાહત નહીં મળે તેવી આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટરના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ગુજરાત રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. લઘુતમ અને મહત્તમ તાપમાન યથાવત્ રહેતા ગુજરાતવાસીઓને અત્યંત ગરમીનો અહેસાસ થશે, કારણ કે, હાલમાં ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે, જેને કારણે રણપ્રદેશની ગરમી ગુજરાત સુધી આવી રહી છે, તેને કારણે તાપમાન વધુ નોંધાઈ રહ્યું છે.

તદુપરાંત આકાશમાં પણ કોઈ છુટાછવાયા વાદળો પણ નથી, જેને કારણે સૂર્યના સીધા કિરણો જમીન ઉપર પડવાથી વધુ ગરમીનો અનુભવ થાય છે, જેથી આગામી સાત દિવસ ગરમી યથાવત્ રહેશે.

અમદાવાદવાસીઓએ ઑક્ટોબર મહિનાના કેટલાક દિવસોને બાદ કરતા મોટેભાગે અત્યંત ગરમીનો અનુભવ કરી રહ્યા છે ત્યારે હજુ પણ હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ આ પ્રકારની જ ગરમીનો અનુભવ કરવો પડશે એટલે કે નવેમ્બર મહિનાના પહેલા સપ્તાહમાં પણ શિયાળાની શરૂઆતના એંધાણો જણાઈ રહ્યા નથી. ■

# દિવાળીના તહેવારોમાં હવાઇ મુસાફરી થઇ મોંઘીઃ વિમાન ભાડામાં તોતિંગ વધારો

(અમારા પ્રતિનિધિઓ તરફથી)

અમદાવાદઃ દિવાળીના વેકેશનમાં લોકો ગુજરાત બહાર ફરવા જવાનું વધારે પસંદ કરે છે. ત્યારે તહેવારોના દિવસોમાં ડોમેસ્ટિક ફ્લાઈટોના એરફેરમાં વધારો નોંધાયો છે.

અમદાવાદથી પટણા, બાગડોગરા, ભુવનેશ્વર અને કોચી જેવા શહેરોમાં જવા માટે ડોમેસ્ટિક એરલાઈન્સ દ્વારા ત્રણ ગણા ભાડાં વસૂલવામાં આવી રહ્યાં છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે તહેવારોના દિવસોમાં અમદાવાદથી પટણા, બાગડોગરા, ભુવનેશ્વર અને કોચી જેવા શહેરોમાં જવા માટે મુસાફરોએ ચૂકવવું પડી રહ્યું છે.

જેમાં એરલાઈન્સ કંપનીઓ દ્વારા મુસાફરો પાસેથી વન વે એરફેરના ૨૦થી ૨૨ હજાર રૂપિયા વસૂલવામાં આવી રહ્યાં છે. બીજી તરફ અમદાવાદથી દિલ્હીનું એરફેર સામાન્ય દિવસો કરતાં પાંચ ગણું વધારીને ૨૧ હજાર કરતાં વધુ વસૂલવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત અમદાવાદથી દુબઈ જવા માટેનું વનવે એરફેર ૧૩૩૪૦ રૂપિયા છે.

દિવાળીના તહેવારો દરમિયાન દુબઈનું ૯ થી ૧૩, મલેશિયાનું ૧૦થી ૧૮ અને સિંગાપોરનું ૯ થી ૨૨ હજાર વન-વે ફેર છે. જ્યારે દિલ્હીથી અમદાવાદનું વન-વે એરફેર આ જ અરસામાં રૂપિયા ૨૫૦૦થી રૂપિયા ૪૧૦૦ની આસપાસ છે.

આ સિવાય અમદાવાદથી ચેન્નાઈ માટે રૂપિયા ૧૯૩૯૮, કોલકાતા માટે રૂપિયા ૧૭૩૧૮ જ્યારે ચંડીગઢ-ગોવા માટે રૂપિયા ૧૩ હજારથી વધુ એરફેર છે.

એરલાઇન કંપનીઓ પર ડીજીસીએનું કોઈ નિયંત્રણ ન હોવાથી મનફાવે તેમ ભાડા વસૂલ કરી રહી છે. ■

# અમદાવાદના ત્રણ રેલવે સ્ટેશન પર છ નવે. સુધી પ્લેટફોર્મ ટિકિટનું વિતરણ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવારો દરમિયાન વતનમાં તહેવારની ઉજવણી કરવા માટે ઉત્તર પ્રદેશ તેમજ બિહાર સહિતના રાજ્યોના લોકો તેમના વતન જવા માટે ટ્રેન તેમની પહેલી પસંદ હોય છે, આર્થિક રીતે પરવડે તે માટે પરપ્રાંતીયો ટ્રેનમાં અવર-જવર વધારે કરે છે, જેના કારણે ટ્રેનમાં ખૂબ મોટી ભીડ થતી હોય છે. આ દરમિયાન અમદાવાદના કાલુપુર, સાબરમતી અને અસારવા રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટ બંધ કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો, ૨૯ ઓક્ટોબર મંગળવારથી ૬ નવેમ્બર સુધી ટિકિટ બંધ રહેશે. જે મુસાફરોને ટ્રેનમાં મુસાફરી કરવાની હોય તે જ પ્રવાસી પ્લેટફોર્મ ઉપર જઈ શકશે. પ્રવાસીઓને મુકવા આવતા લોકોને પ્લેટફોર્મ ઉપર ના આવે અને ભીડ નિયંત્રણ થાય તેના માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંગે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું કે, દિવાળીના તહેવાર દરમિયાન ટ્રેનમાં લોકોની અવર-જવર વધારે થતી હોવાથી અમદાવાદ, સાબરમતી અને અસારવા સ્ટેશનથી પ્લેટફોર્મ ટિકિટનું વિતરણ બંધ કરી દેવામાં આવ્યું છે. ૬ નવેમ્બર ૨૦૨૪ સુધી પ્લેટફોર્મ ટિકિટ નહીં મળે. રેલવેમાં મુસાફરી માટે જે લોકો પ્રવાસીઓને મૂકવા માટે તેમજ લેવા માટે આવતા હોય છે, ત્યારે હવેથી ભીડને નિયંત્રિત કરવા માટે પ્લેટફોર્મ ટિકિટ બંધ કરવામાં આવી છે. ■

# રાજયના ૨૮ શહેર-જિલ્લા કૉંગ્રેસ ઓબીસી મોરચાના ચેરમેનોની નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટ દ્વારા ઓલ ઇન્ડિયા કૉંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેન કેપ્ટન અજય યાદવ પાસે ગુજરાત પ્રદેશના વિવિધ જિલ્લા અને શહેર કૉંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેનોની નિમણૂંક કરવા માટેની દરખાસ્ત આવી હતી.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ તથા કાર્યકારી ચેરમેન અને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશભાઇ રાજપુતે કરી હતી તે દરખાસ્ત ઓલ ઇન્ડિયા ચેરમેનની મંજૂરી સાથે મોકલાવી હતી. આના અનુસંધાને કેન્દ્રિય મોવડી મંડળની લીલીઝંડી મળતાં તમામને નિમણૂક પત્ર સોંપવામાં આવ્યા હતા. આગામી સમયમાં તેઓ પોતાનો હોદ્દો સંભાળશે અને પાર્ટીની કામગીરી હાથ ધરશે. રાજકોટ જામનગર સહિત શહેર જિલ્લા કૉંગ્રેસ ઓબીસી મોરચાના ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

દિલુભાઈ હનુભાઈ ગોહેલ, અમદાવાદ ગ્રામ્ય,રણજીતસિંહ કરશનભાઈ બારડ, અમદાવાદ સિટી, જીતુભાઈ વાઘેલા, ભાવનગર, કાંતિભાઈ બાવચંદભાઈ ગોહિલ, ભાવનગર સિટી,મશરીભાઈ રાણાભાઈ કરમુર, દેવભૂમિ દ્વારકા,હીરાભાઈ જેશાભાઈ ઝાલા,ગીર સોમનાથ, હિતેશ પ્રેમજીભાઈ જોષી,જામનગર,રામજીભાઈ ડાંગર, જામનગર સીટી, ઋતુરાજ અનિલભાઈ અગ્રાવત (રામાનંદી સાધુ), જૂનાગઢ, પંકજભાઈ બી. ભરડા (કોળી), જૂનાગઢ સીટી, લતીફ રમજુ ખલીફા, કચ્છ રાજકોટ શહેરમા હાર્દિક સિંહ પરમાર અને જિલ્લામાં લાખાભાઈ ડાંગરની નિયુક્તિ કરવામાં આવી હતી. આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં જીતુભાઈ વાઘેલા, ભાવનગર શહેરમાં કાંતિભાઈ ગોહિલ ગીર સોમનાથમાં હીરાભાઈ ઝાલાની વરણી કરવામાં આવી હતી. ■

# પાવાગઢમાં માતાજીના શૃંગારનાં આભૂષણો ચોરવાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં રવિવારે મોડી રાત્રે તસ્કરોએ માતાજીના શૃંગાર માટે રાખવામાં આવતા દાગીનાનો સ્ટ્રોંગ રૂમ તોડવાનો પ્રયાસ કરાયો હોવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં જ મંદિરના મુખ્ય ટ્રસ્ટી અને પોલીસ અધિકારીઓ મંદિર ખાતે દોડી ગયા હતાં. પોલીસે મંદિરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાની મદદથી સ્ટ્રોંગ રૂમ તોડવાનો પ્રયાસ કરનારા તસ્કરો સામે સઘન તપાસ આરંભી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ તરીકે જાણીતા પાવાગઢ મંદિરનું પરિસર સીસીટીવી કેમેરાથી સજ્જ છે અને કડક સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં રવિવારે મોડી રાત્રે માતાજીના શૃંગાર માટે રાખવામાં આવતા દાગીનાનો સ્ટ્રોંગ રૂમ તોડવાનો પ્રયાસ કરતા શ્રદ્ધાળુઓ રોષે ભરાયા હતાં. આટલી સુરક્ષા હોવા છતાં પણ આ પ્રકારની ઘટના બનતાં પોલીસ અને ટ્રસ્ટ સામે પણ સવાલો ઊભા થયાં હતાં.

પંચમહાલ જિલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકીએ પત્રકારોને કહ્યું હતું કે, રવિવારે રાત્રે દોઢેક વાગ્યાની આસપાસ મંદિર પરિસરમાં એક અજાણ્યા વ્યક્તિ દ્વારા માતાજીના શૃંગાર માટે રાખવામાં આવતા દાગીનાનો સ્ટ્રોંગ રૂમ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ મંદિરમાં કોઈપણ પ્રકારની ચોરી થઈ નથી અને પોલીસે સ્થળ પર નિરીક્ષણ કરીને તપાસ કરી હતી. જેમાં સીસીટીવીમાં જોવા મળેલા વ્યક્તિની ઓળખ માટે પ્રયાસો હાથ ધરાયા છે. પોલીસે ચોરીના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ફટાકડા રાતના ૧૦ વાગ્યા સુધી ફોડી લેવા

## ઓછું વાયુ પ્રદૂષણ અને ઓછું ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ફટાકડા ફોડવાની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિવાળીના તહેવાર દરમિયાન વાતાવરણમાં પ્રદૂષણનું તથા ધ્વનિ પ્રદૂષણમાં વધારો થાય નહીં તે માટે ફટાકડાનો ઉપયોગ મર્યાદિત કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે અને સાથે જ મુંબઈગરાના રાતના ૧૦ વાગ્યા સુધીમાં ફટાકડા ફોડી લેવાની સલાહ પણ આપી છે. એ સાથે જ દિવાળીના તહેવારમાં આગની ઘટનામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને મુંબઈ ફાયરબ્રિગેડે ખાસ કરીને ઝૂંપડપટ્ટી અને ચાલમાં જનજાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ દરમિયાન ગેરકાયદે રીતે લાઈસન્સ વગર ફટાકડાનું વેચાણ કનારા ૬૩ વિક્રેતા સામે પાલિકાએ કાર્યવાહી કરી હતી.

દિવાળી દરમિયાન ફટાકડાનો ઉપયોગ, દિવાનો પ્રકાશ અને ઈલેક્ટ્રિક લાઈટિંગનો વપરાશ વધુ હોય છે અને લોકો દિવાળીની ઊજવણીમાં અજાણતા જ આગ જેવી દુર્ઘટનાને આમંત્રણ આપતા હોય છે, તેને કારણે તહેવારમાં જ આગની દુર્ઘટનાનું પ્રમાણ વધી જતું હોય છે. ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ સામાન્ય રીતે દિવસના સરેરાશ ૩૦થી ૪૦ આગની ઘટનાઓ નોંધાતી હોય છે, જેનું પ્રમાણ દિવાળીમાં વધી જતું હોય છે. તેથી ફાયરબ્રિગેડના અધિકારીઓ દ્વારા આગની દુર્ઘટનાને ટાળવા માટે સંબંધિત વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી અને ચાલ જનજાગૃતિ અભિયાન ચલાવતા હોય છે. દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવાનું પ્રમાણ પણ વધુ હોય છે. ફટાકડાને કારણે વાયુ પ્રદૂષણની સાથે ધ્વનિ પ્રદૂષણ પણ થતું હોય છે. તેથી ધ્વનિ અને વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે પાલિકાએ વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકી છે. એ સાથે જ નાગરિકોને પણ ૧૦ વાગ્યા પહેલા ફટાકડા ફોડી લેવાની અપીલ કરી છે. ફટાકડાને કારણે હવા પ્રદૂષિત થતી હોય છે અને તેને કારણે નાનાં બાળકો, ગર્ભવતી મહિલા, વૃદ્ધ વ્યક્તિ, તે જ અસ્થમાના નાગરિકોને ત્રાસ થતો હોય છે. સાથે જ પર્યાવરણને પણ ત્રાસ થતો હોય છે. તેથી આ બાબતોને ધ્યાનમાં રાખીને ઓછું પ્રદૂષણ અને ઓછો અવાજ કરનારા ફટાકડાની પસંદગી કરવાની સલાહ પણ પાલિકાએ નાગરિકોને આપી છે.

# વિધાનસભાની ચૂંટણીમાં શરદ પવારની ‘યંગ બ્રિગેડ’, યુવા ચહેરાઓની સંખ્યા વધુ

મુંબઈ : શરદ ચંદ્ર પવાર પાર્ટીના વડા શરદ પવારનો યુવા કાર્યકરોમાં ભારે ક્રેઝ છે. શરદ પવાર ઘણા યુવાનોના ગળામાં એક તાવીજ છે. તેથી, જ્યારે ઘણા દિગ્ગજ નેતાઓ અને મંત્રીઓ શરદ પવારની પાર્ટી છોડી રહ્યા હતા ત્યારે યુવા કાર્યકરોએ શરદ પવારને ટેકો આપ્યો હતો. રસપ્રદ વાત એ છે કે શરદ પવાર જૂથના ઘણા યુવા ચહેરાઓ પણ કટોકટી દરમિયાન શરદ પવાર સાથે રહ્યા હતા.

તેથી શરદ પવારે પણ આ વર્ષની ચૂંટણીમાં યુવાનોને મોટી તક આપી છે. આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારની ‘યંગ બ્રિગેડ’ મેદાનમાં ઉતરી છે. શરદ પવાર જૂથના ઉમેદવારોની યાદીમાં યુવા ચહેરાઓની સંખ્યા વધુ છે. શરદ પવાર ૧૯૭૮માં ૩૮ વર્ષની ઉંમરે મુખ્ય પ્રધાન બન્યા, તેમને મહારાષ્ટ્રના સૌથી યુવા મુખ્ય પ્રધાન બનાવ્યા. પાર્ટીના વિભાજન બાદ આ વર્ષની ચૂંટણી પાર્ટી માટે મહત્ત્વની છે, પરંતુ પાર્ટીએ નવા નેતૃત્વને તક આપી છે.

પક્ષના યુવા ઉમેદવારો

તાસગાંવના ઉમેદવાર રોહિત પાટીલ - ૨૫ વર્ષ

મોહોળ ઉમેદવાર સિદ્ધિ કદમ - ૨૬ વર્ષ

કારંજા ઉમેદવાર જ્ઞાયક પટણી - ૨૬ વર્ષ

અકોલે ઉમેદવાર અમિત ભાંગરે - ૨૭ વર્ષ

અણુશક્તિનગરના ઉમેદવાર ફહાદ અહેમદ - ૩૨ વર્ષ

બારામતીના ઉમેદવાર યુગેન્દ્ર પવાર - ૩૩ વર્ષ

આષ્ટીના ઉમેદવાર મહેબૂબ શેખ - ૩૮ વર્ષ

કર્જત જામખેડના ઉમેદવાર રોહિત પવાર - ૩૯ વર્ષ

શરદ પવારની પાર્ટી હાલમાં વિધાનસભા ચૂંટણી માટે મજબૂત મોરચો બનાવી રહી છે. વિવિધ પક્ષોના દિગ્ગજ નેતાઓ શરદ પવારની પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. શરદ પવારે તેમની પાર્ટીમાંથી આમાંથી ઘણા નેતાઓને ઉમેદવાર બનાવવાની જાહેરાત કરી છે. રસપ્રદ વાત એ છે કે શરદ પવારે ભાજપમાંથી શરદ પવાર જૂથમાં આવેલા સમરજિત ઘાટગે અને હર્ષવર્ધન પાટીલ જેવા દિગ્ગજ નેતાઓને પણ ઉમેદવારી આપી છે. જો આ નેતાઓ ચૂંટાશે તો મહાગઠબંધનને મોટો ફટકો પડશે.

લોકસભા ચૂંટણીમાં શરદ પવારની પાર્ટીએ રાજ્યમાં ૧૦ બેઠક પર ચૂંટણી લડી હતી. તેમાંથી ૮ બેઠક પર શરદ પવાર જૂથના ઉમેદવારો જીત્યા હતા. સાતારા બેઠક પર માત્ર થોડા મતોની સરસાઈથી હાર થઈ હતી.

# પેન્ટમાં પી-પી કરી એમાં ટાબરિયાનો જીવ લઈ લીધો માતાના પ્રેમીએ

મુંબઈ: રમતાં રમતાં પેન્ટમાં પી-પી કરી દેનારા ચાર વર્ષના બાળકની તેની માતાના પ્રેમીએ મારપીટ કરતાં તેનું મૃત્યુ થયું હોવાની ઘટના કુર્લા વિસ્તારમાં બની હતી. માતાએ આ પ્રકરણે નેહરુનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી પ્રેમીની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

નેહરુનગર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રિતેશકુમાર અજય ચંદ્રવંશી (૧૯) તરીકે થઇ હોઇ કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદી મહિલાના લગ્ન ૨૦૧૬માં થયાં હતાં અને લગ્ન બાદ તેણે બે સંતાનને જન્મ આપ્યો હતો. ૨૦૨૩માં મહિલા ફરવા માટે પટના ગઇ હતી ત્યારે તેની ઓળખ રિતેશ ચંદ્રવંશી સાથે થઇ હતી. બંને જણ એકબીજા સાથે ફોન પર વાતચીત કરવા લાગ્યાં હતાં અને બાદમાં તેમની વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો.

દરમિયાન મહિલાનો તેના પતિ સાથે વિવાદ થતાં તે સંતાનો સાથે રિતેશના ઘરે રહેવા જતી રહી હતી. તેઓ જુલાઇ, ૨૦૨૪માં મુંબઈ આવ્યા હતા અને કુર્લા પૂર્વમાં ચાલમાં ભાડાના ઘરમાં રહેવા લાગ્યા હતા. શનિવારે મહિલા બપોરે કામેથી ઘરે આવતાં તેનો ચાર વર્ષનો પુત્ર સૂઇ રહ્યો હતો. પુત્રને જગાડતાં તે રડવા લાગ્યો હતો.

આથી મહિલાએ પૂછપરછ કરતાં પુત્રએ જણાવ્યું હતું કે બપોરે રમતી વખતે પેન્ટમાં તેનાથી પી-પી થઇ ગઇ હતી. આથી તે ઘરે આવ્યો ત્યારે રિતેશ સૂતો હતો. તેણે પેન્ટમાં પી-પી થઇ હોવાનું જણાવતાં રિતેશે તેની મારપીટ કરી હતી. મહિલાએ રિતેશને આ વિશે પૂછતાં તે કાંઇ પણ કહ્યા વિના બહાર નીકળી ગયો હતો.

દરમિયાન પુત્રને રાતે પેટમાં દુખાવો થવા સાથે ઊલટી થતાં તેને ડોક્ટર પાસે લઇ જવાયો હતો. ડોક્ટરો તપાસીને તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવાનું કહ્યું હતું. તેને સાયન હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને સારવાર દરમિયાન રવિવારે તેનું મૃત્યુ થયું હતું.

# કેલવે રોડ સ્ટેશને એન્જિન ફેલ થવાને કારણે પશ્ચિમ રેલવેની ટ્રેનસેવા ખોરવાઈ

મુંબઇ: લોકલ ટ્રેનોની સેવા મુંબઇની લાઇફલાઇન ગણાય છે. જોકે, રોજેરોજ કોઇને કોઇ બહાને લોકલ ટ્રેનોના ધાંધિયા એ કંઇ નવી વાત રહી નથી. એમાં આજે મુંબઇના પશ્ચિમ રેલવે વિભાગની રેલ સેવા ખોરવાઇ જતા કામધંધે, નોકરીએ જતા લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. પશ્ચિમ રેલવેના કેલવે રોડ સ્ટેશન પર એન્જિન ફેલ થયું હતું, જેને કારણે ઘણી લોકલ અને એક્સપ્રેસ ટ્રેનોનો ટ્રાફિક ખોરવાઈ ગયો છે અને મુસાફરોને ભારે પરેશાની થઇ રહી છે. દિવાળીના દિવસોમાં ખરીદી કરવા નીકળેલા લોકોને પણ હાલાકી વેઠવી પડી રહી છે.

કેલવે રોડ સ્ટેશન પર એન્જિન ફેલ થયું હોવાને કારણે પશ્ચિમ રેલવે માર્ગ પર લોકલ સેવા ખોરવાઈ ગઈ છે. જેના કારણે મુંબઈ તરફ આવતી લાંબા અંતરની ટ્રેનો મોડી દોડી રહી છે. પાલઘરથી વિરાર અને પાલઘરથી ચર્ચગેટ સુધીની લોકલ ટ્રેનો વિલંબથી અને ધીમી ગતિએ ચાલી રહી છે.

ઉત્તર પ્રદેશ અને બિહારથી લાખો લોકો કામધંધાની શોધમાં બીજા રાજ્યમાં અને શહેરોમાં જઇને વસતા હોય છે. દિવાળી અને છઠ પૂજાના તહેવાર નિમિત્તે તેઓ પોતાને ઘરે પાછા જતા હોય છે. એટલા માટે જ દિવાળીના સમયગાળામાં રેલવે દ્વારા મુંબઈથી ઉત્તર પ્રદેશની ઘણી ટ્રેનો દોડાવવામાં આવે છે.

પોતાને ઘેર જવા માગતા લોકોની વિશાળ સંખ્યાને જોઇને રેલવે પ્રશાસન દ્વારા વિશેષ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે. એવામાં દિવાળીના પ્રથમ દિવસે જ કેલવે સ્ટેશન પર તક્નિકી ખામીને કારણે ઘણી એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી છે અથવા તો તે વિલંબથી દોડાવવામાં આવી રહી છે. લાંબા અંતરની ટ્રેનો મોડી દોડતી હોવાથી લોકોને ભારે પરેશાની થઇ રહી છે

# દિવાળીની સફાઈમાં મુંબઈની મહિલાએ ચાર લાખના દાગીના ગુમાવ્યા

મુંબઈ: દિવાળીના તહેવારના દિવસોમાં લોકો ઝડપથી હોમ મેકઓવર કરવા માટે સફાઈ સેવાઓ બુક કરવા માટે ઓનલાઈન એપ્સ તરફ વળી રહ્યા છે. ઓનલાઇન એપ્સ તમને સગવડ સુવિધાનું વચન આપે છે. આંગળીને ટેરવે બસ તમારે તેમની સર્વિસ બુક કરવાની હોય છે અને તમારા ઘરની સફાઇ થઇ જાય છે. પણ તાજેતરના કેસોએ આવી ઓનલાઇન એપ્સની સેવાઓ બુક કરવાના સંભવિત જોખમોને પ્રકાશિત કર્યા છે. ઘરની સફાઇના બહાને સફાઇ કામ કરવા આવેલા એટેન્ડટો તમારા ઘરની કિંમતી ચીજોની પણ ચોરી કરી જાય છે. આવો જ એક કિસ્સો હાલમા જાણવા મળ્યો છે.

દહિસર પૂર્વના ઉચ્ચ-મધ્યમ-વર્ગીય વિસ્તાર ગણાતા જેએસ રોડ પર આવેલી ઋષિકેશ સોસાયટીમાં રહેતી ૫૫ વર્ષીય લીના મ્હાત્રેએ ૨૧ ઓક્ટોબરે ગજ્ઞ ઇજ્ઞિસયર્ફ એપ દ્વારા દિવાળીની સફાઈ સેવા બુક કરી હતી. બીજા દિવસે, સવારે ૯ વાગ્યે, બે વ્યક્તિઓ સફાઈ કામ માટે તેના ઘરે પહોંચી હતી. સફાઇ કામ દરમિયાન તેઓ કથિત રીતે અંદાજે રૂ.૪ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરીને ચાલ્યા ગયા હતા. તેઓના ગયા બાદ લીના મ્હાત્રેને ચોરીની જાણ થઇ હતી અને તેમણે તરત જ પોલીસને ઘટનાની જાણ કરી અને ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ કેસમાં અરબાઝ ખાન નામના વ્યક્તિની ધરપકડ કરી છે અને અન્ય બે શકમંદોની અટકાયત કરી છે. પોલીસ તેમની પૂછપરછ કરી રહી છે અને ચોરીના દાગીના રિકવર કરવાના પ્રયાસો ચાલુ છે. પોલીસ તપાસ કરી રહી છે કે શું એપ ના બ્રોકરે કર્મચારીઓની ભરતી કરતા પહેલા બેકગ્રાઉન્ડ વેરિફિકેશન કર્યું હતું. આ ઘટનાએ બહારના લોકોને ઘરમાં પ્રવેશ આપવાના જોખમો પર સવાલો ઊભા કર્યા છે.

આ ઘટના એ ચેતવણી છે કે ઓનલાઈન પ્લેટફોર્મ પરથી સેવાઓનું બુકિંગ કરતી વખતે સાવધાની રાખવી જોઇએ અને ઘરની મુલાકાત લેતા બહારના લોકો પર નજર રાખવી જોઇએ.

# નવી મુંબઈના અનાથાશ્રમમાં સગીરા પર બળાત્કારઃ ચાર સામે ગુનો

થાણે: નવી મુંબઈના અનાથાશ્રમમાં ૧૩ વર્ષની સગીરા પર બળાત્કાર ગુજારવાના આરોપસર ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે ખાંદેશ્વર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આરોપીઓમાં અનાથાશ્રમના કર્મચારી અને મહિલા કેરટેકરનો સમાવેશ હોઇ જુલાઇ અને સપ્ટેમ્બર દરમિયાન બનેલી આ ઘટના વિશે કોઇને જાણ કરી નહોતી.

એફઆઇઆર અનુસાર એક આરોપી જુલાઇમાં બારી વાટે છોકરીઓ માટેના આવાસમાં ઘૂસ્યો હતો અને તેણે સગીરા પર બળાત્કાર ગુજાર્યો હતો, જ્યારે બીજા આરોપીએ ગયા મહિને સગીર સાથે દુષ્કર્મ આચર્યું હતું. તો એક જણે સગીરને અયોગ્ય સ્પર્શ કર્યો હતો.

બીજી તરફ મહિલા કેરટેકરને ઘટનાની જાણ હોવા છતાં તેણે પોલીસને માહિતગાર કરી નહોતી. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરાઇ નથી. (પીટીઆઇ)

# આ તહેવારોની સિઝનમાં યુક્તિઓ છોડી દો- અંતરા સાથે વાજબી કિંમત પસંદ કરો

તહેવારો અને લગ્નની સિઝન જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ડિસ્કાઉન્ટ અને આકર્ષક ડીલ્સની લાલચને અવગણવી મુશ્કેલ છે. દરેક સ્ટોર પાસે તેની પોતાની આકર્ષક ઓફર હોય તેવું લાગે છે, જે મોટી બચત અને ‘‘મર્યાદિત સમયના’’ સોદાના વચનો સાથે ખરીદદારોને આકર્ષવા માટે રચાયેલ છે, પરંતુ આ લોભાવનારી ઑફર્સ દ્વારા છેતરાશો નહિ. મોટે ભાગે, ઉદાર ડિસ્કાઉન્ટ તરીકે જે દેખાતું હોય તે કાળજીપૂર્વક તમને એવું લાગે કે તમે બચત કરી રહ્યા છો, જ્યારે વાસ્તવમાં, મૂળ કિંમતો વધી શકે છે અથવા નિયમો અને શરતો છુપાયેલા શુલ્કથી ભરેલી હોય છે. મોટા ડિસ્કાઉન્ટ ચિહ્ન અથવા ‘‘50% છૂટ’’ ટેગ તરફ દોરવાનું સરળ છે, પરંતુ જ્યાં સુધી વાસ્તવિક મૂલ્યને સમજો નહીં, ત્યાં સુધી તે જાણવું મુશ્કેલ છે કે તમને ખરેખર ફાયદો થઈ રહ્યો છે કે નહીં. ઘણી વખત, તમે ‘‘ડિસ્કાઉન્ટેડ’’ સોદામાં જે ચૂકવો છો તે વાજબી, નિશ્ચિત કિંમતની ઓફર કરતાં પણ વધુ હોઈ શકે છે. નિશ્ચિત કિંમતો પર ધ્યાન કેન્દ્રિત કરતી બ્રાન્ડ પારદર્શક મૂલ્યમાં માને છે. અંતરા ખાતે, ઉદાહરણ તરીકે અમારી કિંમતો તમને માનસિક શાંતિ આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, એ જાણીને કે તમે મેળવો છો તે મૂલ્ય તમે ચૂકવેલ કિંમત સાથે મેળ ખાય છે. જો તમે અસ્થાયી ઓફર્સના આધારે વધુ કે ઓછી ચૂકવણી કરી રહ્યા છો તો તમારે પ્રશ્ન કરવાની જરૂર રહેશે નહીં. તેના બદલે, તમે વિશ્વાસ કરી શકો છો કે તમે તમારી ખરીદી માટે વાસ્તવિક મૂલ્ય મેળવી રહ્યા છો. ફિક્સ્ડ-પ્રાઈસ સ્ટોર્સ પસંદ કરીને, તમે માત્ર ગુણવત્તામાં જ રોકાણ કરી રહ્યા નથી પણ તમે જે ખરીદી રહ્યા છો તે ખરેખર દરેક પૈસાની કિંમતની છે તેની ખાતરી પણ મેળવી રહ્યા છો. આ સિઝનમાં, તમારી જાતને ડિસ્કાઉન્ટના આકર્ષણમાં ખોવાઈ ન જવા દો- એવા સ્થાનો પસંદ કરો જે પ્રામાણિકતા અને કિંમતમાં સુંસગતતાને પ્રાધાન્ય આપે છે.

અંતરા ખાતે અને પારદર્શિતા અને વિશ્વાસમાં વિશ્વાસ કરીએ છીએ, તેથી જ અમે અમારી નિશ્ચિત કિંમતો પર અડગ છીએ. ૧૮ વર્ષથી, અમારી બ્રાંડ ગુણવત્તા અને અખંડિતતાનું પ્રતીક છે, જેની ૪૦ વર્ષથી વધુ વિસ્તરેલી વારસા દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. અમારા વફાદાર ગ્રાહકો જાણે કે તે અંતરા સાથે, તમે જે જુઓ છો તે તમને મળે છે- કોઈ છૂપા ખર્ચ નથી, કોઈ છેતરામણી યોજનાઓ નથી. ગ્રાહકો અંતરા પર ભરોસો કરે છે તેના ઘણાં કારણો પૈકી એક જૂના સોના માટે ૧૦૦% વિનિમય મૂલ્ય પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતા છે. આ સિઝનમાં, અમને અમારા નવા બ્રાઈડલ કલેકશન, પ્રાઈડ ઑફ ધ બ્રાઇડને લૉન્ચ કરવામાં ગર્વ છે, જે દરેક દુલ્હનના ખાસ દિવસને ખરેખર અવિસ્મરણીય બનાવવા માટે રચાયેલ છે.■

નવમા પાનાનું ચાલુ

### ઘાટકોપર પૂર્વમાં

ઉતારવામાં આવ્યા છે. કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રદેશ અધ્યક્ષ રણજીત દેશમુખના પુત્ર આશિષ દેશમુખને નાગપુર જિલ્લાના સાવનેરથી ટિકિટ આપવામાં આવી છે. મુંબઈની વર્સોવા બેઠક પરથી વર્તમાન વિધાનસભ્ય ભારતી લવ્હેકરને રિપીટ કરવામાં આવ્યા છે. ભાજપની ત્રીજી યાદીમાં લવ્હેકર અને અર્ચના પાટીલ-ચાકુરકર સહિત ચાર મહિલાઓનો સમાવેશ થાય છે. અન્ય બેમાં સ્નેહા દુબે છે, જેઓ પાલઘર જિલ્લાની વસઈ બેઠક પરથી અને સાઈ પ્રકાશ દહાકે વાશિમના કરંજાથી મેદાનમાં છે.

### ગોપાલ શેટ્ટીનો

નામો વિચારણા માટે હતાં. પાર્ટી દ્વારા ઉમેદવારીની જાહેરાત કરવામાં આવ્યા બાદ શેટ્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને તેમણે પાર્ટીના નિર્ણયના વિરોધમાં ધરણાં કર્યા હતા. ગોપાલ શેટ્ટીના કેટલાક ટેકેદારોએ જણાવ્યું હતું કે તેમણે શિવસેના (યુબીટી) અથવા તો અપક્ષ ચૂંટણી લડવી જોઈએ. જોકે, ગોપાલ શેટ્ટીએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પાર્ટી છોડશે નહીં. તેમણે કહ્યું હતું કે પહેલાં ૨૦૧૪માં વિનોદ તાવડેને વિધાનસભાની ઉમેદવારી આપવામાં આવી, પછી ૨૦૧૯માં સુનીલ રાણેને ઉમેદવારી આપવામાં આવી, ત્યારપછી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પીયૂષ ગોયલને ઉમેદવારી આપવામાં આવી. મેં તેમના માટે કામ કર્યું હતું, પરંતુ બોરીવલી ધર્મશાળા નથી, એમ તેમણે ભારપૂર્વક કહ્યું હતું.

# ભાજપે ચાર સાથી પક્ષોને આપી ટિકિટ, આઠવલેને ફાળે એક બેઠક

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને લઈ મહાયુતિમાં સામેલ મુખ્ય પાર્ટી સિવાય નાના નાના પક્ષોને પણ સીટ આપીને ખુશ કરવાની રણનીતિ અપનાવવામાં આવી રહી છે. મહાયુતિમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ પણ આ જ નીતિ અખત્યાર કરીને પોતાના સાથી પક્ષો માટે ચાર બેઠક માટે ઉમેદવાર જાહેર કર્યા છે. સહયોગી પાર્ટી પૈકી આરપીઆઈ (એ)ને બેઠક આપવામાં આવી છે, જેમાં કાલીનાની વિધાનસભાની સીટ ભાજપ અને ધારાવી વિધાનસભાની સીટ શિવસેનાના ક્વોટામાંથી આપવામાં આવી છે. કેન્દ્રીય પ્રધાન અને આરપીઆઈના પ્રમુખ રામદાસ આઠવલે નિરંતર પોતાની પાર્ટી માટે સીટની માગણી કરી રહ્યા હતા. આઠવલેએ પાંચ-છ સીટની માગણી કરી હતી, ભાજપવતીથી એક અને શિંદેજૂથ વતીથી એક-એક સીટ આપવાની જાહેરાત કરી છે.

**ભાજપની કઈ સાથી પાર્ટીને ક્યાંની સીટ મળી**

| | |
|---|---|
| કાલિના | રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે) |
| બડનેરા | યુવા સ્વાભિમાન પાર્ટી |
| ગંગાખેડ | રાષ્ટ્રીય સમાજ પક્ષ |
| શાહુવાડી | જન સુરાજ્ય શક્તિ પક્ષ |

## પારસી મરણ

તેહમી હોમી ભગત તે મરહુમ હોમીના ધન્યાની. તે મરહુમો નાજામાય કાવસજી જોકીના દીકરી. તે ફરીદા, આરદાવીરાફ ને જેસમીનના માતાજી. તે ખુશરુ, આબાન, ધનજીના સાસુજી. તે રોશન તથા મરહુમો હીરાજી, પેસી, નોશીર, રુસી, બખતાવર, હીલ્લા, સાવકના બહેન. તે રયોમંદ ને ફરઝાદના બપઈ. (ઉં. વ. ૮૩) રે.ઠે. ૧૪-૧૦ પંથકી બાગ, એમ.વી. રોડ, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ ૨૯-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગ્યારીમાં છે જી.

રોહીનતન નવલ પટેલ તે મરહુમો હોમાય નવલ પટેલના દીકરા. તે દારાના ભાઇ. (ઉં. વ. ૭૧) રે. ઠે. સર રતન તાતા કોલોની, બિલ્ડિંગ, નં-૩, રૂમ નં.૨૦, ત્રીજે માળે, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૩૪.

રહોદાબે જિન માણેકજી, તે મરહૂમ જિનના પતિ. તે મરહૂમ પિલૂ અને મરહૂમ ફરહાદના પુત્ર. તે જોઆન્ના અને જેનિફરના પિતા. તે મિક્કો અને પત્રિકના ગ્રાન્ડફાધર, તે મરહૂમ મેન્ડી અને કેકોદના જમાઈ. (ઉં.વ. ૭૩) ર.ઠેઃ ફ્લેટ નં. ૯, પાંચમા માળે, સ્પેરેન્ટો, માઉન્ટ પ્લેસન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૬.

લીલી બરજોર મેધોરા, તે મરહૂમ બરજોરના પત્ની. તે મરહૂમ રોશન અને મરહૂમ બહેરામના પુત્રી. તે મેહર અને બેહરોઝના માતા. તે સત્યેન અને હોશાન્ગના સાસુ. તે કૈનાવઝ અને શાહનાઝના ગ્રાન્ડમધર. તે મરહૂમ પરવેઝના બહેન. તે જિમ્મી અને સરોશના આન્ટી. તે મરહૂમ ખોરશેદ અને મરહૂમ બહેરામશોના વહુ. (ઉં.વ.૮૯) ર.ઠેઃ સંતોષ બિલ્ડિંગ, પહેલા માળે, ડીએસ.પી. રોડ, દાદર (પૂર્વ). મુંબઈ-૪૦૦૦૧૪.

## હિન્દુ મરણ

રાજુલાવાળા જીતેન્દ્ર વલ્લભદાસ જીવનલાલ સંઘવી (ઉં. વ. ૭૪) તા. ૨૮-૧૦-૨૪ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે મનીષાબેન (મીનાબેન)ના પતિ. સ્નેહા-ફિલિપ, સમર્થ-પૂજાના પિતા. વીર, તનિરાના મોટા પાપા. ધીરુભાઇ, હસુભાઇ, ભાનુબેન, ધનુબેન, હેમલતાબેન, મૃદુલાબેન, અરુણાબેનના ભાઇ. પિયર પક્ષે મહુવાવાળા સ્વ. લલિતાબેન પરષોતમદાસ જાદવજી દોશીના જમાઇ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કંડોળિયા બ્રાહ્મણ**

જાફરાબાદવાળા હાલ મુંબઈ ચિ. કિશોર (ઉં. વ. ૭૨) તેઓ સ્વ. જયકૃષ્ણ કેશવજી ભટ્ટ તથા વાસંતીકાબેનના દીકરા. ગં.સ્વ. ભારતીબેન કૈલાસકુમાર ઠાકર, ચિ. પ્રવીણ, સ્વ. જયશ્રીબેનના ભાઈ. મોસાળ પક્ષે ભીખુભાઈ હરિશંકર અધ્યારૂના ભાણેજ નાસીકવાળા ૨૫-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક ક્રિયા સાદડી પ્રથા બંધ રાખવામાં આવેલ છે. રે.ઠે. કાળુ ભુવન-૪/૫૯ લેડી જમશેદજી રોડ, માટુંગા રોડ (વેસ્ટ).

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

અ. સૌ. હિના કાપડીયા (ઉં. વ. ૬૭) મુકામ થાણે તે કિશોર કાપડીયાના ધર્મપત્ની. તે સ્વ. હિરાલક્ષ્મી જગન્નાથ કાપડીયાના પુત્રવધૂ. તે ડિમ્પલ તથા લક્ષીકાના માતુશ્રી. સ્વ. અનસુયા લાલજી ભટ્ટના સુપુત્રી. અ. સૌ. સીમા સનત કાપડીયાના જેઠાણી. તે કૈલાશ તથા મયુર અને ગં. સ્વ. જયશ્રી સુરેન્દ્ર ત્રિવેદીના ભાભી. તા. ૨૪-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ અગતરાય હાલ નાલાસોપારા નવીનચંદ્ર દેવરાજભાઈ જોગી (ઉં. વ. ૮૧) ૨૭/૧૦/૨૦૨૪ શ્રીજીચરણ પામેલ છે તે સ્વ.ઇન્દુબેનના પતિ. પ્રવીણ, સ્વ.પ્રંસુખભાઇના ભાઈ. સ્વ. સંજય, નીતિનના પિતાશ્રી. રઘુનાથ માર્થકના ભાણેજ. લોકીક પ્રથા બંધ છે.

**કપોળ**

નાગેશ્રીવાળા સ્વ. લીલાવતી મથુરદાસ ત્રિભોવનદાસ ગોરડીયાના પુત્રવધૂ તથા સ્વ. જયેન્દ્રભાઈ ગોરડીયાના ધર્મપત્ની. ગં.સ્વ હંસાબેન ગોરડીયા (ઉં. વ. ૭૨) ૨૫/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ.જશવંતીબેન (કળાબેન) જયંતીલાલ ગોવિંદજી મહેતાના દીકરી. મયુર પારૂલ, હિતેશ કરિશ્મા, ચિરાગ શીતલના માતુશ્રી. સ્વ.ગંગાદાસ, કિશનભાઇ, સ્વ. ધીરજલાલ, સ્વ. સાવિત્રીબેન, સ્વ. રમાબેન સ્વ. મંજુબેન, સ્વ. શશીબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા સ્વ. બાબુભાઈ પ્રાગજીભાઈ પારેખના પૌત્ર. ગં. સ્વ. રંજનબેન પ્રવિણચંદ્ર પારેખના પુત્ર વિક્રમ (ઉં. વ. ૫૦) તે પૂજાના પતિ. હર્ષના પિતાશ્રી. મનીષભાઈ, પરેશભાઈ તથા મીનાબેન દેવાંગભાઈ વોરાના ભાઈ. લીલીયા વાળા હરિલાલ નાથાલાલ મહેતાના ભાણેજ તા. ૨૫/૧૦/૨૪ના વડોદરા મુકામે શ્રીજીચરણ પામેલ છે, લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓસવાલ જૈન**

કપાયા (કચ્છ)ના સાકરબેન પોપટલાલ દેઢિયા (ઉં. વ. ૧૦૬) હાલે મુંબઈ ૨૭-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાણજીવન, જવેરીના માતુશ્રી. પ્રભાબેન, આશાબેનના સાસુ. રતાડીયા ગં. લધી શીવજી વેરશી સાવલાના પુત્રી. લાખાપર સાકરબેન કુંવરજી, ભાવનગર જયાબેન દેવેન્દ્રના વેવાણ. મીના, કલ્પના, મુકેશ, જયશ્રી, ડિમ્પલ, કુનાલના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી સ્થા. જૈન**

લીંબડી નિવાસી (ચુડા) હાલ ઘાટકોપર સ્વ. કમળાબેન ચુનીલાલ ઝવેરચંદ શાહના સુપુત્ર પ્રવીણભાઇના ધર્મપત્ની અ. સૌ. કુસુમબેન (ઉં.વ.૮૬) તા. ૨૭-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પરેશભાઇ, અ. સૌ. જયોતિબેન, સ્વ. ચેતનના માતુશ્રી. અ. સૌ. રાજેશ્રી-ગં. સ્વ. જિજ્ઞા-દર્શનભાઇના સાસુ. પીયર પક્ષે સુદામડાવાળા (કારંજાવાળા) અમુલખ છગનલાલ ખંધારના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના રાખેલ નથી.

**ઝાલાવાડી વીશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

લીંબડી નિવાસી હાલ ભાયંદર સ્વ. વિજયાબેન શીવલાલ શાહના પુત્ર સ્વ. જયસુખભાઇના પત્ની સુમિત્રાબેન (ઉં. વ. ૭૬) તે ભાવેશ, જીજ્ઞેશ, રાખી શાહના માતા. તુષારકુમાર તથા ફાલ્ગુનીના સાસુ. સ્વ. દિલીપભાઇ, સ્વ. ચંદુભાઇ, સ્વ. જશવંતભાઇ, હસુમખભાઇ, મહેન્દ્રભાઇ તથા લતાબેન પ્રદીપકુમાર દોશી, પૂ. શ્રી. ધ્યાન રસાશ્રીજી મ.સા. ના સંસારી પક્ષે ભાભી. પિયર પક્ષે અમદાવાદ નિવાસી મણીલાલ વાડીલાલ શાહની દીકરી. સ્વ. ચમનભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. નવીનભાઇ, સ્વ. રાજેન્દ્રભાઇ, અરવિંદભાઇ, સ્વ. કંચનબેન તથા રંજનબેનના બેન. તીર્થ, અર્થ, તિથી, સંયમના દાદી-નાની. તા. ૨૬-૧૦-૨૪ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૩૦૨, પાલિતાણા-દર્શન ૬૦’ રોડ, દેવચંદનગર ભાયંદર (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે.મૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ-ભાયંદર ગં.સ્વ. કમળાબેન ચિમનલાલ જગજીવનદાસ ગાંધીના સુપુત્ર ચિ. જયેશ (ઉં.વ.૭૧) તે તા. ૨૭-૧૦-૨૪, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. મીનાબેન રમેશકુમાર શાહના ભાઈ. નીરવ અને નિમિતના પિતાશ્રી. માનસી અને અક્ષદાના સસરા. પર્વ, નિષ્ઠા અને દિવ્યાના દાદા. લખતર નિવાસી પ્રેમચંદ જગજીવનદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠેઃ બી/૩૦૭, ચિરાગનગર નં. ૨, જે.એચ. પોદ્દાર સ્કૂલની પાસે, શિવસેના ગલી, ભાયંદર (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘાના પંકજ ચિમનલાલ કુંવરજી રાંભિયા (ઉં. વ. ૬૨) તા. ૨૭-૧૦-૨૪ના અવસાન પામેલ છે. ગુણવંતી ચિમનલાલના સુપુત્ર. કુસુમના પતિ. મયુર, દર્શિનીના પિતા. કિરણ, રહીમ, ઈલાના ભાઈ. ડુમરા વિજયા પ્રેમજી શાહનંદના જમાઈ. પ્રા. કચ્છી ભવન, રામકોટ, હૈદ્રાબાદ. ટા.૧૦.૦૦ થી ૧૦.૩૦.

બિદડાના રાજેશ કેશવજી મારૂ (ઉં. વ. ૪૨) તા. ૨૬-૧૦-૨૪ના અવસાન પામેલ છે. રંજનબેન કેશવજી મારૂના પુત્ર. સ્વ. ભાવિનીના પતિ. સ્વ. જયશ્રી (ટીના)ના ભાઇ. નાગલપુરના ગં.સ્વ. ભાવનાબેન જેઠાલાલ રામજી કક્કાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ મારૂ, મંગલમૂર્તિ, ગોરાઇ રોડ, બોરીવલી (વે), મું-૯૨.

ગુંદાલાના ભવાનજી વેરશી શાહ (રાંભિયા) (ઉં. વ. ૮૫) તા. ૨૬-૧૦-૨૦૨૪ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન વેરશી દેવજીના પુત્ર. દિવ્યા (ચંચળ)ના પતિ. મનીષા, બીનાના પિતા. સિદ્ધાન્ત, માનવના નાના. નાનાલાલ, ઝવેર, કાંતિલાલના ભાઈ. કપાયાના વેલબાઈ જેઠા નપુ ગોગરીના જમાઈ. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, દાદર (ઇસ્ટ), સમયઃ ૩.૩૦ થી ૫.

કપાયાના સાકરબેન પોપટલાલ દેઢિયા (ઉં. વ. ૧૦૬) તા. ૨૭-૧૦-૨૪ના અવસાન પામેલ છે. ખીમઈબાઈ પ્રેમજી ખેતશીના પુત્રવધુ. પોપટલાલના પત્ની. રતાડીયા ગ. લધીબાઈ શીવજી વેરશી સાવલાના પુત્રી. પ્રાણજીવન, જવેરીના માતા. રતાડીયા ગ.નાનજી, મેઘજી, લક્ષ્મીબેન કપાયા નાનબાઈ નાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જવેરીલાલ દેઢિયા, ૮૦૨, સી, દેઢિયા હાઉસ, ખારેઘાટ રોડ, દાદર (ઈ).

નાગલપુરના મણીબેન રવજી દેઢિયા, (ઉં. વ. ૯૦) તા.૨૭-૧૦-૨૪ના અવસાન પામેલ છે. વેલબાઈ વેરશી કેશવજીના પુત્રવધૂ. રવજીના ધર્મપત્ની. મોહન, હસમુખ, રસીલાના માતા. ડોણ દેવકામા દેવજી પુંજાના સુપુત્રી. રામજી, કલ્યાણજી, સુંદરજી, લક્ષ્મીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : હસમુખ દેઢિયા, ૨/૨૩૦, બી.એમ.સી. કોલોની, માલવણી ગેટ નં-૨, માર્વે રોડ, મલાડ (વે.).

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ માંડવી મુલુંડ નિવાસી સ્વ. ગુણસેન પટવા (ઉં. વ. ૭૬) રવિવાર, તા.૨૭-૧૦-૨૦૨૪ના મુલુંડ અરિહંતશરણ થયેલ છે. તે ચંચળબેન ભવાનજી પટવાના પુત્ર. સંધ્યાબેનના પતિ. મનીષ અને નેહાના પિતાજી. ભાવેશભાઈના સસરા. સ્વ. વાડીલાલભાઈ, સ્વ. પ્રભુભાઈ, સ્વ. ચંદુલાલભાઈ, સ્વ.દિનેશભાઈ, સ્વ. લક્ષ્મીકાંતભાઈ, પ્રવીણાબેન, હેમલતાબેન, અરૂણાબેનના ભાઈ. મણીબેન મણીલાલ સંઘવી (ચાલીસગાંવવાળા)ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

બરવાળા ઘેલાશા નિવાસી હાલ કાંદિવલી હેમેન્દ્ર શાંતિલાલ બાબરીયાના ધર્મપત્ની અ.સૌ.મોહિની બાબરીયા (ઉં. વ. ૬૪) ૨૭/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવિની, રીકીન તથા શ્રદ્ધાના માતુશ્રી. નવલકુમાર મયુરભાઈ વોરા, મિતેશકુમાર રાજુભાઈ કુવાડીયા તથા સિદ્ધિના સાસુ. સ્વ. વિનુભાઈ, સ્વ.અરવિંદભાઈ, સ્વ.અનિલભાઈ, સ્વ.શારદાબેન, સ્વ. કૈલાશબેન, પ્રેમિલાબેનના ભાઈના પત્ની. પિયરપક્ષે અમદાવાદ નિવાસી સ્વ. મનહરલાલ ધરમચંદ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો

# તરોતાજા




## નિવૃત્તિમાં કઈ કઈ કરી શકો પ્રવૃત્તિ?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**નિવૃત્તિમાં તમે કઈ પ્રવૃત્તિ કરવાના છો?**

આ સવાલ કોઈ તમને પૂછે તો કેવું લાગે? નિવૃત્તિ અને પ્રવૃત્તિ પરસ્પર વિરોધી શબ્દો છે. આમ છતાં વાસ્તવિકતા એ છે કે વર્તમાન યુગમાં આવરદા વધી છે અને જીવનનિર્વાહનો ખર્ચ ઘણો વધી રહ્યો છે ત્યારે વ્યક્તિએ નિવૃત્તિની વય પછી પણ પ્રવૃત્તિ કરવી પડે છે. ફક્ત મજબૂરીથી નહીં, માણસ પોતાની ઈચ્છાથી પણ નિવૃત્તિ બાદ પ્રવૃત્ત રહેવા માગતો હોય છે, કારણ કે એનું આરોગ્ય સારું હોય છે અને કંઈક કરતાં રહેવાનું મન હોય છે. નિવૃત્તિકાળમાં પોતાની પાસે વધુ ભંડોળ બચે એ કોઈને પણ સારું લાગતું હોય છે. આગામી સમયમાં નિવૃત્તિ પછીની વ્યવસાયી પ્રવૃત્તિ કે બીજી કારકિર્દી વાસ્તવિકતા બની જશે.

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે. કેટલાક લોકો આવક રળવા માટે પ્રવૃત્તિ કરતા હશે, જ્યારે બીજા કેટલાક લોકો સમય પસાર કરવા માટે કોઈક પ્રવૃત્તિ કરતા હશે.

નિવૃત્ત વ્યક્તિઓ નોકરી કરવાનું નક્કી કરી શકે છે અથવા તો સ્વયં રોજગારના રસ્તે જઈ શકે છે. સ્વયંરોજગાર કરતી વ્યક્તિને સમયનું બંધન નડતું નથી. આથી એ ફૂલટાઈમ કે પાર્ટટાઈમ કામ કરી શકે છે. પોતે જે ક્ષેત્રે જીવનભર કામ કર્યું હોય તે જ ક્ષેત્રમાં એ એવું જ કે થોડું અલગ પ્રકારનું કાર્ય પસંદ કરી શકે છે અથવા તો તદ્દન નવા ક્ષેત્રમાં જઈ શકે છે.

સામાન્ય સંજોગોમાં માણસને પોતે જે કામ-ધંધો કર્યા હોય તે જ કાર્ય અથવા તો તે જ ક્ષેત્રમાં કામ કરવાનું વધારે માફક આવતું હોય છે. ઉદાહરણ તરીકે વીમા કંપનીમાં કામ કરી ચૂકેલી વ્યક્તિ પોતાની જ કંપનીની વીમા એજન્ટ બની શકે છે. બીજો વિકલ્પ કન્સલ્ટન્ટ બનવાનો છે. બૅન્કોના ઘણા વરિષ્ઠ મૅનેજર નિવૃત્તિ પછી રોકાણ કે ટૅક્સના કન્સલ્ટન્ટ બની જતાં જોવા મળે છે. જેમને ફાવતું હોય એ ટ્યૂશન પણ કરાવી શકે છે. ફાર્માસ્યુટિકલ કંપનીના રિસર્ચ મૅનેજર અલગ અલગ વિદ્યાપીઠમાં મુલાકાતી પ્રાધ્યાપક બની શકે છે.

સાવ અલગ ક્ષેત્રમાં બિઝનેસ શરૂ કરવાનો વિકલ્પ પણ લોકો અજમાવતા હોય છે. બૅન્ક, મિલિટરી, હૉટેલ, વગેરે ઉદ્યોગના કર્મચારીઓ મલ્ટી લેવલ માર્કેટિંગમાં ઝંપલાવતાં જોવા મળ્યા છે. કારકિર્દી દરમિયાન જેમણે ઘણી મોટી સંખ્યામાં લોકો સાથે સંબંધ વિકસાવ્યા હોય તેઓ ડાઇરેક્ટ માર્કેટિંગ દ્વારા પ્રૉડક્ટ્સ અને સર્વિસીસનું વેચાણ સારી રીતે કરી શકે છે.

તો ઘણા લોકો પોતે જ્યાં કામ કરતા હતા ત્યાં જ કન્સલ્ટન્ટ તરીકે કામ કરવાનું પસંદ કરે છે.

ઘણીવાર નિવૃત્ત વ્યક્તિને બિઝનેસ કરતાં નોકરી વધારે માફક આવતી હોય છે. ઘણી કંપનીએ વિવિધ પ્રકારનાં કાર્ય માટે નિવૃત્ત વ્યક્તિઓને કામે રાખે છે. તેમાં કંપનીઓ અને નિવૃત્ત વ્યક્તિ બન્નેને ફાયદો થાય છે. કંપનીઓને અનુભવી વ્યક્તિ મળે છે અને વ્યક્તિને પ્રવૃત્તિ મળે છે. નિવૃત્ત થયેલી વ્યક્તિને પગાર પણ ઓછો આપવો પડે છે. મોટી ઉંમરે કંઈક નવું શીખવાનું ફાવતું નથી. આવી સ્થિતિમાં સમાન ક્ષેત્રમાં રોજગાર મળી જાય તો આસાનીથી કામ થઈ શકે છે.

સ્વયં રોજગાર અને નોકરી એ બન્નેમાં ફૂલટાઈમ અને પાર્ટટાઈમનો વિકલ્પ મળે છે.

નિવૃત્ત થવાની ઉંમર આવે તેનાં ઓછામાં ઓછાં ૨/૩ વર્ષ પહેલાથી જ બીજી કારકિર્દીનું આયોજન શરૂ કરી દેવું જોઈએ. સ્વયં રોજગાર કરવાનો રસ્તો અપનાવવાનો હોય તો બિઝનેસ પ્લાન ઘડી કાઢવો જરૂરી છે. એ પ્લાન મુજબ, રોજગાર ચાલુ હોય એ જ વખતમાં પોતાના નવા સાહસનો પ્રચાર શરૂ કરી શકાય છે. જો તમે નિવૃત્તિ પછી નોકરી કરવાનું નક્કી કર્યું હોય તો એ જ માલિકને નોકરી ચાલુ રાખવા વિશે અથવા તો નિવૃત્તિ પછી કન્સલ્ટન્ટ તરીકે કામ કરવા વિશે પૂછી લેવું જોઈએ. એ જ કંપનીમાં તક ન હોય તો બીજે તપાસ શરૂ કરી દેવી, જેથી નિવૃત્તિ પછી તરત જ કોઈ પ્રવૃત્તિ શરૂ થઈ જાય. શક્ય હોય ત્યાં સુધી પોતાના જ ક્ષેત્રની કોઈ પ્રવૃત્તિ શોધી કાઢવી.

હવે સૌથી વધુ અગત્યની વાતઃ જે વિકલ્પ પસંદ કરો તેમાં આનંદ આવવો જોઈએ. કામ ઢસરડો લાગવું જોઈએ નહીં. વળી, બને ત્યાં સુધી પહેલાની જેમ જ પૂરેપૂરા આઠ કલાકની નોકરી કરવી નહીં. નિવૃત્તિકાળમાં પ્રવૃત્ત રહેવું આર્થિક દૃષ્ટિએ જરૂરી છે. તેનાથી તમારું આત્મસન્માન જળવાઈ રહેશે અને તમારી ઉપયોગિતા પણ ટકી રહેશે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## દિવાળીમાં ફરસાણ-મીઠાઈ ઝાપટ્યા પછી પણ તરોતાજા કેમ રહેશો?



**દિવાળીનો** તહેવાર આવે એટલે મીઠયઈ ખાવાના શોખીનો માટે જાણે વિશેષ તહેવાર આવ્યો હોય. દિવાળીમાં જો તમે જીભ ઉપર કંટ્રોલ કર્યો હોય તો પણ, ગોવર્ધન પૂજા અને ભાઈબી જ પણ આવે. દિવાળી પછી પણ સગાં -વ્હાલા અને મિત્રોને ત્યાં જવા આવવાનું ઘણાઢ દિવસો સુધી ચાલુ રહે અને દરેક જગ્યાએ મીઠાઈઓ, સાકર યુક્ત પીણાઓ વગેરે હોય જ, એટલે પેલો કંટ્રોલ તો ક્યાંય ગાયબ થઇ જાય! ખરું ને? ને અધૂરામાં પૂરું જાતજાતના દિવાળી વિશેષ ફરસાણો પણ હોય જ. એટલે તેલ અને સાકર બંનેનો પેટ ઉપર હુમલો. આ પરિસ્થિતિમાં આપણે આરોગ્યનું ધ્યાન કેવી રીતે રાખવું?

### પુષ્કળ પાણી પીઓ

જો તમે પણ દિવાળીના અવસર પર ઘણી બધી મીઠાઈઓ ખાધી છે, તો હવે તમારા માટે તમારા શરીરને ડિટોક્સ કરવું જરૂરી છે. ઓછા માં ઓછું ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીઓ. સાદા પાણીની સાથે લીંબુ પાણી, તાજા નારંગી અને મોસમી રસ, છાશ અને જલજીરા વગેરેનું સેવન કરો . તમારા શરીરને ડિટોક્સિફાય કરવાની સા થે, આ પીણાં તમારા પાચનને પણ સુધારશે.

### સંતુલિત આહાર લો

દિવાળી પછી, તમારા આહારને ઓછા માં ઓછા એક અઠવાડિયાથી દસ દિવસ સુધી સ્વસ્થ અને સંતુલિત રાખો.

તમારા આહારમાં એવી વસ્તુઓનો સમાવેશ કરો, જેમાં સારી માત્રામાં પોષક તત્ત્વો હોય અને તે સરળતાથી પચી જાય. ઘણા દિવસો સુધી તળેલા અને વધુ ખાંડવાળા ખોરાકનું સેવન ન કરો. ખાદ્ય પદાર્થો સાથે સલાડ અવશ્ય લો, જેનાથી તમારું પાચન સારું થશે.

### શરીરને સક્રિય રાખો

દિવા ળી પછી પેટ પર મીઠાઈની અસર સૌથી વધુ દેખાય છે! તેની અસર ઓછી કરવા માટે શરીરને ખૂબ જ એક્ટિવ રાખવું જરૂરી છે. સમય કાઢીને કસરત કરવાનું ન ચુકો, રાત્રે મોડે સુધી જાગશો નહીં અને સંપૂર્ણ ઊંઘ લો .શરીરને સક્રિય રાખવાથી પાચન સાથે જોડાયેલી મોટા ભાગની સમસ્યાઓને ઘણી હદ સુધી દૂર કરી શકાય છે.

### તજ ખાઓ

ન્યુટ્રિ શનિસ્ટના જણાવ્યા અનુસાનુ ભોજનમાં તજનો ઉમેરો કરવો સારો ઉપાય છે. તમારી ચા અથવા દહીમાં તજ મિક્સ કરીને ખાઓ. તે એક કુદરતી ઉપાય છે જે બ્લડ સુ રના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તજનું સેવન કરવાથી શુગરની અસર ઓછી થઈ શકે છે.

### બાજરી અને પ્રોટીનથી ભરપૂર ખોરાક લો

જુવાર અને બાજરી જેવા હવે મિલેટ તરીકે ઓળખાતા આહારનો ઉપયોગ કરો, જે પોષક તત્ત્વોથી ભરપૂર છે અને પાચન તંત્ર માટે ફાયદાકારક છે. આ સિવાય તમારા આહારમાં કઠોળ, ફણગાવેલા અનાજ અને બદામ જેવી પ્રોટીનયુક્ત વસ્તુઓનો સમાવેશ કરો, જે તમને એનર્જી આપવાની સાથે ભૂખને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે.

### ડોક્ટરનો સંપર્ક કરો

જો તમને લાગે છે કે તમને પેટ સંબંધિત વધુ સમસ્યાઓ છે અથવા તમે ઘરેલું ઉપચારથી રાહત અનુભવી રહ્યાં નથી. તો આવી સ્થિતિમાં, વધુ સમય બગાડ્યા વિના, તમારે એકવાર ડોક્ટર સાથે વાત કરવી જોઈએ. ડોક્ટર જરૂ પડ્યે દવાઓ અથવા ડાયટ અને લાઇફસ્ટાઇલ સંબંધિત ફેરફાર સુચવીને સમસ્યામાં મદદ કરી શકે છે.

### પેનિક ફાસ્ટિંગ ટાળો

તહેવારો પૂરા થાય એટલે ફિગરની ચિંતા કરનારા ઘણીવાર સુપર એક્ટિવ મોડમાં આવીને પેનિક ફાસ્ટિંગ, કેલેરી પર નિયંત્રણ, વધારે પડતો વ્યાયા મ જેવા ઉપાયો કરવા માંડે છે. ફક્ત ફળો ખાવા કે માત્ર લીંબુ પાણી પીવું જેવા છેવાડાના ડાયટ પર ઉતરી જાય છે. આ વધારાનું વજન અને સ્થૂળતા ઘટાડવા માટે ઘણીવાર આપણે કહેવાતા 'ડિટોક્સ' પીણાંનુ સેવન પણ કરીએ છીએ,. પરંતુ આવા પ્રયાસો ભાગ્યે જ અસરકારક હોય છે. તો શું કામ કરે છે? જવાબ એ છે કે ધીમે ધીમે ફેરફાર કરો, તમારી વ્યાયામ દિનચર્યા પર પાછા ફરો, બધા જરૂરી પોષક તત્ત્વો તમારી થાળીમાં પાછા ઉમેરવા, બેચેન ન થાઓ અથવા તણાવમાં ન આવો અને સૌથી અગત્યનું,પોતાને વધુ પડતું ખાવાની સજા આપવાનો પ્રયાસ કરવાથી બચો. ઝડપથી વજન ઘટાડવાની ભાવનાત્મક પ્રતિક્રિયાઓ તમને જરૂરી પોષક તત્ત્વોથી વંચિત કરી શકે છે, જેના કારણે પ્રોટીનની ઊણપ અને સુસ્સુતી આવે છે. અપરાધ, ગુસ્સો અને ભૂખની મિશ્ર લાગણીઓ ઊભી થાય છે. સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરવામાં તમારી પ્રગતિ વિશે યથાર્થવાદી અભિગમ અપનાવો. એવી કોઈ રીત નથી કે તમે રાતોરાત વધારાના કિલો ગુમાવી શકો. ■

---



feedback@bombaysamachar.com
ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

## કમ્પાઉન્ડિંગ છે... દુનિયાની આઠમી અજાયબી!

ચક્રવૃદ્ધિ વિશે તમે સાંભળ્યું જ હશે. ચક્રવૃદ્ધિને અમસ્તી જ દુનિયાની આઠમી અજાયબી કહેવાતી નથી. એમાં ખરેખર ઘણી શક્તિ છે. ચક્રવૃદ્ધિ વિશે શબ્દોમાં કહો એના કરતાં આંકડામાં એને વધુ સારી રીતે સમજાવી શકાય છે, તેથી આંકડાઓના આધારે એને સમજીએ. સામાન્ય સંજોગમાં લોકો કમ્પાઉન્ડિંગ તરફ દુર્લક્ષ કરીને મોટો ફાયદો મેળવી શકતા નથી.

આપણે મીના અને શીના એ બન્ને સખીનું ઉદાહરણ લઈએ. બન્નેની ઉંમર ૨૫ વર્ષની છે. મીનાએ દર મહિનાની રૂપિયા ૧૦,૦૦૦ની એસઆઇપી કરી (SIP એટલે કે સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન એ એક રોકાણ સાધન છે, જે રોકાણકારોને નિયમિત અંતરાલ પર ચોક્કસ રકમનું રોકાણ કરવાની મંજૂરી આપે છે), જે મીનાએ ૧૦ વર્ષ માટે રાખી. એની ઉંમર ૩૫ની થઈ ત્યારે એણે SIP બંધ કરાવી દીધી, પણ જમા થયેલી રકમ રોકેલી જ રહેવા દીધી.

બીજી તરફ, શીનાએ ૩૫ વર્ષની ઉંમરે ૧૦,૦૦૦ રુપિયાની SIP શરૂ કરાવી અને ૨૦ વર્ષ સુધી રહેવા દીધી. ૩૦ વર્ષ પછી એટલે કે એમની ઉંમર ૫૫ વર્ષની થઈ ત્યારે બન્નેમાંથી કોની પાસે વધારે સંપત્તિ ભેગી થઈ હશે?

રોકાણનો સમયગાળો લાંબો હોવાથી એમાં સરેરાશ ૧૨ ટકાના દરે વળતર મળ્યું હોવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. તમને લાગશે કે શીનાએ ૨૦ વર્ષ સુધી એસઆઇપી કરી હોવાથી એની પાસે વધારે ભંડોળ ભેગું થયું હશે. હવે વાસ્તવિકતા શું છે એ જોઈએ..

મીનાએ કુલ ત્રીસ વર્ષ સુધી રોકાણ રહેવા દીધું, પણ એની SIP દસ વર્ષ સુધી જ હતી. ૧૦ વર્ષમાં એણે ૧૨ લાખ રૂપિયાનું રોકાણ કર્યું અને ૩૦ વર્ષના અંતે ૧૨ ટકાના વળતરના દરે ૨,૧૬,૧૧,૧૫૯ રૂપિયા ભંડોળ ભેગું થયું.

શીનાએ વીસ વર્ષ સુધી SIP કરી અને એનું રોકાણ ૨૦ વર્ષ સુધી જ રહ્યું. એણે ૨૦ વર્ષમાં કુલ ૨૪ લાખ રૂપિયાનું રોકાણ કર્યું અને ૨૦ વર્ષના અંતે ૧૨ ટકાના વળતરના દરે એને ૯૧,૯૮,૫૭૪ રૂપિયા મળ્યા.

આમ મીનાએ શીના કરતાં ઓછી રકમનું રોકાણ કર્યું હતું, છતાં એને શીના કરતાં આશરે ૧.૨૪ કરોડ રૂપિયા વધારે વળતર મળ્યું. આ તફાવતનું મુખ્ય કારણ એ છે કે શીનાની તુલનાએ મીનાએ વધારે સમય સુધી રોકાણ રહેવા દીધું. ચક્રવૃદ્ધિનો આ જ મોટો ફાયદો છે. રોકાણ જેટલું વધારે લાંબા સમય સુધી રહેવા દેવાય એટલો જ વધુ લાભ ચક્રવૃદ્ધિ દ્વારા મળે છે. આથી જ એને આઠમી અજાયબી કહેવાય છે.

ચાલો હવે કેટલીક ભૂલો વિશે વાત કરીએ, જે રોકાણકારો સામાન્ય રીતે કરે છે જે કમ્પાઉન્ડિંગની પ્રક્રિયામાં વિક્ષે પ પાડે છે.

**ભૂલ ૧:**

રોકાણમાં વિલંબ - આપણે રોકાણ શરૂ કરવાની રાહ જોઈને ભારે કિંમત ચૂકવીએ છીએ, કારણ કે લક્ષ્ય સુધી પહોંચવા માટે જરૂરી રોકાણની રકમ ફુગાવા કરતાં વધુ ઝડપથી વધે છે.

**ભૂલ ૨:**

ખૂબ ઓછું રોકાણ કરવું - આ સમસ્યા ત્યારે થાય છે જ્યારે રોકાણકારોએ એમના ધ્યેયો માટે ટાર્ગેટ કોર્પસની ગણતરી ન કરી હોય. રોકાણકારો માને છે કે એમનાં લક્ષ્ય સુધી પહોંચવા માટે એક નાની SIP પૂરતી છે અને એ એમના બાકીનાં રોકાણો બેંકમાં રાખે છે, જે ફુગાવાને હરાવી શકતું નથી.

**ભૂલ ૩:**

યોજના વિના ઉપાડ - આ ભૂલ ત્યારે થાય છે જ્યારે રોકાણને કોઈ ધ્યેય સાથે ટેગ કરવામાં ન આવે અથવા કોઈ હેતુનો અભાવ હોય.

**ભૂલ ૪:**

કટોકટી માટેના ભંડોળનો અભાવ-કલ્પના કરો કે બધું બરાબર ચાલી રહ્યું છે અને અચાનક તમને કોઈ કટોકટીનો સામનો કરવો પડે છે, જેના કારણે અનપેક્ષિત ખર્ચ થાય છે. આ ખર્ચને પહોંચી વળવા માટે ભવિષ્યના તમામ ધ્યેય જોખમમાં આવી જાય છે.

ટૂંકમાં એટલું જ કહેવાનું કે તમે વહેલામાં વહેલી તકે તમારા ધ્યેય નક્કી કરો અને તેના માટે યોગ્ય ટાર્ગેટ કોર્પસની ગણતરી કરો અને વિશ્વની આઠમી અજાયબી કહેવાતી ચક્રવૃદ્ધિનો ભરપૂર લાભ લો. આમેય ઓછા આપી ને વધારે મેળવવા કોને ના ગમે! ■

feedback@bombaysamachar.com

**સ્વાસ્થ્ય સુધા**

**શ્રીલેખા યાજ્ઞિક**

# વર્ષભર તંદુરસ્તી જાળવવી હોય તો દિવાળીમાં લાપસીના આંધણ મૂકજો

**ભક્ત** કવિ સુરદાસ દ્વારા રચાયેલી લાપસી ઉપરની કવિતાની એક ઝલક : ***‘લુચુઈ લલિત લાપસી સોહે, સ્વાદ સુવાસ સહજ મન મોહૈ’.***

દિવાળી નજદીક આવે તેની સાથે ઘરના પ્રત્યેક સભ્યની મનપસંદ વાનગી બનાવવામાં આવે. જેમાં દિવાળીના ખાસ ફરસાણ-જેવા કે મઠિયા, ચોરાફળી, ચકરી, સક્કરપારા, ચેવડાનો સમાવેશ થાય. મીઠાઈમાં મગજ, મોહનથાળ, કોપરાપાક, સાટા, કાજુકતરી વગેરે અચૂક બને. દિવાળીના શુભ દિવસોમાં એવી પણ મીઠાઈ બને જેનો ઉપયોગ પ્રત્યેક ટંકના ભોજન સાથે કરવામાં આવે. શુભ દિવસોમાં તથા શુભ પ્રસંગોમાં ભારતીય પરંપરા મુજબ લાપસીના આંધણ અચૂક મૂકવામાં આવતાં હોય છે. શુભ દિવસોમાં લાપસી ઘરમાં રંધાય તેની સોડમથી ઘર મહેંકી ઊઠતું હોય છે. અનેક કુટુંબમાં લાપસી લચકા પડતી બનાવવામાં આવતી હોય છે. કેટલાંક કુટુંબમાં લાપસી છુટ્ટી દાણાદાર બનાવવામાં આવે છે. કોઈ ગોળની બનાવે તો કોઈ ખાંડની પસંદ કરે. એલચી-જાયફળના સ્વાદ સાથે લાપસીની સજાવટમાં બદામ-પીસ્તા, તળેલાં કાજુ-સૂકી દ્રાક્ષ તથા સિંગદાણાનો ઉપયોગ પણ કરવામાં આવે છે. અનેક વખત ગૃહિણી બહેનપણી સાથે વાતે વળગે ત્યારે કહે પણ ખરી ‘શુકનની થોડીક લાપસી અમારા ઘરે અચૂક બને.’ લાપસી સ્વાદમાં જેટલી સ્વાદિષ્ટ હોય છે તેથી બમણી તે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. આપણે અનેક વખત જોયું હશે કે જેમના ઘરમાં લાપસી બનાવીને ખાવાનું ચલણ વધુ હશે તેમનું આરોગ્ય અચૂક તંદુરસ્ત હશે. જેને હિન્દીમાં ‘દલિયા’ કે ફાડા લાપસી કહેવામાં આવે છે. અધકચરાં વાટેલાં ઘઉંમાંથી બનતી લાપસી કે દલિયા દિવસભરની જરૂરી શક્તિ આપી દે છે. એક વાટકી મીઠી લાપસી કે મસાલા દલિયાનો નાસ્તો કર્યો હોય તો લાંબા સમય સુધી પેટ ભરાયેલું રહે છે.



લાપસીનું ચલણ ભારતમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ,બિહાર, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ વગેરે રાજ્યોમાં વધુ જોવા મળે છે. પ્રાચીન સમયમાં લાપસી કે દલિયાનું સેવન થતું હતું. તેના પુરાવા સાંપડે છે. ખાસ કરીને આયુર્વેદ ગ્રંથો તેમજ પાકશાસ્ત્રમાં લાપસી વિશે લખાણ જોવા મળે છે. સ્કંધ પુરાણમાં લાપસીકાનો નૈવેદ્ય પ્રભુને ધરવામાં આવતો તેનો ઉલ્લેખ જોવા મળે છે. ભક્ત સુરદાસ દ્વારા ગવાતી ‘વ્રજ કવિતા’માં લાપસીનો ઉલ્લેખ જોવા મળે છે. તેનું મુખ્ય કારણ છે તેમાં કેલ્શિયમ, મેગ્નેશ્યિમ, ફોસ્ફરસ, થાઈમીન, ફૉલેટ, પોટેશ્યિમ, ઝિંક, કાર્બોહાઈડ્રેટ, વિટામિન્સ, આયર્ન, પ્રોટીન, ફાઈબર જેવા પોષક તત્ત્વો ભરપૂર માત્રામાં સમાયેલાં છે. તેથી જ દિવાળીમાં ચટાકેદાર ફરસાણ તથા મીઠાઈની મોજ જરૂર માણવી જ જોઈએ. પાચનશક્તિ મજબૂત બનાવવાની સાથે, વજન તથા કૉલેસ્ટ્રોલ લેવલ વધે નહીં તેની કાળજી લેવી અગત્યની છે. જેના માટે દલિયાનો ઉપયોગ દિવસમાં એક વખત અચૂક કરી લેવો. દલિયાને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં લીલા-શાકભાજીનો ઉપયોગ કરી શકાય છે. લાપસીને ઠંડા દૂધમાં પલાળીને ખાઈ શકાય છે. ભારતમાં મોટે ભાગે દલિયા કે લાપસી રવા ઘઉંમાંથી બનાવવામાં આવે છે. અન્ય મોટા અનાજ જેવા કે મકાઈ, જુવાર તથા બાજરામાંથી દલિયા બનાવી શકાય છે. સૌથી લોકપ્રિય દલિયા ઘઉંમાંથી બનાવવામાં આવે છે, જે ફાડા કે લાપસી રવા તરીકે ઓળખાય છે. લાપસી-દલિયાના સેવનથી થતાં સ્વાસ્થ્યવર્ધક લાભઃ

**વજનને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** દિવાળીના દિવસોમાં ઘણું મન રોકીએ તો પણ ચટાકેદાર ફરસાણ-મીઠાઈનો સ્વાદ માણવા મન લલચાઈ જતું હોય છે. આવા સંજોગોમાં એક ટંક ફક્ત લાપસી કે મસાલા દલિયાનું સેવન કરી લેવાથી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. કેમ કે ઘઉંના ફાડામાંથી બનતી લાપસીમાં કૅલરીની માત્રા ઘણી જ ઓછી હોય છે. તેમજ તેમાં પ્રોટીન, આયર્ન તથા કૅલ્શિયમની માત્રા વધુ હોય છે. જેથી શરીરને દિવસ દરમિયાનની આવશ્યક શક્તિ તેના સેવનથી મળી રહે છે. તેમજ તેના સેવન બાદ વારંવાર ખાતા રહેવાની ઈચ્છા ઓછી થાય છે.

**પાચનમાં હલકીઃ** લાપસીમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. તેથી તેનું સેવન કરવાથી પાચનશક્તિ મજબૂત બને છે. દલિયા સવારે નાસ્તામાં કે રાત્રિના ભોજન સમયે ખાવાથી પેટ ભરાયેલું રહે છે. શરીરને આવશ્યક પોષક તત્ત્વો પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. પચવામાં હલકી હોવા છતાં તેના સેવન બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. કબજિયાતની સમસ્યામાં સતાવતી હોય તેમને માટે અત્યંત ગુણકારી ગણાય છે દલિયા.

**ડાયાબિટીસમાં ગુણકારીઃ** દલિયામાં મેગ્નેશ્યિમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. મેગ્નેશ્યિમમાં લગભગ ૩૦૦ પ્રકારના ઍન્ઝાઈમ સમાયેલાં હોય છે. તેમાં ખાસ પ્રકારના એવા ઍન્ઝાઈમ હોય છે જે ઈન્સ્યુલિન બનવામાં મદદ કરે છે. તેથી ટાઈપ-૨ પ્રકારના ડાયાબિટીસના દર્દીઓએ દલિયાનું સેવન કરવું જરૂરી છે.

**હાડકાંને મજબૂત રાખવામાં ગુણકારીઃ** લાપસીમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, મેગ્નેશ્યિમ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં છે. જે હાડકાંની તંદુરસ્તી જાળવવામાં ગુણકારી છે. કોઈપણ વ્યક્તિના શરીરમાં હાડકાંની મજબૂતાઈ અત્યંત આવશ્યક છે. વય વધવાની સાથે પ્રત્યેક વ્યક્તિની હાડકાંની મજબૂતાઈ કે ઘનતા ઓછી થવા લાગે છે. તેનાથી બચવા માટે હાડકાં માટે અગત્યના ૩ પોષક ગુણોનો સમાવેશ કરવો જરૂરી છે. કેલ્શિયમ તથા ફોસ્ફરસ હાડકાંને મજબૂતાઈ બક્ષવાનું કામ કરે છે. જ્યારે પોટેશ્યિમ શરીરમાં કેલ્શિયમની માત્રા યોગ્ય માત્રામાં પહોંચે તથા તેને બચાવી રાખવાનું કામ કરે છે. નિયમિત ઘઉંના ફાડા એટલે કે લાપસી રવાનું સેવન કરવાથી હાડકાં બરડ બનતાં અટકે છે.

**એનીમિયાની તકલીફથી બચાવે છે :** એનીમિયા એક પ્રકારનો રક્તવિકાર છે. જેમાં શરીરમાં પર્યાપ્ત લાલ રક્ત કોશિકાઓ હોતી નથી. તો ક્યારેક રક્તકોશિકા સારી રીતે કામ કરતી નથી. આજ રક્ત કોશિકામાં હિમોગ્લોબીન હોય છે. જે તેને ફેંફસામાં ઑક્સિજન લઈ જવાનું કામ કરે છે. વળી તેને શરીરના સંપૂર્ણ ભાગમાં પહોંચાડવામાં મદદ કરે છે. લાપસી રવામાં આયર્નની માત્રા ભરપૂર હોય છે. જેથી તેના સેવનથી શરીરમાં આયર્નની ઊણપ રહેતી નથી.

**રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છેઃ** જે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તે વારંવાર કોઈને કોઈ બીમારીની લપેટમાં આવી જાય છે. તો ક્યારેક રોજિંદા જીવનમાં થોડું કામ કરવાથી થાક લાગી જવો કે શરીરમાં નબળાઈ લાગે છે. દલિયાનું નિયમિત સેવન કરવાથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ મજબૂત બને છે. તેનું મુખ્ય કારણ છે કે દલિયામાં વિટામિન તથા ખનિજની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે.

**મગજની સ્વસ્થતા માટે લાભદાયીઃ** દલિયામાં મેગ્નેશ્યિમની સાથે ખનીજની માત્રા સમાયેલી જોવા મળે છે. જે મગજની નશોને શાંત તથા સ્વસ્થ રાખે છે. મેગ્નેશ્યિમ માંસપેશીમાં થતાં દુખાવાને ઘટાડવામાં મદદ કરે છે. ઊંઘની ગુણવત્તામાં સુધારો કરે છે. મગજને સ્વસ્થ રાખવાની સાથે વ્યક્તિ દ્વારા જે પણ કામ કરવામાં આવે તેની ગુણવત્તામાં વધારો થાય છે. ■

### ફાડા લાપસી

**બનાવવાની રીત :** સામગ્રીઃ ૧ કપ ઘઉંના ફાડા મોટા લેવા, ૬ કપ ગરમ પાણી, ૨ નંગ તુલસી પત્ર,૪-૫ નંગ દ્રાક્ષ, ૨ નંગ લવિંગ, ૧ નાનો ટુકડો તજ, ૩-૪ કેસરના તાંતણા દૂધમાં પલાળેલાં, ૧ ચમચી, બદામની કતરણ, ૧ ચમચી પિસ્તાની કતરણ, કાજુના ટુકડા, એલચી-જાયફળનો પાઉડર, તજનો ભૂકો ચપટી, ગુલાબની પાંખડી, ૪ ચમચી ઘી, ૧ કપ ગોળ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ જાડી કડાઈમાં ૪ ચમચી ઘી ગરમ કરી લેવું. તેમાં લાપસી પધરાવીને શેકવી. ઘેરો રંગ બ્રાઉન રંગ આવે ત્યારે સમજવું કે લાપસી શેકાઈ ગઈ છે. લાપસી શેકાઈ જશે ત્યારબાદ તેની સોડમ આવવા લાગશે. તેમાં કાજુ-બદામ-પિસ્તાની કતરણ ભેળવવી. તજ-લવિંગ ઉમેરવાં. બરાબર શેકાઈ જાય ત્યારબાદ તેમાં ધીમે ધીમે જરૂર મુજબ ગરમ પાણી ઉમેરી થોડો સમય પકાવવું. થોડું પાણી રહે ત્યારે ૧૦૦ ગ્રામ ગોળ ઉમેરવો. ધીમે તાપે હલાવતાં રહેવું. ઘી છુટ્ટુ પડે ત્યારે સમજવું લાપસી તૈયાર થઈ ગઈ છે. અંતમાં એલચી-જાયફળનો પાઉડર ઉમેરવો. દૂધમાં પલાળેલી કેસર ભેળવવી. બદામ-પિસ્તાની કતરણ, ગુલાબની પાંખડી તથા તુલસી પત્રથી સજાવીને પ્રભુને નૈવેદ્ય ધરાવીને પ્રસાદ લેવો.

feedback@bombaysamachar.com

**આરોગ્ય પ્લસ**

**સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા**



# શું શરીર સ્વયં નીરોગી રહી શકે છે? શા માટે નહીં?

આપણું આ માનવશરીર અમૂલ્ય છે. જે પરમાત્માએ આ સૃષ્ટિની રચના કરી છે, તેમણે જ માનવશરીરનું નિર્માણ કર્યું છે. જેમ કોઈ કંપની નવી પ્રોડક્ટને બહાર પાડતાં પહેલાં, તે જે તે વાતાવરણમાં યોગ્ય રીતે કામ કરી શકે તેવું જ તેનું બંધારણ કરે છે. તેમ જ પરમાત્માએ આ શરીરનું બંધારણ એવું જ કરેલ છે કે, શરીર કુદરત સાથે તાલમેલ મેળવી સ્વયં સ્વસ્થ રહી શકે. આપણું શરીર આ દુનિયાની કોઈ પણ પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવા માટે સ્વયંભૂ જ સક્ષમ છે. અનેક રોગની સામે સ્વસ્થ રહેવાનો ઈલાજ શરીર પાસે ન હોય તેવું શક્ય જ નથી. એટલું જ નહીં, પરંતુ વિવિધ રોગનો સામનો કેવી રીતે કરવો? તે જ્ઞાન પણ શરીર ધરાવે જ છે.

આપણું શરીર તૂટેલાં હાડકાંને આપમેળે જ સાંધી શકે છે, તેમ જ ઈજા થતાં નીકળતા લોહીને અટકાવવાની, રૂઝ લાવવાની અને કૅન્સરના કોષોને નાશ કરવાની તાકાત શરીરની પોતાની પાસે છે. એટલું જ નહીં, પરંતુ ઉંમર વધવાની સાથે શરીરમાં થતાં ફેરફાર પર કાબૂ રાખવાની પ્રબળશક્તિ પણ આપણાં શરીરમાં છે. તો પછી શરીર સામાન્ય બીમારીઓનો સામનો કેમ ન કરી શકે...?

આપણું શરીર આટલું સક્ષમ હોવા છતાં આજે આપણે બીમારીઓના વધુ ને વધુ શિકાર કેમ બનતા જઈએ છીએ? ટૅક્નોલોજી ક્ષેત્રે વિશ્વ આટલું વિકસિત હોવા છતાં પૂર્વે સાંભળી ન હોય તેવી નવી નવી બીમારીઓથી આપણે આટલા ભયભીત કેમ છીએ? મેડિકલ સાયન્સનાં ઘણાં સંશોધનો થયાં હોવા છતાં હૉસ્પિટલો દર્દીઓથી ભરચક કેમ રહે છે?

એક સંશોધન પ્રમાણે ડૉક્ટર પાસે જતા ૭૦ ટકા દર્દીઓ વાસ્તવિક બીમાર જ હોતા નથી. તેના ઈલાજમાં દવાની કોઈ આવશ્યકતા હોતી નથી. આ બાબતે પ્રાયઃ દર્દીની માનસિકતા જવાબદાર હોય છે. શું આ બાબતે આપણે ગંભીરપણે વિચારવાની જરૂર લાગતી નથી? જો ખરેખર તટસ્થપણે વિચારીએ તો આ બધી બાબતોમાં જવાબદાર આપણી અયોગ્ય જીવનશૈલી, શારીરિક-માનસિક કેળવણીની બેદરકારી તથા સમજણ અને સહનશક્તિના અભાવે દિનપ્રતિદિન આપણાં જીવનમાં થતો દવાઓનો અતિરેક છે.

### અયોગ્ય જીવનશૈલી અને કેળવણીનો અભાવઃ

આજના કહેવાતા સગવડિયા યુગમાં સુશિક્ષિત એવા આપણને શરીરની કેળવણી કરવી એ બિનજરૂરી લાગે છે, જે પરિસ્થિતિઓનો શરીર ખૂબ જ સહેલાઈથી સામનો કરી શકે છે, તેમાં બદલાવ લાવી આપણે શરીરને વિપરીત પરિસ્થિતિમાં રાખવા મથીએ છીએ. જેમ કે ગરમી અને ઠંડીમાં શરીર સહજતાથી રહી શકે છે, તેમ છતાં આપણે ઍરકન્ડિશન અને હીટરનો ઉપયોગ કરીને શરીરને તે વિપરિત વાતાવરણનું ગુલામ બનાવી દઈએ છીએ. આ રીતે ધીરે-ધીરે શરીર સામાન્ય ગરમી અને ઠંડી પણ સહન કરી શકતું નથી. પરિણામે વાતાવરણમાં ગરમી કે ઠંડી વધતા શરીર બીમાર પડી જાય છે. વિચિત્રતા એ છે કે આ જ્ઞાનથી વંચિત એવાં આપણે આવી બીમારીનું કારણ વધુ ગરમી કે ઠંડીને ગણીને ફરી ઍરકન્ડિશન કે હીટરનો ઉપયોગ કરી કેવળ મૂર્ખાઈનું જ પ્રદર્શન કરીએ છીએ.

વળી, આજના યુગમાં જીવનધોરણ ઊંચું જતાં આપણને જરૂરિયાત કરતાં વધુ સગવડો મળવા લાગી છે. બિનજરૂરી સગવડતાઓના ભોગી એવાં આપણે પાકેલ પપૈયાં જેવા થઈ ગયા છીએ. આપણે સારી રીતે જાણીએ છીએ કે, આ સગવડતાઓ જ આપણને તેના ગુલામ બનાવે છે. છતાં તેનો ત્યાગ કરવામાં પરાધીન એવાં આપણે સામાન્ય બીમારીઓ સામે પણ લડવા સક્ષમ રહ્યા નથી. જેમ પહેલાના જમાનામાં વ્યક્તિને રોજબરોજના કામમાંથી જ શરીરને જે કુદરતી વ્યાયામ મળી જતો, તે આજે નહીવત્ થઈ ગયું છે. તેમજ આધુનિક ઉપકરણોનો વધુ ઉપયોગ કરતાં એવાં આપણે એક માળથી બીજે માળ જવા માટે દાદર ચડવાને બદલે લિફ્ટનો અને કપડાં ધોવાં માટે વોશિંગ મશીનનો ઉપયોગ કરતાં થઈ ગયા છીએ. અરે...! થોડુંક નજીક બહાર જવું હોય, તો પણ ચાલીને જવાને બદલે વાહનનો ઉપયોગ કરીએ છીએ અને પાછા સવારે ચાલવા જવામાં ગૌરવ અનુભવીએ છીએ.



તેમજ આજે બીજી મોટી તકલીફ એ છે કે, વાલીઓ પોતે જ પોતાનાં સંતાનોનો ઉછેર કહેવાતા સલામતી ક્ષેત્ર (Safety Zone)માં જ કરે છે. પોતાનાં બાળકોને બહારના વાતાવરણ તથા રમત-ગમતની ટેવ ન પડાવતા, તેને વીડિયોગેમ, ટી.વી., લેપટૉપ, ઇન્ટરનેટ, મોબાઇલ વગેરેના આશિક બનાવી દીધા છે. આથી આવા ઘરઘૂસિયાં બાળકો (Homesick Kids) બહારની સામાન્ય પરિસ્થિતિઓનો સામનો પણ કરી શકતાં નથી અને ખૂબ જ અકળાઈ જાય છે. આવી સગવડતાઓ અને ખોટી આદતોને કારણે આપણે અને આપણાં સંતાનો સામાન્ય વાતાવરણ, ઋતુ, સ્થાન કે પાણીમાં ફેરફાર થતાં તરત જ બીમાર થઈ જઈએ છીએ. એટલું જ નહીં, પરંતુ શરીરને નાની એવી બીમારીમાંથી બહાર નીકળતાં દિવસો વિતી જાય છે. ખરેખર શરીર પોતાની જાતે ગમે તે પરિસ્થિતિમાં અનુકૂળતા સાધવા સક્ષમ છે. તો શું પોતાને સમજું માનતા એવાં આપણે, થોડી એવી ધીરજ રાખીને શરીરને પોતાનું કાર્ય કરવા માટે સમય ન આપવો જોઈએ?

### દર્દીમાં દવાનું ગાંડપણઃ

આજે આપણે અનેક ક્ષેત્રોમાં ઘણાં આગળ પહોંચવા છતાં સહનશક્તિની બાબતમાં ઘણાં પાછા પડતા જઈએ છીએ. સામાન્ય પરિસ્થિતિમાં પણ આપણે અનુકૂળતા સાધી શકતા નથી. તેના પરિણામે આજે આપણે નાની એવી બીમારીઓને પણ ખૂબ જ ગંભીર સ્વરૂપ આપીને તેનાથી બચવા બિનજરૂરી દવાઓ શરીરમાં ઠાલવીને દવાઓના ગુલામ બનવા લાગ્યા છીએ.



વાસ્તવમાં શરીર દરેક રોગ સામે લડવા શક્તિ ધરાવે છે. ભગવાને આપણાં શરીરમાં લીવરને દવાઓ ઉત્પન્ન કરતું મોટું કારખાનું બનાવ્યું છે. તે શરીરમાં પ્રવેશેલા કોઈ પણ રોગથી અજાણ હોતું નથી. તેમજ તે તમામ રોગને નાબૂદ કરવાની પૂરેપૂરી સક્ષમતા પણ ધરાવે છે, પરંતુ ભગવાને ગોઠવી આપેલી આ સુંદર વ્યવસ્થાને રોગ સામે લડવાનો અવસર ન આપતાં આપણે દવાઓની શરણાગતિ સ્વીકારીએ છીએ.

### દવાઓના અતિરેકથી શરીરમાં આવતી આજીવન બીમારીની પ્રક્રિયા

શરીરમાં સામાન્ય બીમારીઓ થાયઃ શરીરની રોગપ્રતિકારક શક્તિ સ્વયં તે બીમારીઓ સામે લડવાનો પ્રયત્ન કરે તે પહેલાં જ દર્દી દવાઓ દ્વારા બીમારી દૂર કરવાનું પસંદ કરે. શરીરની રોગપ્રતિકારક શક્તિ સામાન્ય બીમારી સામે લડવાના અનુભવથી વંચિત રહે. દર્દીના જીવનમાં દવાઓનો ઉપયોગ વધતાં, તે સામાન્ય રોગમાં પણ વધુ માત્રા અને વધુ પાવરની દવા લે ત્યારે જ દવાઓની અસર થાય. દવાઓનો ઉપયોગ એટલો બધો વધી જાય છે કે, તેની અસર થતી જ બંધ થઈ જાય (Antibiotic Resistance). હવે નથી દવાઓ રોગને કાઢવા માટે સક્ષમ કે નથી શરીરની રોગપ્રતિકારક શક્તિને સામાન્ય રોગ સામે લડવાનો અનુભવ. દર્દી આજીવન અનેક રોગનો આધીન થઈ જાય.

ભગવાને આપેલ રોગપ્રતિકારક શક્તિ પર વિશ્વાસ ન રાખતાં આપણે કેવળ દવાઓના આધારે જ સ્વસ્થ રહેવા મથીએ છીએ, પરંતુ જેમ જેમ દવાઓને આધીન બનીએ છીએ, તેમ તેમ આપણી રોગપ્રતિકારક શક્તિ ઘટતી જાય છે.

આપણે સહુ માનીએ છીએ કે, ઘરમાં ઘૂસી ગયેલ ઝેરી સાપને બહાર કાઢવામાં જ ડહાપણ છે, પરંતુ તેના ઉપર ટોપલો ઢાંકી, આંખ મિંચામણા કરી ઘરમાં સાપ નથી એવું માનીને હરખાવું તે બુદ્ધિમતા નથી. તેવી જ રીતે આપણો હેતુ રોગને મૂળમાંથી કાઢવાનો હોવો જોઈએ, પરંતુ બિનજરૂરી દવાઓના ઉપયોગથી બીમારીને દબાવીને આપણા જ શરીરમાં કાયમી નિવાસ આપવો તે શું યોગ્ય છે?

આમ, બિનજરૂરી દવાઓ દ્વારા રોગને શરીરમાં જ ઢાંકી દેવાથી તે રોગ ક્યારેય નિર્મૂળ થવાના નથી. શરીર સ્વાસ્થ્ય અંગે અજ્ઞાની અને અધીરિયા સ્વભાવને પૂર્વ સાવધાનીમાં ખપાવતા એવા આપણે આ બાબતે શું થોડું વિચારવું ન જોઈએ...? ■

feedback@bombaysamachar.com

**આહારથી આરોગ્ય સુધી**

**ડૉ. હર્ષા છાડવા**

# તંદુરસ્ત ઊંઘના હોર્મોન



એક તંદુરસ્ત ઊંઘ કે નીંદર બધા જીવો માટે ઇશ્વરીય વરદાનરૂપ છે. ઉચ્ચસ્તરીય જીવન અને સ્વાસ્થ્ય માટે તંદુરસ્ત ઊંઘનું મહત્ત્વ અનેકઘણું છે. જીવનનો સૌથી જરૂરી ભાગ છે. જે માનસિક સ્વાસ્થ્ય માટે પ્રબળ ભાગ ભજવે છે. પ્રયાપ્ત માત્રામાં ઊંઘ ન આવવી એ શરીર માટે જોખમકારી છે. સ્વસ્થ ઊંઘ માટે પ્રાકૃતિક આહાર, સ્વસ્થ વિચારો અને શારીરિક શ્રમ અગત્યનું છે. આધુનિક સમયમાં વ્યસ્ત જીવન છે પણ શારીરિક શ્રમનો અભાવ છે. ફકત આર્થિક રીતે સધ્ધરતા માટેનું જીવન માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક રીતે હાવી થયેલું જણાય છે જે સામાજિક જીવન ધોરણને પણ બગાડી રહ્યું છે. આધુનિક શૈલીનું ભોજન જે પણ સ્વાસ્થ્ય પર જોખમકારી અને નકારાત્મક પ્રભાવ પાડી રહ્યું છે. જેથી બીમારીઓનો ઉદ્‌ભવ વધુ પ્રમાણમાં થયો છે. આ બધીય અસરો માનસ પર થતાં ઊંઘ પર પણ નકારાત્મક પ્રભાવ પાડે છે. મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનિક ગેજેટનો વધુ ઉપયોગ તેમ જ રાત્રે મોડે સુધી જાગવું એ પણ ખરાબ ઊંઘ માટે જવાબદાર છે. ઊંઘથી જોડાયેલી સમસ્યાઓ વધુ પડતી દવાઓનો ઉપયોગ ઉત્તેજક અને મસાલેદાર ભોજન પણ છે. જેને નીંદર સંબંધી સમસ્યાઓને નીંદર સંબંધી વિકાર, સ્લીપ ડીસ ઓર્ડર, નાર્કોલેપ્સી કે સ્લીપ એપનિયા કહે છે. આ વિકારો રાતની નીંદરની ગુણવત્તા, માત્રા અને સમય પર પ્રભાવિત કરે છે. ઉંમર પ્રમાણે ઊંઘ ઓછી થવી એ પણ શરીરની કાર્યક્ષમતા ઓછી થવાને કારણે થાય છે. લાંબા સમયની બીમારીને કારણે શરીરની કાર્યક્ષમતા ઓછી થાય છે. અકસ્માતના કારણે કોઇ ઘાવને કારણે પણ નીંદર ઓછી થાય છે.

ઉચ્ચસ્તરીય સ્વસ્થ ઊંઘ માટે શરીરમાં હોર્મોન કાર્યક્ષમ હોવું જરૂરી છે. મેલાટોનીન અને સેરોટોનીન હોર્મોન આ બન્ને રસાયણો પણ છે જેનું સ્તર શરીરમાં જળવાયેલું હોવું જોઇએ. મેલાટોનીન એક એન્ટિ એજિંગ ઊંઘ માટેનું હોર્મોન છે. આ એક પેટટાઇડ હોર્મોન છે. જે મસ્તિષ્કમાં અમીનોએસિડ ટ્રિપ્ટોફેનથી પીનીયલ ગ્રોંથ દ્વારા નિર્માણ થાય છે. જે શરીરની સર્કેડિયન લયને નિયંત્રિત કરે છે. જે રાત્રે વધુ સક્રિય હોય છે. જે અવસાદ અલ્ઝાઇમર, ચિડચિડાપણું એકાગ્રતાના વિકારથી બચાવે છે. બાળકોમાં પણ એકાગ્રતા, સ્મૃતિ, ઊર્જાના સ્તર માટે જરૂરી છે. આની માટે પ્રાકૃતિક ભોજન, સમય પર ભોજન કરવું જરૂરી છે. આના સ્ત્રોતો ગોજીબેરી (એકજાતના લાલ જાંબુ) સૂકા પણ મળે છે. એન્ટિ ઓક્સિડેન્ટથી ભરપૂર છે. જે ગ્લુકોઝ વિનિમય અને પ્રતિરક્ષાના કાર્ય માટે સમર્થ છે. મશરૂમ ઘણીયે જાતીના મળે છે. મેલાટોનીનનો સારો સ્ત્રોત છે. જેમાં કેલ્શિયમ, પ્રોટીન ઉચ્ચ પ્રકારના હોય છે. કેળા, કાચાકેળા બન્નેનો ઉપયોગ કરી શકાય છે જે શરીરને શક્તિપ્રદાન કરે છે. મકાઇ, બેબીકોર્ન જેમાં મેગ્નેશિયમ, વિટામિન-સી અને ફાઇબર છે. મેલાટોનીનનો ઉચ્ચસ્તરીય સ્ત્રોત છે. બધી જાતના સૂકા મેવા, પમકીનસીડમાં જોવા મળે છે.

મેલાટોનીનની કમીથી અન્ય શરીરમાં ખામી થાય છે તે ગંજાપણું, જેટલેગ, ઉચ્ચરક્તચાપ, કરચલીઓ વગેરે મેલાટોનીન માટે દવાઓનો ઉપયોગ કરવો ઘાતક છે. દવાઓની સાઇડ ઇફેક્ટ ઉદાસીપણું આવવું, માથું દુઃખવું, વાળ ખરવા વગેરે થાય છે.

સેરોટોનીન આ હોર્મોન જે એક રસાયણ છે. તે મસ્તિષ્ક અને શરીરની તંત્રિકા કોશિકાઓને સંદેશો પહોંચાડવાનું કામ કરે છે. જે આપણી ભૂખ, નીંદર, મૂડ, પાચન, ઘાવભરવા, હાડકાનું સ્વાસ્થ્ય, યાદશક્તિ, કામવાસના, લોહીમાં થક્કા વગેરે માટે કામ કરે છે. આની ઓછપ કે વધુ માત્રાથી શારીરિક અને માનસિક સમસ્યાઓ પેદા થાય છે. આનું સંતુલન રહેવું જરૂરી છે. આ એક મોનોમાઇન ન્યૂરોટ્રાન્સમીટર છે. જે અમીનોએસિડ ટ્રિપ્ટોફેનથી બને છે. આના સ્તરને જાળવી રાખવા માટે પનીર, અનાનસ (પાઇનેપલ), સૂકા મેવો અને અન્ય બીજ સૂરજમુખી, તલ, અળસી લેવા જોઇએ. લીલા પાંદડાવાળી ભાજીનો ઉપયોગ વધુ થવો જોઇએ. સૂર્યપ્રકાશ શરીરને મળવો જોઇએ. વધુ પડતો વ્યાયામ અને તનાવથી બચવું જોઇએ. બજારુ દવાઓથી બચવું જરૂરી છે. સેરોટોનીન સિંડ્રોમ ઘાતક હોઇ શકે સમય પર જાણ થવી જરૂરી છે. જો કંપકપી થાય, પસીનો વધુ આવે, ભ્રમ, બેચેની, ઝાડા, બેહોશી વગેરે આના લક્ષણ હોઇ શકે. સેરોટોનીન અને મેલાટોનીન હોર્મોન બન્નેનું સંતુલન જરૂરી છે. કોર્ટિસોલ નામનું હાર્મોન પણ સંતુલિત હોવું જોઇએ. આને તનાવનું હોર્મોન પણ કહેવાય છે. આ એક ગ્લુકોકોર્ટિકોઇડ હોર્મોન છે. જે તનાવથી વધે છે. તનાવથી દૂર રહેવું જોઇએ. શારીરિક શ્રમ કરવાથી થોડો થાક લાગે પણ જરૂરી છે. સારી ઊંઘ માટે પ્રાકૃતિક જીવન ધોરણ જ કેળવવું જોઇએ. આધુનિક સમયમાં તનાવ થવો એ સામાન્ય છે જો પ્રાકૃતિક ખોરાક આની સામે લડવાની તાકાત બક્ષે છે. ■



પ્રકરણ ૯૯

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'**તમને** બધાને જાણીને આશ્ચર્ય થશે કે...' કબીરે બધાની સામે એક નજર દોડાવતાં કહ્યું:

'કોઈએ જતીનકુમારનું નામ લખ્યું નથી.' કબીરે ધડાકો કર્યો.

'શું વાત કરો છો...' જતીનકુમાર ઊછળી પડ્યાઃ પહેલીવાર તમારા ગાલ પર એક કિસ કરવાની ઇચ્છા થાય છે.'

'એવું કરતા નહીં, નહીંતર હું મારા હાથે બધી કાપલીમાં તમારું નામ લખી દઈશ.' કબીરે કૃત્રિમ ગુસ્સો કર્યો.

'પણ અંકલ, એવું કેમ બને? કોઈએ તો જીજાજીનું નામ લખ્યું જ હોય ને?' વિક્રમ બોલી ઊઠ્યો.

'કાં, સાળાબાબુ, મારા પર આટલો પ્રેમ ઊભરાઈ આવે છે તો પછી તમે જ શા માટે મારું નામ ન લખ્યું?' જતીનકુમાર ખુશખુશાલ જણાતા હતા.

'હા, વિક્રમ, એવું જ બન્યું છે. મેં તને કહ્યું ને... ફક્ત એક જ માણસનું નામ બે વાર લખાયું છે?'

'કોણ છે એ વ્યક્તિ...?' કરણ અધીર બની ગયો.

'હા...હા... કોણ છે એ મહાપુરુષ... કે પછી મહાસ્ત્રી?' હવે પોતાનું નામ નહીં નીકળે એની ખાતરી થઈ જતાં જતીનકુમાર હવે ચૂપ રહે તેમ નહોતા.

'હા, હા, અંકલ બોલોને...' વિક્રમ પણ નામ જાણવા ઉત્સુક હતો.

'ઠીક છે... તમે બધાં જાણવા આતુર છો તો મને શું વાંધો હોય. જેનું નામ બે વાર કાપલીમાં આવ્યું છે એ છે...'

ડાઇનિંગ ટેબલ પર દરેક એ જાણે પોતાના શ્વાસોશ્વાસનો અવાજ સાંભળી શકતા હતા.

'...વિક્રમ દીવાન...' કબીરે નામ જાહેર કર્યું.

'વાહ સાળાબાબુ વાહ, શું આબરૂ બનાવી છે, વાહ, હવે તો કેસ દીવા જેવો સ્પષ્ટ છે...' જતીનકુમારને મોકો મળ્યો હોય એમ વિક્રમ પર દાઝ ઉતારી.

'જમાઈબાબુ, આપણે કાચના ઘરમાં રહેતા હોઈએ...' વિક્રમ બોલવા ગયો પણ જતીનકુમારે એને વચ્ચેથી જ અટકાવીને કહ્યુંઃ કોણે કહ્યું? કોણે કહ્યું? આપણું પાકું ઈંટનું મકાન છે, સાળાબાબુ, એટલે હવે એવા ફિલ્મી ડાયલોગ ફટકારવાના રહેવા દો !'

પૂજાથી રહેવાયું નહીંઃ 'એવું કેમ બને અંકલ, કોઈનું નહીં અને એમનું નામ બે વાર આવે...?'

'હવે રહેવા દે તારી સહાનુભૂતિ... એક નામ આ જીજાજીએ લખ્યું હશે અને બીજું તેં લખ્યું હશે... ઘરના જ ઘાતકી છે...!' વિક્રમ છેડાઈ ગયો હતો.

'ઘરના માણસોને બહારના કરી મૂકો તો ઘાતકી બની જ જાય ને...' જતીનકુમારે બળતામાં ઘી હોમ્યું. વિક્રમ આગઝરતી આંખે જમાઈને જોઈ રહ્યો.

'બીજું એક નામ એવું છે જેની મેં પણ કલ્પના નહોતી કરી...' કબીર બોલ્યો.

બધાં કબીર સામે ઉત્સુકતાથી જોઈ રહ્યાં.

'જય' કબીરે બીજો ધડાકો કર્યો.

'ઓહ, તો આ કામ સાળા-બનેવીનું છે?' જતીનકુમારને બોલવાની તક જોઈતી હતી.

'હવે તમે તમારી બોલતી બંધ રાખો તો સારું...' વિક્રમ હવે ઢીલોઢફ લાગતો હતો.

'જમાઈબાબુ,' પ્રભાએ મોટા પુત્રનો પક્ષ લીધોઃ

'આ તો ફક્ત એક રમત હતી...'

'હા, હા, શા માટે નહીં? પણ એટલું કબૂલવું પડશે કે આ ઘર છે ખાનદાન, કોઈએ મારું નામ લખ્યું જ નહીં.' જતીનકુમારને હજી સુખદ આશ્ચર્યના આઘાતથી કળ નહોતી વળી.

'હું તો વરસોથી તમને કહું છું, તમે ક્યાં મારી વાત કાને ધરો છો...' રેવતીએ ફરિયાદ કરી.

'હવે તું તો રહેવા જ દે... આ લોકો ક્યાંય મારું નામ લખતા નથી, કાપલીમાંય નહીં અને વસિયતનામામાંય નહીં...' જતીનકુમારને અચાનક વસિયતનામું યાદ આવતાં ઊકળી પડ્યા.

'નાઉ લિસન,' કબીરે ખોંખારો ખાઈને વાત શરૂ કરીઃ

'મેં એવું ધાર્યું હતું કે કોઈ એક જ વ્યક્તિનું નામ ચાર-પાંચ વાર આવશે એટલે આ ગેમ રમાડી હતી, પણ ખેર, જે પરિણામ આવ્યું છે એના પરથી કોઈ નિર્ણય પર પહોંચી ન શકાય...'

વિક્રમને નિરાંતનો શ્વાસ લેતાં જોઈને કબીર હસ્યો અને ફરી પોતાની વાતનું અનુસંધાન મેળવ્યુંઃ

'પણ આજે સવારના મને બે મહત્ત્વની કડી મળી છે. એક તો બેશુદ્ધ કરવામાં આવેલા બે સિક્યુરિટી ગાર્ડ્સને હું સવારે મળ્યો છું. એમની પાસેથી મહત્ત્વની માહિતી મળી છે.'

બધાં શ્વાસ અટકાવીને કબીરની વાત સાંભળી રહ્યાં હતાંઃ

'બીજું, મને જગમોહનના બેડરૂમમાંથી આજે સવારના અગત્યના પુરાવાઓ પણ મળી આવ્યા છે. મને આશ્ચર્ય થાય છે કે પહેલીવાર એના પર મારું ધ્યાન કેમ ન પડ્યું, એની વે, કાલે સવારના ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના ઑફિસર આવીને એ પુરાવાઓ લઈ ન જાય ત્યાં સુધી કોઈ એ રૂમમાં દાખલ નહીં થાય. મારું માનવું છે કે એ પુરાવાઓ ખૂનીની ઓળખ સ્થાપિત કરવામાં મદદરૂપ થશે.' કબીરે બધાંના ચહેરાનું અવલોકન કરતાં કહ્યું.

'તો શું હું પણ એ રૂમમાં ન જાઉં?' પ્રભાએ પૂછ્યું.

'ના, તમે પણ નહીં,'

'વિક્રમ તો ખાસ નહીં જાય...' જતીનકુમારે સૂચના આપતા હોય એ ઢબે કહ્યું.

'જમાઈબાબુ, તમે પણ નહીં' વિક્રમના ચહેરા પર ફેલાતી તંગદિલી જોઈને જતીનકુમારને કબીરે ટપાર્યા.

'અરે, મને તો હવે તમે મુક્ત કરો તો સારું... જોયું ને દીવાન પરિવારના નબીરાઓએ મને કેરેક્ટર સર્ટિફિકેટ આપી દીધું છે.'

'અંકલ, જયનું નામ કોણે આપ્યું હશે?' પૂજાના અવાજમાં ચિંતા ટપકતી હતી.

'એ કેવી રીતે ખબર પડે?' કબીરે જવાબ આપ્યોઃ

'હા, પણ બસ આજનો દિવસ. આવતીકાલે તો હું તમને હુમલાખોરનું નામ આપી દઈશ.'

ડાઇનિંગ ટેબલ પર સન્નાટો પથરાઈ ગયો.

**********************

કબીરે ઘડિયાળમાં જોયું, રાતના સાડા બાર વાગ્યા હતા. એ આસ્તેથી ઊઠ્યો ને કોરિડોરમાં આવ્યો. લાંબી કોરિડોરમાં એક ઓછા પાવરનો બલ્બ બળતો હતો.

કબીરે આજુબાજુ જોયું. કોઈ નથી એની ખાતરી કરી લીધા બાદ એણે ડાબી તરફ જગમોહનના બેડરૂમ તરફ ચાલવા માંડ્યું. કોઈ બીજું એના કમરામાંથી બહાર નીકળે એ પહેલાં કબીર જગ્ગેના રૂમમાં છુપાઈ જવા માગતો હતો.

એણે બારણું ખોલ્યું અને દબાતા પગલે અંદર દાખલ થઈ ગયો.

જેણે પણ આ કૃત્ય કર્યું હશે કે કરાવડાવ્યું હશે એ પુરાવાનું નામ પડતાં ફફડી જશે અને જગમોહન પર થયેલા હત્યાના પ્રયાસમાં જે પણ સંડોવાયેલું હશે એ પુરાવાઓનો નાશ કરવા બેડરૂમમાં આવશે એવું કબીરે વિચાર્યું હતું. જો કોઈ આવશે તો એ સોફા કે બારી તરફ જ પ્રૂફની તલાશ કરશે.

કમરામાં અંધકાર છવાયેલો હતો.

કબીરે એક ખુરશીને ખૂણામાં ખેંચી અને એમાં ગોઠવાઈ ગયો. એક આખી રાતનો ઉજાગરો થશે-એણે વિચાર્યું.

જગમોહનના બેડરૂમમાં પથરાયેલા ઘટ્ટ અંધકારને ભેદીને એણે ચોતરફ જોવાની કોશિશ કરી.

આજ રૂમમાં જ બેસીને એના પરમ મિત્રે જગ્ગેએ તરફડીને આત્મહત્યાનો માર્ગ અખત્યાર કર્યો હશે.

એના સદનસીબે એ બચી ગયો, પણ નિયતિએ કદાચ જૂદું જ ધાર્યું હતું. આપઘાતમાંથી બચી ગયો તો કોઈએ એને મારી નાખવાની કોશિશ કરી.

જગમોહન નહીં બચે તો...

કબીર ધ્રૂજી ગયો. ના, એનો મિત્ર એને દગો આપી એકલો ચાલ્યો નહીં જાય. એનો દોસ્ત એને છેહ નહીં આપે..હજી તો દાર્જિલિંગ જઈને ધમાલ મચાવવી છે.

એ જ પળે કબીરે દરવાજો ખૂલવાનો અવાજ સાંભળ્યો. એનો શ્વાસ અધ્ધર થઈ ગયો.

અંધકારમાં કંઈ દેખાતું નહોતું. આગંતુકે બારણું બંધ કર્યું અને અંદર આવ્યો.

કબીરને દૂરથી એ વ્યક્તિ ઓળા જેવી લાગતી હતી. એણે ધારીધારી એની સામે જોવાની કોશિશ કરી. અચાનક પેલી વ્યક્તિએ ટોર્ચ સળગાવી. રૂમમાં રૂપેરી લિસોટો ફરી વળ્યો.

ઓહ, આ તો પૂજા છે...!

પૂજા શા માટે અહીં આવી હશે? શું એ ઊંઘમાં ચાલતી હશે? પણ ઊંઘમાં ચાલતી વ્યક્તિ ટોર્ચ લઈને ટહેલવા નીકળે? અને એ પણ જગમોહન દીવાનના રૂમમાં શા માટે આવે? એનો ઇરાદો નક્કી પુરાવો મિટાવવાનો હશે!




તો શું પૂજાએ...

કબીર આગળ વિચારી ન શક્યો. એ ચૂપચાપ પૂજાની હિલચાલ જોતો રહ્યો.

પૂજા સોફા પાસે આવી. ટોર્ચની મદદથી એ સોફા પર કંઈ શોધવા લાગી. અચાનક એક કપડું લઈને એ સોફાને સાફ કરવા લાગી. કબીરને આશ્ચર્ય થયું-પૂજા શું કરી રહી છે? એ સોફા પર પડેલા ફિંગરપ્રિન્ટ્સને ભૂંસવાનો પ્રયાસ તો નથી કરી રહીને?

કબીર અવાક થઈ ગયો. પૂજા ખરેખર આંગળીનાં નિશાન મિટાવી રહી હતી. થોડી વાર બાદ એણે સોફાની નીચે, આજુબાજુ, બારી પાસે ટોર્ચ ફેંકીને કંઈક શોધવાની કોશિશ કરી. કદાચ કંઈ મળ્યું નહીં.

'ભગવાન જાણે શું થશે!' પૂજા બબડી અને પછી દબાતા પગલે બહાર નીકળી ગઈ.

કબીર ઝડપથી ઊભો થયો અને આસ્તેથી બારણું ઉઘાડીને બહાર જોયું.ત્યારે

પૂજા એવી રીતે ચાલી રહી હતી જાણે ઊંઘમાં ચાલતી હોય! કબીર ધીમા પગલે પોતાની જગ્યા પર જઈને ફસડાઈ પડ્યો તો શું પૂજા ઊંઘમાં ચાલવાની બીમારીનો ઢોંગ કરે છે?!

-પણ શા માટે...?

જે હોય તે એટલું ચોક્કસ હતું કે કબીરને જે વ્યક્તિનો ઇંતેજાર હતો તે ધાર્યા કરતાં જલદી આવી ગઈ હતી. કબીરને હતું કે કદાચ આખી રાત ફિલ્ડિંગ ભરવી પડશે. હવે બેસવાનો કોઈ અર્થ નથી વિચારીને એ ઊભો થવા જતો હતો ત્યાં બારણું ખૂલવાનો ફરી અવાજ આવ્યો. કબીર ચમકીને ફરી પોતાની જગ્યા પર બેસી ગયો. પૂજા કંઈક ભૂલી ગઈ હશે...!

એણે જોયું કે કોઈ બારણું ખોલીને અંદર પ્રવેશી ચૂક્યું હતું, પણ આવનારની ઊંચાઈ પૂજા કરતાં વધુ હતી.

અરે, આ તો કરણ... એ અહીં શું કરે છે...?

કરણે ખિસ્સામાંથી માચીસ કાઢી. એક સળી કાઢીને એણે પેટાવી અને પ્રગટેલી દીવાસળીને લઈને એ સોફા સુધી ગયો. ત્યાં પહોંચતાં જ દીવાસળી બુઝાઈ ગઈ. કરણે બીજી કાંડી પેટાવી નહીં.

કબીરે જોયું કેકરણ પણ એક કપડાથી સોફાને સાફ કરવાની ચેષ્ટા કરતો હતો.

ઇન્ટરેસ્ટિંગ... કબીરે વિચાર્યું. કબીરે બધાની સમક્ષ જાહેર કર્યું કે એને આ રૂમમાંથી પુરાવા મળ્યા છે એટલે પહેલાં પૂજા આવી અને ત્યારબાદ કરણની પધરામણી થઈ.

એવું કેવી રીતે બને કે બે જુદી જુદી વ્યક્તિ એક જ ગુનાના પુરાવાને નષ્ટ કરવામાં રસ ધરાવે, સિવાય કે બંને મળેલાં હોય....પણ જો ભળેલાં હોય તો બંને સાથે આવે, અલગ અલગ નહીં.

કબીર ચકરાઈ ગયો, આ તો કેસ વધુ ને વધુ ગૂંચવાઈ રહ્યો છે. એણે જોયું હવે કરણ વાંકો વળીને સોફાની નીચે કંઈક શોધતો હતો. થોડી વાર બાદ એ બારી પાસે ગયો એક નજર નીચે ફેંકી અને પછી જેવી રીતે આવ્યો હતો એટલી જ સાવચેતીથી એ બહાર નીકળી ગયો.

કબીરે કપાળ પરથી પરસેવો પોંછ્યો. એની આંખ ઘેરાતી હતી. એ ઊભો થઈને દરવાજા પાસે આવ્યો. એ દરવાજો ખોલવા જતો હતો ત્યાં જ એને લાગ્યું કે બહારથી કોઈ ડોરનો નોબ ફેરવી રહ્યું હતું.

એ લપકીને સાઈડમાં છુપાઈ ગયો.

દરવાજો ફરી ખૂલ્યો અને એક વ્યક્તિએ પ્રવેશ કર્યો....કબીર આશ્ચર્ય પામી ગયો.

આ ઘર છે કે શું? દરેક જણ પુરાવાનો નાશ કરવા મરણિયું થયું છે. એનો અર્થ એ કરવો કે બધાંએ ભેગાં મળી જગમોહનને પતાવી દેવાનો પ્રયાસ કર્યો છે?ઓહ,નો એવું કેવી રીતે બને...?

અવારનવાર વ્યક્તિ કંઈક બબડતી હતીઃ 'આટલું બધું અંધારું!'

ઓત્તારીની...આ તો જમાઈબાબુ. એ અહીં શું કરે છે?

'આવો જમાઈબાબુ, આજે તમે રંગે હાથે પકડાઈ ગયા...' જતીનકુમારનો હાથ કબીરે પકડી લીધો. (ક્રમશઃ)■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જલેબી | WHEY |
| ભજીયા | WATER BALLS |
| મઠ્ઠો | FRITTERS |
| સમોસા | FUNNEL CAKE |
| પાણીપુરી | RISSOLE |

## ઓળખાણ પડી?

પેસ્ટ્રી, સમારેલા કાજુ અને સીરપ કે મધનો ઉપયોગથી તૈયાર થતી ટર્કીશ મીઠાઈની ઓળખાણ પડી? અરેબિયન અને પર્શિયન રસોઈમાં પણ વપરાય છે.



અ) MAAMOUL બ) BAKLAVA ક) HANINI ડ) LOKUM

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એ | કા | ૨ દ | શી | | ૩ વા | ક્ | ૪ બા | ૫ ર | ૬ સ |
| ખ | | સ્ત | | ૭ ધ | ર | | ૮ ગ | મા | ર |
| ૯ લા | ૧૦ ચ | ક | | ૧૧ ન | ક | લ | | ૧૨ કાં | સુ |
| ૧૩ સ | મ | | ૧૪ બો | તે | રી | | ૧૫ ભા | ત | |
| | ન | | | ર | | ૧૬ લા | વ | | ૧૭ બે |
| ૧૮ કા | | ૧૯ ભા | | ૨૦ સ | દા | | | ૨૧ ખ | સ |
| ળી | | ૨૨ વ | દ | | | ૨૩ ઉ | ૨૪ ક | ળ | તું |
| ૨૫ ચૌ | ૨૬ વ | ના | | ૨૭ દિ | | ૨૮ પ | ળ | | વ |
| ૨૯ દ | ર | | ૩૦ ભા | વા | વે | શ | | ૩૧ હ | ર |
| શ | | ૩૨ રં | ગો | ળી | | મ | | ૩૩ વા | સ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ |
| | | ૮ | | | | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ | | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | | |
| ૧૮ | | | | | | | | ૧૯ | |
| | | | ૨૦ | | ૨૧ | | | | |
| ૨૨ | | ૨૩ | | ૨૪ | | | | ૨૫ | ૨૬ |
| | | | | ૨૭ | | | | | |
| ૨૮ | ૨૯ | | ૩૦ | | | | ૩૧ | | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. સરસ્વતી પૂજનનો દિવસ (૫)
૫. વિદ્યાની દેવી (૪)
૮. કારણ (૩)
૯. ઝેર (૨)
૧૦. ઉપવાસમાં ખવાય (૩)
૧૨. રાજકારણમાં --- સમીકરણો બને (૨)
૧૪. અસત્ય, મિથ્યા, અવાસ્તવિક (૩)
૧૫. એક --- કણ સૂરજ થવાને શમણે (૨)
૧૬. જાદુ, વશ કરવાનો મંત્ર (૫)
૧૮. ત્રાંસી (૩)
૧૯. ----, દામ, દંડ, ભેદથી કામ કરાય (૨)
૨૧. કામદેવ (૪)
૨૨. અતિ ખરચાળ માણસ (૩,૪)
૨૫. એક રાશિ, માછલી (૨)
૨૭. એક લુચ્ચું પ્રાણી (૩)
૨૮. ઝઘડાખોર સ્ત્રી (૪)
૩૨. હાલકડોલક, અસ્થિર (૪)
૩૩. મોકૂફ (૪)

**ઊભી ચાવી**

૧. એક પછી એક (૫)
૨.---ના કાંટા બહુ વાગે (૩)
૩. ધૂળ (૨)
૪. સહન કરનાર (૫)
૫. હંમેશ (૨)
૬. આવકાર (૩)
૭. યાત્રાસ્થળ (૪)
૧૧. રાજખટપટ (૫)
૧૩. ગુનો, દોષ (૨)
૧૪. વિના (૨)
૧૭. બાળકનો સ્વભાવ --- હોય (૫)
૧૯. છઠ્ઠી પછીનું ધોરણ (૩)
૨૦. --- ભારત એક્સપ્રેસ ટ્રેન છે (૨)
૨૧. ખુશી, પ્રસન્ન (૪)
૨૨. દિવાળીમાં ફોડવા ગમે (૪)
૨૩. ઉપવાસ --- કરવો જોઈએ (૪)
૨૪. તાજું નહીં એવું (૨) (જો.છૂ.)
૨૬. એકદમ નવી (૪)
૨૯. સ્ત્રી (૨)
૩૦. માછલી પકડવા બિછાવાય (૨)
૩૧. વર્ષ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'અનેકવાર ભીડમાં પોતાનું ફરજંદ ઓળખાઈ જાય' પંક્તિમાં ફરજંદ શબ્દનો અર્થ જણાવો.

અ) અધિકાર બ) પડછાયો ક) આવાસ ડ) સંતાન

## માતૃભાષાની મહેક

ફરજ એટલે કર્તવ્ય, આવશ્યક કર્મ, નીતિ ધર્મને માન આપી કરાતું આચરણ. ફરજ બજાવવી એટલે પોતાનું કર્તવ્ય પાર પાડવું. ફરજ પડવી એટલે ફાળે આવતું આવશ્યક કર્મ કરવું, પરાણે કરવું પડતું કામ. ગાંધીજી કહે છે કે, માણસ જેટલે અંશે પોતાની ફરજ બજાવે છે, તેટલે દરજ્જે તે પ્રેમપાત્ર થાય છે.

## સુડોકુ-૭૦૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૬ | | ૧ | | | ૫ |
| | ૫ | | ૯ | | ૮ | | ૬ | |
| | ૮ | ૬ | | | | ૪ | ૭ | |
| | | ૫ | ૨ | | ૪ | ૬ | | |
| | | | | | | | | |
| | | ૩ | ૮ | | ૬ | ૭ | | |
| | ૬ | ૮ | | | | ૯ | ૩ | |
| | ૯ | | ૩ | | ૫ | | ૧ | |
| ૨ | | | ૪ | | ૯ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ | ૩ | ૬ | ૫ |
| ૪ | ૭ | ૯ | ૫ | ૩ | ૬ | ૨ | ૮ | ૧ |
| ૫ | ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૪ | ૭ | ૯ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ |
| ૬ | ૪ | ૨ | ૩ | ૭ | ૯ | ૧ | ૫ | ૮ |
| ૭ | ૩ | ૧ | ૨ | ૮ | ૫ | ૬ | ૯ | ૪ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૮ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૯ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ GELOTOLOGYના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ભૂગોળ બ) માણેક ક) હાસ્ય ડ) સ્વભાવ

## ઈર્શાદ

*જે શોધવામાં જિંદગી આખી પસાર થાય,*
*એ જ હોય પગની તળે - એમ પણ બને.*

-- મનોજ ખંડેરિયા

## માઈન્ડ ગેમ

આયુર્વેદિક પદ્ધતિથી ઉપચાર કરાવતી વખતે વૈદ્ય દ્વારા ખોરાકમાં સિંધાલૂણનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે છે. તો શેનો ઉપયોગ કરવો જોઈએ?

અ) સ્વાદ બ) લસણ
ક) મીઠું ડ) સાકર

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મુદતિયો તાવ | TYPHOID |
| ટાઢિયો તાવ | MALARIA |
| પીળો તાવ | YELLOW FEVER |
| કમળો | JAUNDICE |
| ઓરી | MEASLES |

ઓળખાણ પડી?
SALAK

ગુજરાત મોરી મોરી રે
નામ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મહાન

માઈન્ડ ગેમ
હિપોક્રેટીસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવિણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી. સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો કેનેડા (૩૯) મનીષા શેઠ (૪૦) ફાલ્ગુની શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# શવાસન દરમિયાન શરીર ને મનને પ્રગાઢ આરામ મળે છે



જેમ સંગીતશાસ્ત્રમાં 'સા'ને બધા સ્વરોના પાયારૂપ આવે છે તેમ શવાસન બધાં આસનોના પાયારૂપ છે. શવાસન દ્વારા કરેલી શરીરની તણાવમુક્ત અને ચિત્તની અવસ્થા બધાં આસનોના અભ્યાસ દરમિયાન જાળવી રાખવી જોઇએ. જ્યારે આ સ્વરૂપની અવસ્થા જાળવી રાખીને અન્ય આસનોનો અભ્યાસ કરવામાં આવે ત્યારે આસનો સાચા અર્થમાં યોગાભ્યાસ બની શકે છે.

સામાન્યતઃ શવાસન પાંચથી દસ મિનિટ માટે કરવું જોઇએ. વિશેષ કારણસર, માનસિક તાણ જેવી બીમારીની ચિકિત્સાના ભાગરૂપે શવાસન આથી લાંબા સમય માટે પણ કરી શકાય છે.

શવાસન દિવસમાં બેથી ચાર વખત કરી શકાય છે.

(૪) હવે આપણે જોઇએ કે શવાસનથી શું થાય છે અને શવાસનનો અભ્યાસ વ્યક્તિને માનસિક તાણ (stress)માંથી કઇ રીતે મુક્ત કરે છે.

પ્રથમ આપણે જોઇએ કે શવાસનથી શું થાય છે.

શવાસનથી શરીરને ઊંડો અને ગાઢ વિશ્રામ મળે છે. સાચા શવાસનથી જે આરામ મળે છે તે નિદ્રા કરતાં પણ વધુ ઉચ્ચતર કક્ષાનો હોય છે.

શવાસનથી શરીર ઉપરાંત મનને પણ પ્રગાઢ વિશ્રાંતિ મળે છે. આપણી ઊંઘ સામાન્ય રીતે સ્વપ્નોની ઘટમાળથી યુક્ત હોય છે, તેથી શવાસનથી ચિત્તને જે વિશ્રાંતિ મળે છે તેવી વિશ્રાંતિ નિદ્રામાં ભાગ્યે જ મળે છે.

શવાસનના અભ્યાસ દરમિયાન જ્ઞાનતંત્રને ઊંડો આરામ મળે છે અને વધુ લોહી મળે છે. તેથી શવાસનના અભ્યાસથી જ્ઞાનતંત્ર ખૂબ તંદુરસ્ત અને કાર્યક્ષમ બને છે.

શવાસનના અભ્યાસથી માનસિક શાંતિ અને ચિત્તની એકાગ્રતામાં વધારો થાય છે.

ચિત્તવૃત્તિના નિરોધની અવસ્થામાં પહોંચવા માટે શવાસન એક દ્વાર બની શકે છે, એટલે કે શવાસન ધ્યાનની એક પદ્ધતિ બની શકે તેમ છે.

સમર્પણભાવ અર્થાત્ ઇશ્વરપ્રણિધાનની કેળવણી માટે શવાસનનો અભ્યાસ ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

આમ શવાસનની ઉપયોગિતાનો વ્યાપ ઘણો બહોળો છે.

હવે આપણે જોઇએ કે શવાસનના અભ્યાસથી તાણા (stress)ની બીમારીમાંથી કેવી રીતે મુક્ત થઇ શકાય છે.

તાણ દરમિયાન ચિત્તમાં જે ઘટના બને છે અને શવાસન દરમિયાન ચિત્તમાં જે બને છે. તે બંને પરસ્પર વિરોધી ઘટના છે. આપણે શરીર-મનને ઢીલાં છોડી દેવા (relaxation)ની પ્રક્રિયાનો અભ્યાસ કરીએ છીએ તે વસ્તુતઃ શરીર-મનને તાણથી મુક્ત કરવાનો જ અભ્યાસ છે.

શવાસન એટલે શરીર-મનને પ્રગાઢ આરામ આપવાની યૌગિક પ્રક્રિયા.

તાણ (stress) દરમિયાન શું બને છે? શરીર અને મન બંને થાક અનુભવે છે. શરીર અને મન પર એક વિશેષ પ્રકારનો બોજો કે ભાર અનુભવાય છે. શરીર અને મન પર તણાવ ઊભો થાય છે. ઇચ્છા અને ભયના ઓથાર હેઠળ શરીર અને મન વ્યાકુળ બને છે. શરીર અને મન પર સતત ખેંચાણ (tension) રહ્યા કરે છે.

શવાસન દરમિયાન શું બને છે?

શવાસન દરમિયાન શરીર અને મનને પ્રગાઢ આરામ મળે છે. શરીર અને મન બોજાથી મુક્ત બનીને હળવાંફૂલ બની જાય છે. શરીર અને મન તણાવથી મુક્ત બની જાય છે. મન નચિંત બને છે તેથી શરીર અને મનની વ્યાકુળતા શમી જાય છે. શરીર અને મન ખેંચાણ (tension)થી મુક્ત બને છે.

તાણ (stress) દરમિયાન શરીર-મનમાં જે બને છે તેની ઊલટી પ્રક્રિયા શવાસન દરમિયાન બને છે, તેથી શવાસન તાણનો રામબાણ ઉપાય બની શકે તેમ છે.

તાણ દરમિયાન શરીર-મનની જે અસ્વસ્થ અવસ્થા બને છે તેમાંથી શવાસનના અભ્યાસ દરમિયાન મુકિત મળે છે તે તો બરાબર છે. પરંતુ આપણી પાસે હવે પ્રશ્ન એ છે કે શવાસન તો આપણે પાંચ, દસ કે વીસ મિનિટ સુધી કરીએ છીએ. શવાસનથી તાણમાંથી જે મુક્તિ મળે છે, સતત રહે છે અને આ મુક્તિ કાયમી ધોરણે મળે છે? શું શવાસનના અભ્યાસથી તાણની બીમારીમાંથી હંમેશ માટે મુક્તિ જ મળી જાય છે?

પ્રારંભમાં શવાસનના અભ્યાસથી શવાસનના સમય દરમિયાન જ તાણમાંથી મુક્તિ મળે છે, પરંતુ જેમજેમ અભ્યાસ ચાલુ રહી છે તેમતેમ આ મુક્તિની વ્યાપ વધતી જાય છે. આ મુક્તિ શવાસનના સમય પૂરતી મર્યાદિત ન રહેતાં સતત વહેતો અનુભવ અર્થાત્ સતત ટકી રહેતી અવસ્થા બની જાય છે. આપણાં શરીર અને મન શવાસન દરમિયાન તાણમુક્તિનો જે સુમધુર અનુભવ પામે છે તેની અસર ધીમેધીમે પ્રગાઢ બનતી જાય છે. આ અવસ્થા ધીમેધીમે સતત ટકી રહેતી અવસ્થા બની જાય છે અને આ રીતે અવસ્થા વ્યક્તિની ચેતનાનો ભાગ બની જાય છે. પરિણામે તાણયુક્ત અસ્વસ્થ મનોદશા કાયમી ધોરણે અદશ્ય થાય છે. ગઢ જીતવો હોય ત્યારે ગઢ આખો એકપાટે પડતો નથી. પહેલાં એક ખૂણે બાકોરું પાડવામાં આવે છે, પછી આખા ગઢ પર આધિપત્ય સ્થિર થાય છે.

તાણયુક્ત મનોદશા એક ગઢ છે. શવાસનના અભ્યાસથી આ ગઢમાં પ્રારંભમાં એક બાકોરું છે અને આ બાકોરા દ્વારા ગઢની અંદર પ્રવેશીને આખરે આખો ગઢ જીતી લેવામાં આવે છે.

શવાસનના અભ્યાસ દ્વારા તાણયુક્ત અવસ્થામાં પ્રવેશવાની કથા આવડે છે અને અભ્યાસ દ્વારા આખું જીવન અને સમગ્ર જીવનશૈલી તાણમુક્ત બને તેવી કળા સિદ્ધ થાય છે.

આમ શવાસન તાણની બીમારીને કામચલાઉ ઉપાય નથી, તત્પૂરતો ઉપાય નથી. પરંતુ કાયમી અને મૂળગત ઉપાય છે.

માનસિક તાણનો મૂળગત ઉપાય શવાસન દ્વારા શરીર-મનની જે તાણમુક્ત અવસ્થા હસ્તગત થાય છે, તે અવસ્થાનો સમગ્ર જીવનમાં વિનિયોગ થવો જોઇએ. અભ્યાસીએ એવી જાગૃતિ રાખવી જોઇએ કે શવાસન દ્વારા થયેલી આ તાણમુક્ત અવસ્થા આપણી જીવનશૈલીમાં -સમગ્ર જીવનમાં એકરસ બની જવી જોઇએ.

નિત્ય અભ્યાસ અને સતત જાગૃતિ દ્વારા આમ બની શકે છે. આમ બનતાં અભ્યાસી તાણમુક્ત જીવન જીવવાની કળા હસ્તગત કરી લે છે- સિદ્ધ કરી લે છે અને 'તાણ' નામનું તણખલું તો મસ્તીના મહાપૂરમાં ક્યાં વહી ગયું તેની જાણ પણ રહેતી નથી.

તાણની અસ્વસ્થ મનોદશામાંથી મુક્ત થવા માટે શવાસન પ્રધાન સાધન છે, પરંતુ તેની સાથે અન્ય સહાયક યોગાભ્યાસ પણ ઇચ્છનીય છે. હવે આપણે આ સહાયક અભ્યાસ જોઇએ.

૨. ઉજજાયી (સરલ સ્વરૂપ)

(૧) બંને નસકોરાંથી પૂરક અને બંને નસકોરાંથી રેચક કરવા. કુંભક કરવો નહીં. કુંભકના અભ્યાસથી પ્રારંભમાં તાણ વધી શકે છે, તેથી તાણના દર્દીએ પ્રારંભમાં કુંભકનો અભ્યાસ ન જ કરવો.

(૨) પૂરક-રેચક દરમિયાન શ્વાસનળીના મુખ (glottis)ને અડધું બંધ રાખવું. આમ કરવાથી વાયુનો માર્ગ અડધો બંધ થશે અને એક ધીમો, મધુર અને સતત ચાલતો અવાજ ઉત્પન્ન થશે.

ઉજજાયી પ્રાણાયામના અભ્યાસ દરમિયાન મન આ અવાજ પર સ્થિર રાખવું. મનને અવાજ પર કેન્દ્રિય કરવાની આ ઘટના તાણયુક્ત ન બને તેની કાળજી રાખવી, પરંતુ તાણ વિના આ એકાગ્રતા ન જ બને તો એકાગ્રતાનો આગ્રહ ન રાખવો.

(૩) પૂરક અને રેચકનું પ્રમાણ ૧:૨ અર્થાત્ પૂરક કરતાં રેચક બમણો રાખવો જોઇએ પ્રારંભમાં પાંચ સેકન્ડ માટે અને રેચક ૧૦ સેકન્ડ માટે કરવો. અભ્યાસ વધતાં આ સમયમર્યાદા વધારી શકાય છે.

(૪) પૂરક દરમિયાન પેટ બહાર આવશે અને રેચક દરમિયાન પેટ અંદર જશે.

(૫) પ્રારંભમાં ઉજજાયી પ્રાણાયામનાં પાંચ આવર્તનો કરવાં. અભ્યાસ વધતાં આવર્તનોની સંખ્યા ધીમેધીમે વધારી શકાય છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# ધનતેરસ એક જ દિવસ, ધન-તરસ બારે માસ



'નાના શેઠ' લક્ષ્મી ટ્રેડિંગમાં નોકરીમાં કામ કરતો ચંબુ બોલ્યો 'આજ ધનતેરસે તમારી કંપનીમાં મને દસ વર્ષ પૂરા થયા મારો પગાર ક્યારે વધારો છો? વધારામાં આ વખતે તો જરૂર નારાયણ જ અવતરશે એવી આશામાં મારા ઘરે ત્રીજી વાર ત્રીજી લક્ષ્મી આવી, હવે આ મોઘવારીમાં ઘર કેમ .......'

'જો ચંબુ તારે ત્યાં ત્રીજી વાર લક્ષ્મી આવે કે નારાયણ પણ તારા ઘરે બનેલી દુર્ઘટના માટે કંપની જવાબદાર નથી. સમજ્યો?ને એવું અર્જન્ટ હોય તો મોટા શેઠને વાત કર.'

'બીજા દિવસે મોટા શેઠને કાકલૂદી કરી. 'શેઠ મારો પગાર ક્યારે વધારો છો?'

'કેમ ભૈ, કઈ ખુશાલીમાં?' શેઠ ભડક્યા ને તાડૂકયા.

'નજીક આવો શેઠ' પછી હળવેથી શેઠના કાનમાં બોલ્યો 'શેઠ, મારા દીકરાઓને ખબર પડી ગઈ છે કે...'

'શું ... ઉ...ઉ...ઉ?'

'સી... ઇ... ઇ... ઇ' કૂકરની સિટી જેવો સિસકારો બોલાવી ચંબુ બોલ્યો 'ધીરે ધીરે ....બીજા લોકો સાંભળી જશે તો વાટ લાગી જશે ને સળગી પણ જશે. મારા દીકરાઓને ખબર પડી ગઈ છે કે દુનિયામાં બીજા લોકો બે ટંક જમે છે'

'અરે બાપરે પણ આટલાં વર્ષોમાં મેં ક્યારેય તને કે તારાં બાળકો સાથે મારા ઘરે જમવા બોલાવ્યો જ નથી, તો તારા ટાબરિયાઓને ખબર કેમ પડી કે બીજાઓ બે ટંક જમે છે? કીધું કોણે? ચાલો જે થયું એ, પણ બીજી ખબર નથી પડીને કે બે ટંકના ભોજનની વચ્ચે વચ્ચે નાસ્તો જ્યુસ કે દૂધ પીવે છે. જો ચંબુ તારે તારા જેટલા પગ લાંબા હોય એટલી જ ચાદર ખેંચાય, આ શેરબજારની મંદીની માંદગી ઓછી થાય એટલે પગાર વધારા વિશે જોઈશું'

'તમે તો અમને જોશો પણ અમે ઉપર ઊપડી ગયા તો અમે તમને નઇ જોઈ શકીએ. શેઠ આટલાં વર્ષોમાં મેં ક્યારેય વધારો માગ્યો છે? પણ મારી ચંપાકલી આમ એ સ્વમાની છે હાર ન સ્વીકારે પણ કાલે બોલી કાલે ધનતેરશ છે તો એક સોનાનો હાર લઈ આપો. અબ ક્યા બોલું શેઠ ઉસકી સોને કી હારકી જિદને મેરા સોના હરામ કર દીયા હૈ ઉસકો તો માલૂમ હી નહીં કે છે સાલ સે સ્વર્ગીય બાપુજી કે ફોટે પે ફૂલોકા હાર ચડાને કા મેળ નહીં પડા હૈ મેં બોલા સોને કા ભાવ સૂના હૈ? અભી શેઠ ઉસકી સોને કી ચેનકા આધાર મેરે પર હૈ ઓર મેરા ચેનસે સોનેકા આધાર આપકે પર હૈ.. થોડા પગાર બઢા દો શેઠ એક સ્વચ્છ ભારત જેવી વાત કરું તો કાલથી 'લક્ષ્મીનો વાસ હો'ના મેસેજ બહુ આવે પણ લક્ષ્મી નથી આવતી...'

'પણ ચંબુ બકા, એ માટે લક્ષ્મી કમાવવી પડે રીઝવવી પડે ધનતેરશે પૂજા કરવી પડે.'

'અરે શેઠ તમે તો જબરી કોમેડી કરો છો. તમે તો મારા ઘરમાં પૂજા થાય એટલી લક્ષ્મી પણ ક્યાં નસીબમાં રહેવા દીધી છે ને કરુણતા તો એ છે કે તમે જ પાછા ટાઈપ કરી અમને મેસેજ કરો છો કે તમારા ઘરમાં લક્ષ્મીનો વાસ હો, ઈશ્વર આપને સુખ સમૃદ્ધિ ને શાંતિ આપે. અરે શેઠ નસીબમાં મળેલા સુખને ખોબલે ખોબલે ભર્યું છે તો ચપટી ચપટી આપો તો આ ઓફિસ અમારું મંદિર ને તમે જ અમારા ઈશ્વર. જરાક તિજોરીનો દરવાજો ખોલી લક્ષ્મીજીને અમારા ઘરમાં આવવા દો.'

'તું રાતે તારા ઘરના બારણા ખુલ્લા રાખજે લક્ષ્મી આવશે જ મારું આ મોદી ગેરંટી છે.'

'તો શેઠ તમારા પણ ખુલ્લા રાખજો'

'કમાલ છે મારા ઘરે તો છે હું શું કામ ખુલ્લા રાખું?'

'કમાલ તો તમે કરો છો શેઠ તમારા ઘરેથી નીકળશે તો મારા ઘરે આવશે ને? અમારા ઘરને તો વળી કયા દહાડે બારણાં જ હતાં અત્યારે તો ગરીબાઈમાં એવા રિબાઈ ગયા છીએ કે અમારા ઘરમાં તો ઉંદરડાઓએ આપઘાત કર્યાના દાખલા બન્યા છે. અરે શેઠ કોમેડી કમ ટ્રેજેડી એ છે કે એકવાર ભૂલથી ચોર આવી ગયો તો મને ઉઠાડીને પૂછે આમાં બહાર જવાનો દરવાજો ક્યાં છે? ડોન્ટ ફીલ બેડ પણ એક વાત કઉં? અસત્યના સહારાથી કમાયેલી તમારી કમાણીથી સત્ય નારાયણની કથા કરાવો પણ તમે એ જ ભૂલી ગયા કે તમે આ પૃથ્વી પરના મહેમાન છો, માલિક નઇ, ને જિંદગીભર ધન ..ધન ..કર્યું હશે પણ છેવટે તો પત્રિકામાં નિધન જ લખાશે ને રૂપિયાનું ધન જો ગણીગણીને તિજોરીમાં મુકશો તો ચોકીદાર બનશો, માલિક નઇ બની શકો. માલિક બનવું હોય તો બીજા માટે ખર્ચવી પડે એન્ડ માઇન્ડવેલ ધનથી પ્રતિષ્ઠા ખરીદી શકાય, લાગણીઓ નઇ. વેલ કુદરત પણ કેવી છે શેઠ કે અમને ઓછું મળે એનું દુઃખ ને તમને ઓછું પડે એનું દુઃખ, તમારે રોજ ધનતેરસ ને અમારે પળે પળે ધનની તરસ...'

'શેઠ ખોટું ન લાગે તો સાચું કઉં? દિવાળીના દિવસોમાં આપના આગણામાં લાઇટિંગ કરી ને બંગલાને ઝગમગાટ ને પ્રકાશિત બનાવ્યો પણ યુ નો કે ઝગારા મારતો મકર્યુરીનો પ્રકાશ અંદરના અંધકારને દૂર નથી કરી શકતો પણ હા, તમારી અંદર એક નાનકડો દીવો પણ પ્રગટાવશો તો તમારું જીવન ને જગત રોશની જ રોશની ....'

ચંબુની વાત સાંભળી શેઠ એકદમ ઢીલા પડી ગયા 'ચંબુડા, સાલા તે તો મારી આંખ કાયમ માટે બંધ થાય એ પહેલા ખોલી દીધી. હવે તું બોલ બકા તારે કેટલો પગાર વધારો જોઈએ છે?' 'શું બોલું?, બસ ઇતના દિજિયે શેઠ કી મૈ ભી ભુખા ના રહું ઓર કોઈ ભિક્ષુક કે સાધુ ભુખા ના જાય.' ચંબુએ બરાબર કીધું? શું કહો છો ? ■



feedback@bombaysamachar.com

ફોકસ

રેખા દેશરાજ

### હંમેશાં હરતાં ફરતાં રહેવા માગતા હો તો...

# યુવાનીથી જ આપો તમારાં હાડકાં પર ધ્યાન

પોતાની નાની ન્યુક્લિયર ફેમિલીના વડા આશુતોષ ગુપ્તા બેંકમાં ક્લાર્ક છે. ઘરની અને બહારની બંને જવાબદારીઓ સારી રીતે નિભાવે છે. સવારે સમયસર ઓફિસ પહોંચી જવાનું, આખો દિવસ બેંકમાં જાહેર વ્યવહારની ધમાલ, પછી સાંજે ઘરે પહોંચીને બાળકોને ભણાવવાનું અને તેઓ એક ન્યૂઝ પેપર માટે આર્થિક મુદ્દાઓ પર સાપ્તાહિક કોલમ પણ લખે છે, તેથી તેની તૈયારી કરવી. આ બધા સિવાય, માતા અને પિતા ગામમાં રહેતાં હોવાથી, તેમને દરરોજ ફોન કરવો, તેમના હાલચાલ પૂછવા વગેરે પણ તેમની વ્યસ્ત દિનચર્યાનો એક હિસ્સો છે.

આ બધા વચ્ચે, અગાઉ જ્યારે પણ તેને કમરનો દુખાવો વગેરે થતો હતો, ત્યારે તેણે તેના પર વધુ ધ્યાન આપ્યું ન હતું. પરંતુ ૪૫ વટાવ્યા બાદ તેને લાગવા લાગ્યું કે તેના શરીરમાં બદલાવ આવી રહ્યો છે. હવે તે એક કિલોમીટર ચાલે તો પણ થાકી જાય છે. તેને એક ઘૂંટણમાં સતત દુખાવો થવા લાગ્યો છે.

આ ઉપરાંત દાંતને લગતી સમસ્યાઓ પણ થવા લાગી છે. આ શનિવારે, જ્યારે તે ડોક્ટરને મળ્યો અને તેનું ચેક-અપ કરાવ્યું, ત્યારે જાણવા મળ્યું કે તેના હાડકામાં નબળાઈ આવી ગઈ છે અને તેમાં પોષણનો અભાવ છે.

આશુતોષ ગુપ્તાજીની વાર્તા એ આપણામાંના મોટાભાગના લોકોની છે, કારણ કે આપણે બધા આપણી યુવાનીમાં આપણાં હાડકાં પર ધ્યાન આપતા નથી. ક્યાંક દર્દ થાય તો તેને સમસ્યા સમજવાને બદલે તેને જીવનશૈલીનો એક ભાગ ગણીએ છીએ. જો કે એ સમયે જ આપણા હાડકાના ચેકઅપની જરૂર હોય છે.

કોઈ જગ્યાએ નિયમિત દુખાવો થવો, ખાસ કરીને સાંધામાં, તે હાડકાં સાથે સંબંધિત છે. હાડકાં પર સમયસર ધ્યાન આપવું જરૂરી છે કારણ કે તે આપણા શરીરની મૂળભૂત રચના છે. શરીરમાં કેલ્શિયમ, વિટામિન બી અને ફોસ્ફરસની ઊણપને કારણે હાડકાં સંબંધિત સમસ્યાઓ થાય છે.

આ ઊણપના ઘણાં કારણો હોઈ શકે છે - ખોરાકમાં પોષક તત્વોનો અભાવ, કસરત બિલકુલ ન કરવી, શરીર માટે જરૂરી સૂર્યપ્રકાશ ન મળવો વગેરે.

જો ડોક્ટરની સલાહ પર શરૂઆતનાં લક્ષણો દેખાય કે તરત જ આ ખામીઓને દૂર કરી દઈએ તો હાડકાની સમસ્યાઓ સમયસર દૂર થઈ જાય છે, નહીં તો થોડા જ દિવસોમાં તે ગંભીર સમસ્યાનું રૂપ લઈ લે છે. ખાસ કરીને સ્ત્રીઓ માટે, બેદરકારી માટે કોઈ છૂટ નથી.

વાસ્તવમાં, હાડકાની મજબૂતાઈ આપણા શરીરમાં કેલ્શિયમની સ્થિતિ પર નિર્ભર કરે છે. જો શરીરમાં પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ હોય તો હાડકાં જીવનભર મજબૂત રહે છે, અન્યથા શરીરના સ્નાયુઓની તાકાત ઘટતાં જ તે તૂટવા લાગે છે.

પચાસની ઉંમર વટાવતા જ નબળાં હાડકાવાળા પુરુષો અને સ્ત્રીઓને ઓસ્ટિયોપોરોસિસની અસર થવા લાગે છે. પરંતુ આજકાલ તો, ખરાબ લાઇફસ્ટાઇલને કારણે, ૩૦ની ઉંમર વટાવ્યા બાદ જ આ સમસ્યા પરેશાન કરવા લાગે છે. કારણ કે દિવસનો મોટાભાગનો સમય કૃત્રિમ લાઇટમાં પસાર કરતા યુવાનોના શરીરમાં વિટામિન ડીૅ૩ ની ઊણપ સર્જાય છે. તેના પર કસરત કરવાનું ટાળવાથી પરિસ્થિતિ વધુ વિકટ બને છે. આ સિવાય આજકાલ ઘણા લોકો પોતાની છુટ્ટીનો આખો દિવસ એસી રૂમમાં વિતાવે છે. આ લોકો ભૂલી જાય છે કે તેમના શરીરને વિટામિન ડી૩ની પણ જરૂર છે, જે સૂર્યપ્રકાશમાંથી મળે છે. આજકાલ લોકો પોતાના નાના બાળકોને ઘરની બહાર તડકામાં રમવા પણ દેતા નથી, તેથી નાનપણથી જ તેમના હાડકાની તાકાત જોખમમાં મુકાઈ જાય છે. તબીબોનું માનવું છે કે ધૂમ્રપાન, નશો અને વૈભવી લાઇફસ્ટાઇલ હાડકાં પર સૌથી ખરાબ અસર કરે છે.

### શું તમારું શરીર તમારા હાડકામાંથી કેલ્શિયમ ચૂસી રહ્યું છે?

જો તમે તમારાં હાડકાં સ્વસ્થ રાખવા માગતા હો, તો શરીરમાં પૂરતું કેલ્શિયમ હોવું જરૂરી છે, કારણ કે આપણું શરીર દરરોજ ત્વચા, નખ, વાળ, પેશાબ અને મળ દ્વારા કેલ્શિયમ ગુમાવે છે. આ કેલ્શિયમ જે શરીરમાંથી દરરોજ ઓછું થાય છે, તેની કમી રોજ ભરાય તો સારું રહે, પરંતુ આ પુરવઠો કૃત્રિમ રીતે થવો જોઈએ નહીં. જો તેના પુરવઠાનો સ્રોત ખોરાક હોય તો વધુ સારું છે. જો શરીરને કેલ્શિયમનો નિયમિત પુરવઠો ન મળે તો તે તમારા હાડકામાંથી કેલ્શિયમ લેવાનું શરૂ કરી દેશે. પરિણામ એ આવશે કે તમે બહારથી ભલે નબળાં ન દેખાવ પણ અંદરથી તમારાં હાડકાં પોલા થઈ જશે અને તમારું શરીર નબળું પડી જશે. નબળા હાડકાં અનેક પ્રકારની શારીરિક સમસ્યાઓનું ઘર છે.

### ક્યારે જાણવું કે શરીરમાં કેલ્શિયમની ઊણપ છે

- જો થોડી ઈજાને કારણે ફ્રેક્ચર આવે
- હાડકામાં સતત દુખાવો રહેતો હોય
- નખ નબળા હોય અને થોડું લાગવા પર તૂટી જાય.
- નખ ખૂબ જ ધીરે ધીરે વધે અને તૂટીને વિરુદ્ધ દિશામાં વળી જાય
- દિવસભર થાક અનુભવો
- પરંતુ કેલ્શિયમ સપ્લિમેન્ટને ડાયેટમાં સામેલ કરતા પહેલા ડૉક્ટરની સલાહ ચોક્કસ લો. તમે પોતે સપ્લિમેન્ટ લેવાનો નિર્ણય નુકસાનકારક સાબિત થઈ શકે છે. એક પુરુષને દરરોજ ૧૨૦૦ મિલિગ્રામ કેલ્શિયમની જરૂર હોય છે, સ્ત્રીને ૧૫૦૦ મિલિગ્રામ અને બાળકોને ૧૦૦૦-૧૨૦૦ મિલિગ્રામની જરૂર હોય છે.

આમાંના કેટલાક ખાસ ખોરાકમાં ૧૦૦ ગ્રામ દીઠ કેલ્શિયમનું પ્રમાણ નીચે મુજબ છે - ઘઉંમાં ૫૦ મિલિગ્રામ, સોયાબીનમાં ૨૬૦ મિલિગ્રામ, વટાણામાં ૨૦૦ મિલિગ્રામ, રાજમામાં ૨૪૦ મિલિગ્રામ, ગાયના દૂધમાં ૧૨૦ મિલિગ્રામ, મલાઈવિનાના દૂધમાં ૧૨૦ મિલિગ્રામ, દહીંમાં ૧૫૦ મિલિગ્રામ.

ત્રીસ વર્ષની ઉંમર પછી, આપણે એક વાર હાડકાની તપાસ કરાવવી જોઈએ જેથી આપણે જાણી શકીએ કે આપણા હાડકાની સ્થિતિ શું છે. આ ટેસ્ટ ૪૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ અને ૫૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષો માટે ફરજિયાત છે. આ ઉપરાંત બોન ડેન્સિટી ટેસ્ટ પણ દર થોડાક વર્ષે કરાવવો જોઈએ. તેમ જ નાનપણથી જ આપણી ખાવાની ટેવ એવી હોવી જોઈએ કે જેથી આપણા હાડકાને સંપૂર્ણ પોષણ મળે. દરરોજ એક ગ્લાસ દૂધ અથવા દૂધની બનાવટ જેમ કે પનીર, માખણ વગેરેનું સેવન કરવું જોઈએ. આ સિવાય દરરોજ ૨૦ થી ૨૫ મિનિટ સૂર્યપ્રકાશમાં રહેવું જોઈએ, પરંતુ શરીરમાં કેલ્શિયમ અને વિટામિન ડી૩ની ઊણપને દૂર કરવા માટે ગોળીઓ ડૉકટરની સલાહ પર જ લેવી જોઈએ. આ બધાની સાથે સાથે દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક કસરત કરવી ખૂબ જ જરૂરી છે. કસરત માટે, સ્વિમિંગ, એરોબિક્સ અથવા સાઈકલિંગ જેવી કસરત નાની ઉંમરના લોકો માટે યોગ્ય છે. ૪૦-૫૦ વર્ષની ઉંમર પછી, હાડકાને મજબૂત કરવા માટે બ્રિસ્ક વોક (ઝડપી ચાલ) જેવી કસરત કરવી જરૂરી છે. ચાલતી વખતે થાક લાગવો, ખભા કે ઘૂંટણમાં દુખાવો થવો, ચાલ્યા પછી શરીરમાં દુખાવો કે સાંધાનો દુખાવો, આ બધું નબળા હાડકાના સૂચક છે. જો તમારી સાથે પણ આવું થતું હોય તો તમારા હાડકાની મજબૂતાઈને લઈને સાવધાન થઈ જાવ. ■



## બોરીવલી નથી ધર્મશાળા એમ કહીને...
# ગોપાલ શેટ્ટીનો બળવો

**બહારના સંજય ઉપાધ્યાયને ટિકિટ અપાતા નારાજ ભાજપના ભૂતપૂર્વ સાંસદ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવશે**

(અમારા પ્રતિનિધિ તરફથી)





મુંબઈઃ લોકસભાની ચૂંટણીમાં ટિકિટ કપાઈ ત્યારથી નારાજ ભાજપના ઉત્તર મુંબઈના નેતા ગોપાલ શેટ્ટી હવે વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી ન મળતાં આક્રમક થયા છે અને તેમણે કહ્યું હતું કે બોરીવલી ધર્મશાળા નથી કે ગમે ત્યાંથી કોઈને પણ લાવીને અહીં ચૂંટણી લડાવી શકાય. જોકે, ભાજપના નિષ્ઠાવંત કાર્યકર્તા હોવાથી પોતે પક્ષ છોડશે નહીં એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવશે.

ભાજપે ત્રીજી ઉમેદવારોની યાદીમાં બોરીવલીથી ભાજપના મુંબઈ એકમના સેક્રેટરી સંજય ઉપાધ્યાયને ઉમેદવારી આપી હતી. બે ટર્મ સળંગ ચૂંટાયા બાદ લોકસભાની ચૂંટણીમાં તેમની ટિકિટ પીયૂષ ગોયલ માટે કાપવામાં આવી હતી. ત્યાર પછી ભાજપના રાજ્ય અને કેન્દ્ર સ્તરીય નેતાઓ સાથે અનેક બેઠકો કરી હોવાથી તેમની અહીંથી ઉમેદવારી પાકી માનવામાં આવી હતી. જોકે, પાર્ટીએ સંજય ઉપાધ્યાયને ઉમેદવારી આપી હતી, જેઓ બોરીવલીના રહેવાસી નથી. ગોપાલ શેટ્ટીએ કહ્યું હતું કે ભાજપને છોડવાનો મારો કોઈ ઈરાદો નથી.

હું પાર્ટી સાથે જ રહીશ. જોકે, બોરીવલીના લોકો પાર્ટીના નિર્ણયથી નારાજ છે. ખાસ કરીને જ્યારે બે સ્થાનિક

(જુઓ પાનું ૪) ▶▶

## ભાજપની પચીસ ઉમેદવારોની યાદી સાથે ત્રણ સીટના સસ્પેન્સનો અંત
# ઘાટકોપર પૂર્વમાં પરાગ શાહ અને વર્સોવામાં ભારતી લવ્હેકરને રિપીટ કરાયાં

**ફડણવીસના પી.એ.ને લોટરી લાગીઃ કોંગ્રેસના બે આયાતી ઉમેદવારને પણ ટિકિટ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપે સોમવારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી બહાર પાડી, જેમાં કોંગ્રેસના બે આયાતી અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અંગત સહાયકને ટિકિટ આપવામાં આવી છે. આ સાથે જ મુંબઈની ત્રણ બેઠકો ઘાટકોપર (પૂર્વ), બોરીવલી અને વર્સોવા માટેના સસ્પેન્સનો અંત આવ્યો હતો. ઘાટકોપર (પૂર્વ)માં સીટિંગ વિધાનસભ્ય પરાગ શાહ અને વર્સોવામાં ભારતી લવ્હેકરને રિપીટ કરાયા છે પણ બોરીવલીમાં સુનીલ રાણેને પડતા મૂકીને સંજય ઉપાધ્યાયને ટિકિટ અપાઈ છે.

ભાજપે અત્યાર સુધીમાં ૧૪૬ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભા માટે ૨૦ નવેમ્બરે મતદાન થશે, જ્યારે પરિણામ ૨૩ નવેમ્બરે જાહેર થશે. કોંગ્રેસની ટિકિટ પર ૨૦૨૧માં પેટાચૂંટણી જીતનાર અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણના નજીકના ગણાતા જીતેશ અંતાપુરકરને દેગલુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ચવ્હાણ તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા અને જેના કારણે તેઓ રાજ્યસભાના સાંસદ બન્યા હતા. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ લોકસભા અધ્યક્ષ શિવરાજ પાટીલની પુત્રવધૂ અર્ચના પાટીલ-ચાકુરકરને લાતુર સિટી બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યાં છે. તે આ વર્ષે માર્ચમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયાં હતાં. ઘણા વર્ષોથી ફડણવીસના અંગત મદદનીશ તરીકે ફરજ બજાવતા સુમિત વાનખેડે અરવી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર હશે. યોગાનુયોગ ભાજપે ફડણવીસના ભૂતપૂર્વ પીએ અભિમન્યુ પવારને ૨૦૧૯માં ઔસાથી ટિકિટ આપી હતી. તે સમયે તેમનો વિજય થયો હતો. બાદમાં પાર્ટી દ્વારા શ્રીકાંત ભારતીયને એમએલસી બનાવવામાં આવ્યા હતા. બોરીવલીના ભાજપના વિધાનસભ્ય સુનીલ રાણેને સ્થાને સંજય ઉપાધ્યાયને ઉમેદવારી આપવામાં આવી છે, જ્યારે એમએલસી પ્રવીણ દટકેને નાગપુર સેન્ટ્રલ સીટ પરથી મેદાનમાં

(જુઓ પાનું ૪) ▶▶

# ટિકિટ ન મળતાં પાલઘરના નેતા શ્રીનિવાસ વનગા ડિપ્રેશનમાં, આપઘાત કરવાની વાતો કરે છે

**ઉદ્ધવ-સેના સામે બળવો કરનાર ૩૯ વિધાનસભ્યોમાંના એકમાત્ર વનગા એવા છે જેમને શિંદે-સેનાએ ટિકિટ નથી આપી**

પાલઘરઃ એકનાથ શિંદેની શિવસેનાએ મહાયુતિમાં પાલઘર સીટ પર રાજેન્દ્ર ગાવિતની ઉમેદવારીની જાહેરાત કરી છે. શ્રીનિવાસ વનગાની પાલઘર બેઠક પરથી ઉમેદવારી નકારી કાઢવામાં આવ્યા બાદ તેઓ ડિપ્રેશનમાં આવી ગયા હતા. મુખ્યપ્રધાન એકનાથ શિંદેની સાથે બળવામાં ભાગ લેનારા ૩૯ ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવી છે. જોકે, પાલઘરના ધારાસભ્ય શ્રીનિવાસ વનગા એકમાત્ર એવા ધારાસભ્ય છે જેમને ઉમેદવારી નથી અપાઈ. ઉમેદવાર તરીકે નામંજૂર કરવામાં આવ્યા હોવાથી શ્રીનિવાસ વનગા ખૂબ જ પરેશાન છે અને ગઈકાલથી તેણે ખોરાક અને પાણીનો ત્યાગ કર્યો છે, તે સંપૂર્ણ રીતે માનસિક રીતે થાકી ગયા છે અને આત્મહત્યા કરવાનું વિચારી રહ્યા છે, તેમ તેના પરિવારે જણાવ્યું હતું. શું મારી પ્રામાણિકતાનું મને આવું ફળ મળ્યું? આમ પૂછીને વનગા પોક મૂકીને રડ્યા હતા. તેમના પત્ની સુમન વનગાએ કહ્યું કે, મારા પતિ શ્રીનિવાસ વનગા પાલઘર વિધાનસભામાં સારી રીતે કામ કરતા હતા. તેઓ પ્રચાર કરતા ન હતા. તેઓ પ્રમાણિક અને વફાદાર હતા. ૨૦ જૂન ૨૦૨૨ના રોજ તેમના બાળકના જન્મદિવસે તેમને કહેવામાં આવ્યું હતું કે તેમને ઘરમાં બેસાડી રાખવામાં નહીં આવે. પરંતુ તે શબ્દોનું પાલન કરવામાં નથી આવ્યુ. શ્રીનિવાસ વનગાએ ગઈ કાલથી ખાધું નથી, તેઓ ગાંડા જેવું વર્તન કરી રહ્યા છે, તેઓ આત્મહત્યા કરવા જઈ રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે તેમનું જીવન સમાપ્ત થઈ ગયું છે. ઉદ્ધવ સાહેબ અમારા માટે ભગવાન હતા. મારાથી ભૂલ થઈ, શિંદેસાહેબ પર ભરોસો કરવો એ ભૂલ હતી. ૩૯ ધારાસભ્યોનું પુનર્વસન થયું, તો મારા પતિની શું ભૂલ થઈ? એવો સવાલ તેમણે પૂછ્યો હતો.

એ પ્રશ્ન સુમન વનગાએ પૂછ્યો છે. શ્રીનિવાસ વનગા ત્રણ-ચાર દિવસથી ખાતા નથી. દહાણુ વિધાનસભા આપશે તેવું કહેવામાં આવી રહ્યું છે પરંતુ ત્યાંથી પણ ઉમેદવારી આપવામાં આવી નથી. ■

# ૯૦-૯૫ ટકા બેઠકો માટે જ હજી સુધી એમવીએમાં સર્વસંમતિઃ શરદ પવાર

મુંબઈઃ ઉમેદવારી પત્રકો ભરવાની અંતિમ તારીખના એક દિવસ પહેલા શરદ પવારે કહ્યું હતું કે રાજ્યની કુલ ૨૮૮ બેઠકોમાંથી ૯૦થી ૯૫ ટકા બેઠકો પર મહા વિકાસ આઘાડીમાં સર્વસંમતિ સધાઈ છે.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. મહાયુતિ હોય કે મહાવિકાસ આઘાડી, બંને ગઠબંધનમાં ઘણી બેઠકો માટે ઉમેદવારોનાં નામ ફાઇનલ કરવામાં હજુ પણ દુવિધા છે. દરમિયાન, મહાવિકાસ અઘાડી ગઠબંધન ઘટક રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ ચંદ્ર પવાર) ના વડા શરદ પવારે સોમવારે, નામાંકન ભરવાની અંતિમ તારીખના એક દિવસ પહેલા, જણાવ્યું હતું કે રાજ્યની કુલ ૨૮૮ બેઠકોમાંથી વિપક્ષ મહાવિકાસ આઘાડી (એમવીએ)માં ૯૦થી ૯૫ ટકા બેઠકો પર સર્વસંમતિ સધાઈ છે. ■

પત્રકારો સાથે વાતચીત દરમિયાન શરદ પવારે ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે તેમની લડાઈ હરીફ રાજકીય પક્ષોમાં ભાગલા પાડનારા અને તેમની વિચારધારા સાથે સમાધાન કરનારાઓ સામે છે. તેમણે એવો દાવો કર્યો કે સત્તામાં બેઠેલા લોકોએ જનતાની સમસ્યાઓ હલ કરી નથી. ■

### તેઓએ જે ન કરવું જોઈએ તે કર્યું

શરદ પવાર દ્વારા સ્થાપિત એનસીપીમાંથી તેમના ભત્રીજા અજિત પવાર જુલાઈ, ૨૦૨૩માં શાસક ગઠબંધનમાં જોડાયા ત્યારે ભાગલા પડ્યા હતા. આ બાબતે નારાજી વ્યક્ત કરતાં શરદ પવારે કહ્યું હતું કે, જે લોકો સત્તામાં છે તેમણે જનતાની સમસ્યાઓ હલ કરી નથી. અમે એવા લોકો સામે લડી રહ્યા છીએ જેમણે રાજકીય પક્ષોમાં ભાગલા પાડ્યા છે, તેમની વિચારધારા સાથે બિનજરૂરી સમજૂતી કરી છે અને જે ન કરવું જોઈએ તે કર્યું છે.

### સરકારની યોજના પર પવારે શું કહ્યું?

લાડકી બહેન યોજના જેવી સરકારની કલ્યાણકારી યોજનાઓને કારણે ચૂંટણીમાં વિપક્ષ માટે સંભવિત પડકારો વિશે પૂછવામાં આવતાં શરદ પવારે કહ્યું કે જેઓ આટલા લાંબા સમયથી સત્તામાં છે તેઓએ આવી કોઈ યોજના બનાવી નથી. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને દાવો કર્યો હતો કે આ વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણીમાં શાસક મહાયુતિને મોટો ફટકો પડ્યો તે પછી જ લાડકી બહેન યોજના શરૂ કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણીમાં એમવીએને રાજ્યની કુલ ૪૮ બેઠકોમાંથી ૩૧ બેઠકો પર વિજય મળ્યો હતો. ■

# દાનવેનાં દીકરી શિંદે-સેનામાં જોડાયાં

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી-૨૦૨૪ પહેલાં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને વરિષ્ઠ ભાજપના નેતા રાવસાહેબ દાનવેની પુત્રી સંજના જાધવ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાયાં હતાં. જાધવ રવિવારે શિંદેસેનામાં જોડાયાં હતાં.

સંજના જાધવને છત્રપતિ સંભાજીનગર જિલ્લાની કન્નડ વિધાનસભા બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવે એવી શક્યતા છે. ઉમેદવારીપત્ર ભરવાને બે જ દિવસ બાકી રહ્યા હતા ત્યારે ભૂતપૂર્વ સાંસદ રાજેન્દ્ર ગાવિત અને વિલાસ તારે પણ શિવસેનામાં જોડાયા હતા. શિંદે અને વિધાનપરિષદના ભૂતપૂર્વ સભ્ય રવીન્દ્ર ફાટકે બંનેનું સ્વાગત કર્યું હતું. ■

# તમે સાંભળ્યું, મુખ્ય પ્રધાનની પાંચ વર્ષમાં આવક પચાસ ટકા ઘટી

**પત્નીની આવકમાં ૫૯ ટકાનો ઉછાળો, શિંદે પાસે ૨૬ હજારની રોકડ, પત્ની પાસે બે લાખ**




મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે ઉમેદવારી નોંધાવતા પહેલા શક્તિપ્રદર્શન કર્યું હતું. (પીટીઆઈ)

મુંબઈઃ રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આવક છેલ્લાં પાંચ વર્ષમાં પચાસ ટકા ઘટી ગઇ છે. ૨૦૧૮-૧૯માં ઉમેદવારીનું ફોર્મ ભરતા સમયે તેમણે કરેલા સોગંદનામામાં જે આવક દર્શાવી હતી તેની સામે ૨૦૨૩-૨૪ની આવકમાં પચાસ ટકાનો ઘટાડો થયો હોવાનું તેમણે આ વખતે કરેલી ઉમેદવારીના સોગંદનામામાં સંપત્તિ જાહેર કરતાં જણાવ્યું હતું.

એકનાથ શિંદેની ૨૦૧૮-૧૯માં ૬૧ લાખની આવક હતી જે ૨૦૨૩-૨૪માં ઘટીને ૩૪.૮૧ લાખ થઇ ગઇ છે. રાજ્ય વિધાનસભાની ચૂંટણી આ પહેલાં ૨૦૧૯માં થઇ હતી. જોકે આ જ સમયગાળામાં તેમનાં પત્નીની આવકમાં ૫૯ ટકાનો વધારો થયો હોવાનું જાણવા મળે છે. તેમનાં પત્નીની આવક ૯.૯૪ લાખ પરથી વધીને ૧૫.૮૩ લાખ થઇ હતી. સોગંદનામા મુજબ એકનાથ શિંદે પાસે ૨૬ હજાર રૂપિયા અને તેમની પત્ની પાસે બે લાખ રૂપિયાની રોકડ છે. શિંદે અને તેમના પત્નીએ અનુક્રમે ૧.૪૪ કરોડ અને ૭.૭૭ કરોડનું રોકાણ કર્યું છે. શિંદેની જમીન અને ફ્લેટની સ્થાવર મિલકત ૧૩.૩૮ કરોડની છે, જ્યારે તેમનાં પત્નીની ૧૫.૦૮ કરોડ છે. ■

### શુભ મુહૂર્તે ઉમેદવારી નોંધાવી એકનાથ શિંદેએ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને શિવસેનાના વડા એકનાથ શિંદેએ સોમવારે અગિયારસના શુભ મુહૂર્તે હતું. થાણે જિલ્લામાં કોપરી-પાચપાખાડી વિધાનસભા મતવિસ્તારમાંથી ઉમેદવારીપત્ર ભર્યું છે. તેઓ જ્યારે ઉમેદવારી નોંધાવવા ગયા ત્યારે તેમની સાથે તેમના પરિવારજનો અને નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ પણ તેમની સાથે હતા. ઉમેદવારીપત્ર બાદ શિંદે સેનાના કાર્યકરોએ શક્તિપ્રદર્શન પણ કર્યું હતું. સીએમ શિંદેને સમર્થન આપવા માટે ઉમેદવારી ભરવાના સ્થળે પર તેમના પક્ષના અનેક નેતાઓ, કાર્યકરો હાજર રહ્યા હતા. ઉમેદવારીપત્ર ભર્યા બાદ તેમના સમર્થનમાં મોટી રેલી પણ કાઢવામાં આવી હતી, જેમાં નેતાઓ, વિધાન સભ્યો અને સાંસદો હાજર રહ્યા હતા.

શિંદેને પડકારવા માટે, શિવસેના-ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે (યુબીટી)એ થાણેના દિગ્ગજ નેતા સ્વર્ગસ્થ આનંદ દીઘેના ભત્રીજા કેદાર દીઘેને આ બેઠક પરથી ઉતાર્યા છે. ■

# મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો અપાવવામાં મુખ્ય પ્રધાન એકનાથરાવ શિંદેની મુખ્ય ભૂમિકા હતી

મુંબઈઃ ઘણા વર્ષોથી મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળે તેવી માગ કરવામાં આવતી હતી, પરંતુ આ માગ ૨૦૨૪માં પૂર્ણ થઈ. મહારાષ્ટ્રના લોકપ્રિય અને સફળ મુખ્ય પ્રધાન એકનાથરાવ શિંદેની સતત પ્રયત્નોની આ સિદ્ધિ છે અને મુખ્ય પ્રધાન તરીકેની તેમની કારકિર્દીમાં આ સફળતા સિદ્ધિઓમાં એક સોનેરી પીંછું ઉમેરાયું છે. સતત પ્રયાસને કારણે કેન્દ્રીય મંત્રીમંડળે મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો આપવાનો નિર્ણય લીધો છે.



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મરાઠી ભાષાના વખાણ કરતા કહ્યું કે, ''મરાઠી ભાષા એ દેશનું ગૌરવ છે. આ મહાન ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળવો જોઈતો હતો. દેશના ઈતિહાસમાં મરાઠી ભાષાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસામાં તેનું યોગદાન છે. આ સન્માન દ્વારા ભારતીય પરંપરામાં મરાઠીનું હંમેશાં મહત્ત્વ રહ્યું છે. હવે જ્યારે તેને અભિજાત ભાષાનો દરજ્જો મળ્યો છે, ત્યારે ઘણા લોકોને મરાઠી ભાષા શીખવા માટે પ્રેરણા મળશે.''

મુખ્ય પ્રધાન એકનાથરાવ શિંદેનું કહેવું છે કે અભિજાત ભાષાઓ ભારતની પ્રાચીન ધરોહરને જાળવવાનું કામ કરે છે. ઉપરાંત, દરેક સમુદાયના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વને પ્રકાશિત કરવામાં આવે છે, જેના કારણે મરાઠી ભાષાને આ દરજ્જો મળે એ માટે ઘણા વર્ષોથી પ્રયાસો શરૂ હતા.

માઝા મરાઠાચી બોલુ કૌતુકે। પરિ અમૃતાતેં હી પૈજા જિંકે।। તમામ મરાઠી લોકોને હાર્દિક અભિનંદન!! આવા શબ્દોમાં મુખ્ય પ્રધાન એકનાથરાવ શિંદેએ મરાઠી ભાષામાં પોતાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું.

તેઓ કહે છે, ''છેવટે મરાઠીને અભિજાત માતૃભાષાનો દરજ્જો મળ્યો! એક સંઘર્ષ સફળ રહ્યો. આ માટે મહારાષ્ટ્ર સરકારે કેન્દ્રને સતત ફોલોઅપ કર્યું હતું. આપણી પ્રિય ભાષાને યોગ્ય આદર આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતી વખતે, મુખ્ય પ્રધાન એકનાથરાવ શિંદેએ આ કાર્યમાં ઘણા મરાઠી ભાષક, વિચારકો, ભાષાના અભ્યાસકો, સાહિત્યિકારો અને વિવેચકોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

લીલા ચરિત્ર, જ્ઞાનેશ્વરી, વિવેક સિંધુ જેવા અનેક ગ્રંથોના આધાર લઈ મરાઠી ભાષા અભિજાત જ છે તે સાબિત કરવામાં ઘણા નાના-મોટા અભ્યાસકોનું આ માટે યોગદાન મળ્યું હતું. મરાઠી ભાષાના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકારના સ્તરે અનુદાન સહિત તમામ સમર્થન મેળવવાનો માર્ગ મોકળો થયો છે.

**અભિજાત દરજ્જો એટલે શું? મરાઠી ભાષાને આ દરજ્જો મળવાથી શું ફાયદો થશે?**

મરાઠી ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળ્યો. એક લડાઈ સફળ થઈ. આપણા મરાઠી ભાષીઓ માટે આ બહુ ગર્વની વાત છે. અભિજાત ભાષાનો દરજ્જો મેળવવા માટે અમુક માપદંડો પૂરા કરવા પડે છે. મરાઠીએ આ તમામ માપદંડો પૂરા કર્યા અને તેથી જ તેનો દરજ્જો અભિજાત ભાષાઓમાં સમાવવામાં આવ્યો છે.

મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો મળવાના કારણે હવે મરાઠી ભાષાના સંરક્ષણ, સંશોધન માટે અને સંરક્ષણ માટે ભંડોળ મળશે,અભિજાત દરજ્જો મળવાથી મરાઠી ભાષાનો દરજ્જો ઊંચો થયો છે અને તેના જાળવણી અને પ્રચાર માટે ઘણા નવા રસ્તાઓ ખુલ્યા છે. આ લાભ ધ્યાનમાં લઈને મુખ્ય પ્રધાન એકનાથરાવ શિંદેએ આ મુદ્દો ઉઠાવીને સફળ રહ્યા છે. ■

# શરદ પવારની એનસીપીએ અનિલ દેશમુખના દીકરા સલીલને ઉમેદવારી આપી

**સાત ઉમેદવારના નામનો સમાવેશ કરતી ચોથી યાદી જાહેર**

મુંબઈઃ શરદ પવારની એનસીપીએ સોમવારે મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ૭ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના પુત્ર સલિલ દેશમુખને કાટોલથી મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ માણમાંથી પ્રભાકર ખર્ગે, વાઈથી અરુણાદેવી પિસાળ અને ખાનપુરથી વૈભવ પાટીલને ઉમેદવારી આપી છે. આ સાથે પાર્ટીએ ૮૩ સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી નાખી છે.

એનસીપી-એસપીએ રવિવારે નવ બેઠકો માટેની ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી. છેલ્લી યાદીમાં પાર્ટીએ અણુશક્તિ નગરથી અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહમદને મેદાનમાં ઉતાર્યા છે.

એનસીપી-એસપીએ વાશિમ જિલ્લાની કારંજા બેઠક પરથી ભાજપના દિવંગત વિધાનસભ્ય રાજેન્દ્ર પટણીના પુત્ર જ્ઞાયક પટણીને મેદાનમાં ઉતાર્યા છે.

અતુલ વાંડિલેને હિંગણાઘાટ (વર્ધામાં), રમેશ બંગને હિંગણા (નાગપુર), રાહુલ કલાટેને ચિંચવડથી અને અજીત ગવ્હાનેને ભોસરી (બંને પુણે), મોહન જગતાપને માજલગાંવ અને રાજેસાહેબ દેશમુખને પરલી (બંને બીડ)થી ટિકિટ આપવામાં આવી છે. અને સોલાપુરની મોહોલ સીટ પરથી સિદ્ધિ રમેશ કદમને ઉમેદવારી અપાઈ છે. ■

# સંભાજીનગરમાં ઉદ્ધવ ઠાકરેને ફટકો, તનવાણીએ ઉમેદવારી પાછી ખેંચી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના ગરમાવા વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. સંભાજીનગર સેન્ટ્રલમાંથી ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના ઉમેદવાર કિશનચંદ તનવાણીએ પોતાનું નામ પાછું ખેંચીને સીએમ એકનાથ શિંદેને સમર્થન આપવાનો નિર્ણય લીધો છે. ચૂંટણી પહેલા ઉદ્ધવ ઠાકરે માટે આ મોટો ફટકો છે. તેમણે પોતાનું નામ પાછું ખેંચી લેતા મોટો દાવો કર્યો છે કે, આ વખતે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એમવીએ મોટા માર્જિનથી હારી જશે. કિશનચંદ તનવાણીએ ઉમેદવારી પત્ર ભરવાના માત્ર એક દિવસ પહેલા પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાની ઉમેદવારી પાછી ખેંચવાનો નિર્ણય જાહેર કર્યો છે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૯ ઓક્ટોબર છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ પાછળનું કારણ શું છે? કહેવામાં આવી રહ્યું છે કે ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના બીજા ઉમેદવારને મેદાનમાં ઉતારશે. છત્રપતિ સંભાજીનગર શિવસેનાનો ગઢ માનવામાં આવે છે. અહીં એકનાથ શિંદે જૂથની શિવસેના અને ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના વચ્ચે ટક્કર થશે. ■

# અમારા માટે સીએમનો ચહેરો તો ઉદ્ધવ ઠાકરે જઃ કોંગ્રેસ પર નિશાન સાધતા સંજય રાઉતે કહ્યું

મુંબઈઃ શિવસેના-યુબીટીના સાંસદ સંજય રાઉતે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે ગઈકાલે ચાર જવાનો શહીદ થયા હતા, અમારા ગૃહ પ્રધાન માત્ર નિવેદનો કરે છે. તેઓ તેમની ફરજ નિભાવતા નથી. નષ્ટ કરો, નાશ કરો અને ચૂંટણી લડો, એ તેમનું વલણ છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, અમારો મુખ્ય પ્રધાનપદનો ચહેરો ઉદ્ધવ ઠાકરે છે, અમે સ્ટેન્ડ લીધું છે અને બસ. કોંગ્રેસે દિલ્હીથી પરવાનગી લેવી પડશે, અમારે લેવાની જરૂર નથી. રવિવારે અમે અખિલેશ યાદવ સાથે વાત કરી હતી, સુપ્રિયા સુળે સાથે વાત કરી હતી, અમને તાકાત બતાવવાની જરૂર નથી. ■

# ચૂંટણીમાં ચાર્ટર્ડ વિમાનો અને હેલિકોપ્ટરોની ધૂમ ડિમાન્ડ

**એક કલાકના છ લાખ રૂપિયા ને ૪૦૦ કરોડ જેટલું ટર્નઓવર**

મુંબઈઃ વિધાનસભા ચૂંટણીમાં નેતાઓએ રાજ્યના ખૂણેખાંચરે જવું પડતું હોય છે અને ચૂંટણી એક જ તબક્કામાં હોવાથી તેઓ પાસે સમય ઘણો ઓછો છે. આ માટે વિવિધ પક્ષોએ 'નોન શિડ્યુલ ઓપરેટર' પાસે હેલિકોપ્ટર અને ચાર્ટર્ડ વિમાનો બુક કરાવ્યાં છે.

જોકે નેતાઓએ આના માટે ૬ લાખ રૂપિયા કલાકના ચૂકવવા પડશે. આચારસંહિતા સુધી ૪૦ હેલિકોપ્ટર અને વિમાનોના માધ્યમથી રાજ્યમાં ચારથી સાડાચાર હજાર વાર ટેકઓફ થવાનું છે, જ્યારે આમાં ૪૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર થવાનો અંદાજ વર્તાઇ રહ્યો છે.

દિલ્હીમાં ૨૦ હેલિક્પોટર અને ચાર્ટર વિમાનોનો સમાવેશ થાય છે. વિવિધ નોન શિડ્યુલ ઓપરેટર પાસે બુક કરવામાં આવેલાં ચાર્ટર્ડ અને હેલિકોપ્ટરમાં સૌથી વધુ વપરાશ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર દ્વારા થવાનો છે. ત્યાર બાદ વિવિધ પક્ષોના પ્રદેશાધ્યક્ષ માટે હેલિકોપ્ટર બુક કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

જોકે એરપોર્ટથી ૫૦થી ૧૦૦ કિમીના અંતર માટે નાના હેલિકોપ્ટરનો વપરાશ કરવામાં આવશે. આમાં બેલ ૪૦૭, એરબસ ૧૩૦, જેવાં હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે. આની ક્ષમતા ૬ પ્રવાસીની છે. આ હેલિકોપ્ટરનું ભાડું પ્રતિ કલાક અઢી લાખ રૂપિયા છે. હાલમાં મુખ્ય રાજકીય પક્ષો દ્વારા હેલિકોપ્ટર અને ચાર્ટર વિમાનની મોટી માગ રહેલી છે, એવું મેબ એવિયેશનના જનરલ મેનેજર મંદાર ભારવેએ જણાવ્યું હતું. ■

# દિવાળીમાં શિયાળો ઠંડીનું ટ્રેલર દેખાડે એવી શક્યતા

**નવેમ્બરના પહેલા અઠવાડિયામાં પારો ફરી ઊંચે જશે, પણ પછી ઠંડીનું આગમન થઈ શકે છે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસું પૂરું થયા બાદ મુંબઈમાં ગરમી અને ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું છે. મુંબઈગરા ઓક્ટોબર હીટનો અનુભવ કરી રહ્યા હતા. જોકે છેલ્લા બે ત્રણ દિવસથી મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારના વાતાવરણમાં હળવી ઠંડક તો દિવસ દરમિયાન ભારે ગરમી અને ઉકળાટ થઈ રહ્યો છે. તો તેનાથી વિપરીત રાજ્યના અનેક જિલ્લામાં શિયાળાની ફૂલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં લઘુતમ તાપમાનનો પારો ૧૬ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો. હવામાન વિભાગે દિવાળી દરમિયાન રાજ્યમાં આછેરી ઠંડી પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જોકે નવેમ્બરના પહેલા અઠવાડિયામાં તાપમાનમાં ફરી વધારો થવાની શક્યતા છે.મુંબઈમાં સોમવારે દિવસ દરમિયાન ગરમીની સાથે ભારે બફારો થઈ રહ્યો હતો. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૦ ડિગ્રી નોંધાયું હતું. તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા રહ્યું હતું. સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાનનો પારો ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાનનો પારો ૨૪.૦ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા નોંધાયું હતું. હજી રવિવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૨.૫ ડિગ્રી નોંધાયું હતું. ■

# રણજીની નવી સીઝનમાં બરોડાના વિજયની હેટ-ટ્રિક

## પહેલી ત્રણેય મેચ જીત્યુંઃ સૌરાષ્ટ્રની બીજી હાર, પણ મુંબઈ અને ગુજરાતે મેળવી સરસાઈ

વડોદરાઃ રણજી ટ્રોફીની નવી સીઝનમાં બરોડાએ કમાલ કરી નાખી. બરોડાએ જીતની હેટ-ટ્રિક નોંધાવી દીધી છે. ચાર દિવસની મેચમાં બરોડાએ સોમવારના ત્રીજા દિવસે ઓડિશા સામે એક ઇનિંગ્સથી વિજય મેળવી લીધો હતો. ભારત વતી રમી ચૂકેલા ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાના સુકાનમાં બરોડાએ ઓડિશાને એક દાવ અને ૯૮ રનથી હરાવી દીધું હતું.

કૃણાલ પંડ્યાને ૧૧૯ રન તેમ જ એક વિકેટના પર્ફોર્મન્સ બદલ મેન ઑફ ધ મેચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ઓડિશાએ પ્રથમ દાવમાં ૧૯૩ રન બનાવ્યા પછી બરોડાએ ૪૫૬ રન બનાવ્યા હતા. લેફ્ટ-આર્મ સ્પિનર નિનાદ રાઠવાની છ વિકેટને લીધે ઓડિશાની ટીમ બીજા દાવમાં ફક્ત ૧૬૫ રનમાં આઉટ થઈ ગઈ હતી. મહેશ પિઠીયા અને ભાર્ગવ ભટ્ટે બે-બે વિકેટ લીધી હતી.

બરોડાએ પહેલી બે મેચમાં મુંબઈ અને સર્વિસીઝને હરાવ્યું હતું અને હવે ત્રીજી મેચ પણ જીતી લીધી છે. 'ગ્રૂપ એ'માં બરોડાની ટીમ ૧૯ પોઇન્ટ સાથે મોખરે છે.

રાજકોટમાં રેલવે સામે સૌરાષ્ટ્રનો ૩૭ રનથી પરાજય થયો હતો. રેલવેની ટીમ પહેલા દાવમાં ૩૮ રનની લીડ લીધા પછી બીજા દાવમાં ફક્ત ૧૪૧ રનમાં આઉટ થઈ ગઈ હતી. જોકે સૌરાષ્ટ્રની ટીમ ૧૮૦ રનનો નાનો ટાર્ગેટ પણ નહોતી મેળવી શકી અને ૧૪૨ રનમાં આ ટીમનો બીજો દાવ સમેટાઇ ગયો હતો. શેલ્ડન જેક્સને ૪૪ રન બનાવ્યા હતા, પરંતુ ચેતેશ્વર પૂજારાએ ત્રણ રનમાં વિકેટ ગુમાવી દીધી હતી. હાર્વિક દેસાઈ (૧) અને ચિરાગ જાની (૨૦) પણ સારું નહોતા રમી શક્યા. રેલવેના સ્પિનર અયાન ચૌધરીએ પાંચ અને બીજા સ્પિનર કર્ણ શર્માએ ચાર વિકેટ લીધી હતી.

મુંબઈ અગરતલામાં ત્રીજા દિવસે ત્રિપુરા સામે ૧૫૫ રનની સરસાઈમાં હતું. મુંબઈના પ્રથમ દાવના ૪૫૦ રનના જવાબમાં ત્રિપુરાએ ૩૦૨ રન કર્યા હતા. મુંબઈએ ૧૪૮ રનની સરસાઇ લીધી હતી. સોમવારના ત્રીજા દિવસે મુંબઈ બીજા દાવમાં સાત રનમાં બે વિકેટ ગુમાવી બેઠું હતું.

જયપુરમાં ગુજરાત ત્રીજા દિવસે રાજસ્થાન સામે ૧૪૫ રનથી આગળ હતું. ગુજરાતના ૩૩૫ રનના જવાબમાં રાજસ્થાનની ટીમ ૩૧૯ રનમાં આઉટ થઈ જતાં ગુજરાતે ૧૬ રનની સરસાઈ લીધી હતી. ગુજરાતના બે લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્ઝન નાગવાસવાલા અને જયમીત પટેલે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ ત્રીજા પેસ બોલર ચિંતન ગજાએ અને એક વિકેટ સ્પિનર રવિ બિશ્નોઈએ લીધી હતી. સોમવારના ત્રીજા દિવસે ગુજરાતનો બીજા દાવનો સ્કોર ચાર વિકેટે ૧૨૯ રન હતો. ■

# આજે ન્યૂ ઝીલેન્ડની મહિલા ટીમ સામે અંતિમ વન-ડે, સિરીઝ જીતવા ઊતરશે ભારતીય મહિલા ટીમ



અમદાવાદઃ ભારતીય મહિલા ટીમ મંગળવારે અહીં ન્યૂઝીલેન્ડ સામે ત્રણ મેચની શ્રેણીની છેલ્લી વન-ડે મેચ રમવા ઊતરશે. સિરીઝ જીતવા માટે ભારતીય મહિલા ટીમના બેટ્સમેનોએ સારુ પ્રદર્શન કરવું પડશે.

રવિવારે બીજી વનડેમાં લક્ષ્યનો પીછો કરતી વખતે ભારતીય બેટિંગ ખરાબ રીતે ફ્લોપ રહી હતી. જીતવા માટેના ૨૬૦ રનનો પીછો કરતા ભારતે ૧૦૮ રનમાં આઠ વિકેટ ગુમાવી દીધી હતી. રાધા યાદવ (૪૮) અને સાઇમા ઠાકોર (૨૯)એ નવમી વિકેટ માટે ૭૦ રનની ભાગીદારી કરીને ટીમને શરમજનક હારમાંથી બચાવી હતી.

ભારતીય ટીમ ૧૮૩ રનમાં આઉટ થઈ ગઈ હતી.

આ પહેલા સિરીઝની પ્રથમ મેચમાં પણ ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમને ૫૯ રનથી જીત અપાવી હતી. સિરીઝમાં ભારતીય ટીમ ઓપનર સ્મૃતિ મંધાના પાસે સારા પ્રદર્શનની આશા રાખશે. શેફાલી વર્માની સાથે કેપ્ટન હરમનપ્રીત કૌર, જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા અને તેજલ હસબનીસ સારી શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવવામાં નિષ્ફળ રહી છે.

મંધાનાના ખરાબ ફોર્મના કારણે ભારત સૌથી મોટી સમસ્યાનો સામનો કરી રહ્યું છે. વિશ્વની શ્રેષ્ઠ ઓપનિંગ બેટ્સમેનોમાંની એક મંધાના છેલ્લી કેટલીક મેચોમાં રન કરવા માટે સંઘર્ષ કરી રહી છે. સિરીઝની પ્રથમ બે મેચમાં તે ડબલ ફિગર સુધી પણ પહોંચી શકી નથી.

બીજી તરફ ભારતીય બોલરોનું પ્રદર્શન સરાહનીય રહ્યું છે. ટીમે શરૂઆતની મેચમાં ન્યૂઝીલેન્ડની ઇનિંગ્સને ૧૬૮ રનમાં સમેટી દીધી હતી. બીજી મેચમાં રાધા યાદવ (ચાર વિકેટ)ના નેતૃત્વમાં ભારતીય બોલરોએ શાનદાર વાપસી કરીને ન્યૂઝીલેન્ડની ઇનિંગ્સને ૨૫૯ રન સુધી સીમિત કરી દીધી હતી. ન્યૂઝીલેન્ડ તરફથી છેલ્લી મેચમાં અનુભવી સુઝી બેટ્સ (૫૮) અને કેપ્ટન સોફી ડિવાઇન (૭૯)ની શાનદાર બેટિંગ ટીમને મનોબળ વધારનારી જીત તરફ દોરી ગઈ હતી.■

# બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં જોશ ઈંગ્લિશ કરી શકે છે ડેબ્યૂ, મુખ્ય પસંદગીકારે આપ્યા સંકેત

સિડનીઃ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઇલીએ સોમવારે સંકેત આપ્યો હતો કે ફોર્મમાં રહેલો ઑસ્ટ્રેલિયન વિકેટકીપર-બેટ્સમેન જોશ ઈંગ્લિસ આગામી મહિને યોજાનારી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં નિષ્ણાત બેટ્સમેન તરીકે ટેસ્ટમાં ડેબ્યૂ કરી શકે છે.

૨૧ નવેમ્બરથી પર્થમાં શરૂ થનારી પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં ભારતનો સામનો ઓસ્ટ્રેલિયા સાથે થશે, જેણે છેલ્લા ચાર વખતથી હારનો સામનો કરવો પડ્યો નથી.

બેઇલીએ પત્રકારોને કહ્યું હતું કે, તેમાં કોઈ શંકા નથી કે તે (જોશ ઈંગ્લિશ) આ સમયે ખરેખર શાનદાર ફોર્મમાં છે. મને લાગે છે કે તે જે રીતે બેટ્સમેન તરીકે પ્રદર્શન કરી રહ્યો છે તે જોતા તે આખા વર્ષ દરમિયાન અલગ-અલગ શ્રેણીમાં રમતો જોવા મળી શકે છે.

ઈંગ્લિશ (૨૯ વર્ષ) વન-ડે અને ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ઓસ્ટ્રેલિયાનો વિકેટકીપર છે, તેણે છેલ્લી સાત શેફિલ્ડ શિલ્ડ મેચોમાં ચાર સદી ફટકારી છે. પરંતુ ઓસ્ટ્રેલિયન ટેસ્ટ વિકેટકીપર એલેક્સ કેરી શાનદાર ફોર્મમાં છે અને ઇંગ્લિશ મિડલ ઓર્ડર બેટ્સમેન તરીકે રમી શકે છે. ■

## 'પરાજિત રોહિતસેનાને સજા'

# દિવાળીના દિવસોમાં બધાએ ફરજિયાત પ્રેક્ટિસ કરવી પડશે



મુંબઈઃ ભારતીય ટીમ ન્યૂ ઝીલેન્ડ સામે પહેલી બન્ને ટેસ્ટ હારી જતાં ન્યૂ ઝીલેન્ડને ૭૦ વર્ષમાં પહેલી વાર ભારતની ધરતી પર ટેસ્ટ સિરીઝ જીતવા મળી ગઈ. ૦-૨ની આ હારના આ આઘાત બદલ રોહિત શર્માની કેપ્ટન્સી પર તો સવાલ ઊઠ્યા જ છે, ક્રિકેટ બોર્ડ એક્શન મોડમાં આવી ગયું છે. હવે કિવીઓ સામે ત્રીજી અને છેલ્લી ટેસ્ટ શુક્રવાર, પહેલી નવેમ્બરથી વાનખેડેમાં રમાશે અને એ પહેલાં (દિવાળીના દિવસોમાં) ટીમ ઇન્ડિયાના બધા ખેલાડીઓને ફરજિયાત પ્રેક્ટિસ સેશનમાં હાજરી આપવાનું કહેવામાં આવ્યું છે.

એક અહેવાલ મુજબ હવે ખેલાડીઓએ દિવાળીના પર્વના દિવસોમાં પણ પ્રેક્ટિસ કરવી પડશે. આ પ્રેક્ટિસ સેશન બુધવાર અને ગુરુવારે (૩૦ અને ૩૧મી ઑક્ટોબરે) યોજાશે અને એક અહેવાલ અનુસાર આ સેશન ટીમના દરેક ખેલાડી માટે ફરજિયાત છે. કહેવાય છે કે કેપ્ટન રોહિત શર્મા, વાઇસ-કેપ્ટન જસપ્રીત બુમરાહ તેમ જ સિનિયર પ્લેયર વિરાટ કોહલી માટે પણ આ સેશન ફરજિયાત છે.

સામાન્ય રીતે પ્રેક્ટિસના સેશન અમુક ખેલાડીઓ માટે વૈકલ્પિક હોય છે, પરંતુ આ વખતે નિયમ કડક બનાવાયો છે. વાનખેડેમાં પણ જો રોહિતની ટીમ હારી જશે તો ન્યૂ ઝીલેન્ડને ૩-૦થી ક્લીન સ્વીપ કરવાનો મોકો મળશે અને ટેસ્ટના વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચવા માટેના ભારતના પ્રયાસોને મોટો ધક્કો પહોંચશે. આ બધુ જોતાં ખેલાડીઓને મેચના દિવસ સુધી સઘન પ્રેક્ટિસ કરવાનું કહેવામાં આવ્યું છે. ■

# પાકિસ્તાન ક્રિકેટ ટીમના કોચપદેથી ગેરી કર્સ્ટનનું રાજીનામું, જેસન ગિલેસ્પીને સોંપાઇ જવાબદારી





કરાચીઃ પાકિસ્તાનની વ્હાઇટ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગેરી કર્સ્ટને તેમની નિમણૂકના છ મહિનાની અંદર પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધિકારીઓ સાથે મતભેદને કારણે તેમણે આ નિર્ણય લીધો છે.૫૬ વર્ષીય કર્સ્ટન ભારતની ૨૦૧૧ વન-ડે વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના કોચ હતા. ગેરી કર્સ્ટન આ વર્ષના એપ્રિલના અંતમાં પાકિસ્તાનની ટી-૨૦ અને વન-ડે ટીમના મુખ્ય કોચ બન્યા હતા. પીસીબીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આજે જાહેરાત કરી છે કે જેસન ગિલેસ્પી આવતા મહિને ઓસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ અને વન-ડે સિરીઝ માટે પાકિસ્તાન પુરુષ ક્રિકેટ ટીમના કોચ રહેશે. ગેરી કર્સ્ટને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે, જેને સ્વીકારી લેવામાં આવ્યું છે. ઇએસપીએન ક્રિકઇન્ફોના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન ટેસ્ટ ટીમના કોચ ગિલેસ્પી અને પીસીબી સાથે મતભેદોને કારણે કર્સ્ટને પોતાનું પદ છોડી દીધું હતું.

અગાઉ, પીસીબીએ ટીમની પસંદગી સંબંધિત તેમના અધિકારો પાછા ખેંચી લીધા હતા, જે મતભેદોનું મુખ્ય કારણ માનવામાં આવે છે. ટીમની પસંદગી હવે માત્ર પસંદગી સમિતિનું જ ક્ષેત્ર છે. દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ બેટ્સમેન પાકિસ્તાન ટીમમાં જોડાતા પહેલા ઈન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઇટન્સના બેટિંગ કોચ હતા. પાકિસ્તાનની ટીમ આવતા અઠવાડિયે ત્રણ વનડે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવા ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાની છે. તેની ટેસ્ટ ટીમે તાજેતરમાં સમાપ્ત થયેલી ત્રણ મેચની શ્રેણીમાં ઈંગ્લેન્ડને ૨-૧થી હરાવ્યું હતું. ■

# પાકિસ્તાન સામેની ટી-૨૦ સિરીઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર, ટેસ્ટ ક્રિકેટરોને અપાયો આરામ

સિડનીઃ ઓસ્ટ્રેલિયાએ ભારત સામેની બોર્ડર ગાવસ્કર સિરીઝને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સામેની ઘરઆંગણે રમાનારી ટી-૨૦ શ્રેણી માટે તેમના નિયમિત ટેસ્ટ ખેલાડીઓને આરામ આપ્યો છે. ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાન સામેની સીરિઝ માટે તેની ટી-૨૦ ટીમની જાહેરાત કરી છે પરંતુ હજુ સુધી કેપ્ટનના નામની જાહેરાત કરી નથી.

ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે ૪ નવેમ્બરથી ત્રણ વનડે મેચોની શ્રેણી રમાશે. આ પછી આ બંને ટીમો ૧૪ નવેમ્બરથી શરૂ થનારી ટી-૨૦ શ્રેણીમાં આમને-સામને થશે. આ ટી-૨૦ સિરીઝ ૧૮ નવેમ્બરે સમાપ્ત થશે, જ્યારે ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ૨૨ નવેમ્બરથી પર્થમાં પાંચ ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ મેચ રમવાની છે.

ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી શ્રેણી માટે કેપ્ટનની નિમણૂક કરી નથી કારણ કે ટી-૨૦ ટીમનો કેપ્ટન મિશેલ માર્શ, ટ્રેવિસ હેડ અને વન-ડે અને ટેસ્ટ ટીમના કેપ્ટન પેટ કમિન્સને આરામ આપવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયા દ્વારા સોમવારે જાહેર કરવામાં આવેલી ટીમમાં એવો કોઈ ખેલાડી સામેલ નથી કે જેણે અગાઉ કોઈપણ ફોર્મેટમાં પોતાના દેશની કેપ્ટનશિપ કરી હોય, પરંતુ ગ્લેન મેક્સવેલ, એડમ ઝમ્પા, મેથ્યુ શોર્ટ અને એરોન હાર્ડી જેવા ખેલાડીઓએ બિગ બેશ લીગમાં પોતાની ટીમનું નેતૃત્વ કર્યું છે. જોશ ઈંગ્લિસ પણ કેપ્ટન બનવાની રેસમાં છે.

ઝડપી બોલર ઝેવિયર બાર્ટલેટ (સાઇડ સ્ટ્રેન), નાથન એલિસ (હેમસ્ટ્રિંગ) અને સ્પેન્સર જોન્સન (સાઇડ સ્ટ્રેન) ઇજાઓમાંથી સ્વસ્થ થયા બાદ ટીમમાં પરત ફર્યા છે.

પાકિસ્તાન સામેની શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાની ટી-૨૦ ટીમ

સીન એબોટ, ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, ટિમ ડેવિડ, નાથન એલિસ, જેક ફ્રેઝર-મૈકગર્ક, એરોન હાર્ડી, જોશ ઈંગ્લિસ, સ્પેન્સર જોન્સન, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, માર્કસ સ્ટોઈનિસ, એડમ ઝમ્પા. ■

# સાઉથ આફ્રિકાના પ્રવાસમાં ગૌતમ ગંભીરના બદલે વીવીએસ લક્ષ્મણ હોઇ શકે છે મુખ્ય કોચઃ રિપોર્ટ



નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ન્યૂ ઝીલેન્ડ સામે ટેસ્ટ સિરીઝ રમી રહી છે જેમાંથી બે મેચ રમાઈ ચૂકી છે. ન્યૂ ઝીલેન્ડે બંને મેચ જીતીને શ્રેણી જીતી લીધી હતી. ત્રીજી મેચ ૧ નવેમ્બરથી મુંબઈમાં શરૂ થશે. આ પહેલા એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ટીમ ઇન્ડિયાના આગામી સાઉથ આફ્રિકાના પ્રવાસમાં ગૌતમ ગંભીર નહી પરંતુ વીવીએસ લક્ષ્મણ મુખ્ય કોચની ભૂમિકા નિભાવશે.

ન્યૂ ઝીલેન્ડ શ્રેણી બાદ ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જશે જ્યાં તેને ચાર મેચની ટી-૨૦ શ્રેણી રમવાની છે. આ શ્રેણી માટે ટીમની જાહેરાત પણ કરવામાં આવી છે, પરંતુ ગૌતમ ગંભીર આ પ્રવાસ પર કોચ તરીકે જશે નહીં. તેમના સ્થાને એનસીએના વડા વી.વી.એસ. લક્ષ્મણ કોચની જવાબદારી સંભાળશે. એક અહેવાલ અનુસાર, લક્ષ્મણને દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર મુખ્ય કોચ તરીકે મોકલવામાં આવશે. બીસીસીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ ક્રિકબઝને આ વાતની પુષ્ટી કરી હતી. સાથે કોચિંગ સ્ટાફ પણ નવો હશે. સાઈરાજ બહુતુલે, હૃષીકેશ કાનિટકર અને સુભદીપ ઘોષ પણ દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર કોચિંગ સ્ટાફનો ભાગ હશે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવી શકે છે કારણ કે ગંભીર ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે જ્યાં ટીમ ઈન્ડિયા પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. ન્યૂ ઝીલેન્ડ સિરીઝ બાદ ગંભીર બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની તૈયારી શરૂ કરશે, તેથી તેમના સ્થાને લક્ષ્મણને દક્ષિણ આફ્રિકા મોકલવામાં આવી શકે છે. ■

# ફિલ્મ પ્રોડ્યુસર વિધુ વિનોદ ચોપરાના પુત્ર અગ્નિ ચોપરાએ બ્રેડમેનને પણ પાછળ છોડ્યા, સતત ફટકારી બીજી બેવડી સદી



નવી દિલ્હીઃ ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેનને પાછળ છોડ્યા બાદ ભારતના સ્થાનિક ક્રિકેટર અગ્નિ ચોપરાએ ભારતીય સ્થાનિક ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીમાં સતત બે બેવડી સદી ફટકારી છે. અગ્નિ ચોપરા જાણીતા ભારતીય ફિલ્મ નિર્માતા અને નિર્દેશક વિધુ વિનોદ ચોપરાનો પુત્ર છે. ૨૫ વર્ષીય મિઝોરમના બેટ્સમેને રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫ના ત્રીજા રાઉન્ડમાં મણિપુર સામે ૨૧૮ રનની ઇનિંગ રમી હતી. ચોપરાએ ૨૬૯ બોલમાં ૨૯ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૧૮ રન કર્યા હતા. તેની બેવડી સદીએ મણિપુર સામેની પ્રથમ ઇનિંગમાં મિઝોરમને ૫૩૬ રન સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

વિકેટકીપર જેહુ એન્ડરસન, મોહિત જાંગડા અને વિકાસ કુમારે પણ પોતાની ટીમ માટે અડધી સદી ફટકારી હતી. રણજી ટ્રોફીમાં અગ્નિ ચોપરાની આ સતત બીજી બેવડી સદી છે. આ પહેલા તેણે બીજા રાઉન્ડમાં અરુણાચલ પ્રદેશ સામે એક સદી અને એક બેવડી સદી ફટકારી હતી. તેની ૧૧૦ અને ૨૩૮ રનની વિસ્ફોટક ઇનિંગ્સને કારણે મિઝોરમને ૨૬૭ રનથી જીત મળી હતી. તે ડોમેસ્ટિક સર્કિટમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. ચોપરાએ ફર્સ્ટ ક્લાસ લેવલ પર નવ મેચોમાં ૧૫૮૫ રન કર્યા છે. તેના નામે પહેલાથી જ આઠ સદી અને ચાર વખત ૫૦ પ્લસ સ્કોર છે. તેની સરેરાશ ૧૦૦ની આસપાસ છે, જ્યારે બ્રેડમેનની ફર્સ્ટ ક્લાસ એવરેજ ૯૫.૧૪ હતી. અગ્નિ તેનાથી આગળ નીકળી ગયો છે. ■

# મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪ઃ ભારતીય હોકી ટીમની જાહેરાત, સલીમા ટેટે બની કેપ્ટન



નવી દિલ્હીઃ બિહારના નવનિર્મિત રાજગીર હોકી સ્ટેડિયમમાં ૧૧ થી ૨૦ નવેમ્બર દરમિયાન યોજાનારી મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય મહિલા હોકી ટીમની જાહેરાત કરવામાં આવી છે. ૧૮ સભ્યોની ટીમની કેપ્ટનની જવાબદારી સલીમા ટેટેને સોંપવામાં આવી છે. નવનીત કૌરને ટીમની વાઈસ કેપ્ટન બનાવવામાં આવી છે. ભારતે ગયા વર્ષે રાંચીમાં આયોજિત ઈવેન્ટમાં ટાઈટલ જીત્યું હતું પરંતુ ત્યારથી ટીમના પ્રદર્શનમાં ઘટાડો થયો છે.

આ ખંડીય સ્પર્ધામાં ટીમને વર્તમાન ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ચીન, જાપાન, કોરિયા, મલેશિયા અને થાઈલેન્ડ સહિત અન્ય પાંચ દેશોની સખત સ્પર્ધાનો સામનો કરવો પડશે. ભારત ૧૧ નવેમ્બરે મલેશિયા સામે તેના અભિયાનની શરૂઆત કરશે.

ટીમની પસંદગી અને ટૂર્નામેન્ટ માટેની તેમની તૈયારી અંગે મિડ ફિલ્ડર્સ સલીમાએ કહ્યું હતું કે, બીજી મોટી ટૂર્નામેન્ટમાં ટીમનું નેતૃત્વ કરવું એ એક મહાન લાગણી છે. અમે ટૂર્નામેન્ટમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ભાગ લઈશું. તે તેને વધુ ખાસ બનાવે છે.

તેણે કહ્યું હતું કે, ''અમે સખત ટ્રેનિંગ મેળવી છે. અમારી પાસે અનુભવી ખેલાડીઓ અને યુવા પ્રતિભા સાથે મજબૂત ટીમ છે. અમારો ઉદ્દેશ્ય અમારા ટાઇટલનો બચાવ કરવાનો છે અને તે જ જુસ્સા અને નિર્ધાર સાથે રમવાનો છે જે અમે ગયા વર્ષે બતાવ્યું હતું.''

ટીમમાં ગોલકીપરની ભૂમિકા અનુભવી સવિતા અને બિચુ દેવી ખારીબામ સંભાળશે. ડિફેન્સ લાઇનની જવાબદારી ઉદિતા, જ્યોતિ, ઇશિકા ચૌધરી, સુશીલા ચાનુ પુખરામ્બમ અને વૈષ્ણવી વિઠ્ઠલ ફાળકેની રહેશે. મિડલ લાઇનમાં ટેટેની સાથે નેહા, શર્મિલા દેવી, મનીષા ચૌહાણ, સુનેલિતા ટોપ્પો અને લાલરેમ્સિયામી ટીમને તાકાત આપશે. ફોરવર્ડમાં નવનીત કૌર, સંગીતા કુમારી, દીપિકા, પ્રીતિ દુબે અને બ્યુટી ડુંગડુંગ જવાબદારી સંભાળશે.

ભારતીય વાઇસ કેપ્ટન નવનીતે કહ્યું, અમને અમારી તૈયારી કરી છે અને એકબીજા પર વિશ્વાસ છે. ભારતના દર્શકોની સામે રમવું રોમાંચક છે અને અમે એશિયાની સર્વશ્રેષ્ઠ ટીમો તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવા તૈયાર છીએ. ■

### ભારતીય ટીમઃ

ગોલકીપર્સઃ સવિતા, બિચૂ દેવી ખારીબામ.

ડિફેન્ડર્સઃ ઉદિતા, જ્યોતિ, વૈષ્ણવી વિઠ્ઠલ ફાળકે, સુશીલા ચાનુ પુખરામ્બમ, ઈશિકા ચૌધરી.

મિડફિલ્ડર્સઃ નેહા, સલીમા ટેટે, શર્મિલા દેવી, મનીષા ચૌહાણ, સુનેલિતા ટોપ્પો, લાલરેમ્સિયામી.

ફોરવર્ડઃ નવનીત કૌર, પ્રીતિ દુબે, સંગીતા કુમારી, દીપિકા, બ્યુટી ડુંગડુંગ.

# અંડર-૨૩ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં ચિરાગ ચિકારાએ ફ્રીસ્ટાઇલ જીત્યો ગોલ્ડ મેડલ



તિરાનાઃ અલ્બેનિયાના તિરાનામાં અંડર-૨૩ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ૧૮ વર્ષના ચિરાગ ચિકારાએ પુરુષોની ફ્રી સ્ટાઇલ ૫૭ કિગ્રા વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જે આ ટુર્નામેન્ટમાં ભારતનો એકમાત્ર ગોલ્ડ મેડલ છે. ચિરાગે કિર્ગિસ્તાનના અબ્દિમલિક કારાચોવને રોમાંચક ફાઇનલ મેચમાં ૪-૩ના માર્જિનથી હરાવ્યો હતો. આ રીતે આ યુવા કુસ્તીબાજ પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા અમન સેહરાવત પછી માત્ર બીજો રેસલર છે, જેણે અંડર-૨૩ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. પ્રથમ રાઉન્ડમાં જાપાનની ગટુકો ઓઝાવાને ૬-૧થી હરાવ્યા બાદ તેણે રશિયાના ઇયુનસ ઇવાબતિરોવ પર ૧૨-૨થી જીત સાથે ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં પ્રભુત્વ જમાવ્યું હતું.

સેમિફાઇનલમાં ચિરાગે કઝાકિસ્તાનના એલન ઓરલબેક સામે શાનદાર પ્રદર્શન કર્યું અને ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું જ્યાં તેણે કરાચોવને હરાવ્યો હતો. અમન સેહરાવતે ગયા વર્ષે ૫૭ કિગ્રા વર્ગમાં અંડર-૨૩ કુસ્તીમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે રિતિકા હુડ્ડાએ મહિલાઓની ૭૬ કિગ્રા વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. પુરુષોની ફ્રી સ્ટાઈલમાં સુજીત કલકલે ૭૦ કિગ્રા વર્ગમાં તાજિકિસ્તાનના મુસ્તફો અખમેદોવને ૧૩-૪થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વિકી ચાહરે ૯૭ કિગ્રા વર્ગમાં ભૂતપૂર્વ અંડર-૨૦ વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા યુક્રેનના ઇવાન પ્રિમાચેન્કોને ૭-૨થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ભારતની મહિલા ફ્રીસ્ટાઇલ ટીમ પાંચમા સ્થાને રહી હતી. અંજલિએ ૫૯ કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો, જ્યારે તેની ટીમના અન્ય ત્રણ ખેલાડીઓએ પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ગ્રીકો-રોમન કેટેગરીમાં વિશ્વજીત રામચંદ્ર મોરે ભારતના એકમાત્ર મેડલ વિજેતા હતા જેમણે ૫૫ કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતે ચેમ્પિયનશિપમાં કુલ ૯ મેડલ જીત્યા હતા જેમાં ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૭ બ્રોન્ઝ સામેલ છે. ■

# સેન્સેક્સે ૧૧૩૮ પોઇન્ટ ઊછળીને અંતે ૬૦૦ પોઇન્ટના સુધારો નોંધાવ્યો, નિફ્ટી ૨૪,૩૦૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારે એફઆઇઆઇની વેચવાલી, નબળા કોર્પોરેટ પરિણામ, જીઓ-પોલિટિકલ ટેન્શન સહિતના તમામ નકારાત્મક પરિબળો ફગાવીને સત્ર દરમિયાન ૧૧૩૭.૫૦ પોઇન્ટનો ઉછાળો માર્યો હતો અને અંતે ૬૦૦ના સુધારા સાથે સ્થિર થયું હતું. ક્રૂડ ઓઇલના ભાવના તીવ્ર ઘટાડાની બજારના સેન્ટિમેન્ટ પર પોઝિટિવ અસર થઇ હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૫.૮૪ ટકાના કડાકા સાથે બેરલદીઠ ૭૧.૫૪ ડોલર બોલાયું હતું.

બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ એશિયન સમકક્ષોને પ્રતિબિંબિત કરતા, સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સત્રના અંત પહેલા સોમવારે ઇન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન એક ટકાથી વધુ ઉછાળો નોંધાવ્યો હતો. સેન્સેક્સ સત્ર દરમિયાન ૧.૪૩ ટકાની જમ્પ સાથે ૮૦,૫૩૯.૮૧ સુધી ઉછળીને અંતે ૬૦૨.૭૫ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકાના વધારા સાથે ૮૦,૦૦૫.૦૪ના સ્તરે અને નિફ્ટી ૧૫૮.૩૫ પોઈન્ટ અથવા ૦.૬૫ ટકા વધીને ૨૪,૩૩૯.૧૫ની સપાટી પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં આઇસીઆઇસીઆઇ બેન્ક ત્રણ ટકા ઉછીને ટોપ ગેઇનર બન્યો હતો, અન્ય વધાનરા શેરોમાં જેએસડબલ્યુ સ્ટીલ, મહિન્દ્રા, એદાણી પોર્ટ, ટાટા સ્ટીલ, સન ફાર્માએચયુએલ, ટાટા મોટર્સ અને એસબીઆઇનો સમાવેશ હતો. ટોપ લુઝર શેરોમાં એક્સિસ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, ટેક મહિન્દ્રા, એચડીએફસી બેન્ક અને મારુતિનો સમાવેશ હતો.

આઇસીઆઇસીઆઇ બેન્કે બીજા ક્વાર્ટરમાં ૧૪.૫૦ ટકાના વધારા સાથે રૂ. ૧૧,૭૪૬ કરોડનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો અને રૂ. ૪૭,૭૧૪ કરોડની કુલ આવક નોંધાવી છે. હેસ્ટર બાયોસાયન્સે બીજા ત્રિમાસિક ગાળામાં ૧૦૮ ટકાના વધારા સાથે રૂ. ૮.૩૯ કરોડનો કોન્સોલિડેટેડ નફો અને ૧૯ ટકાના વધારા સાથે રૂ. ૮૩.૬૯ કરોડની આવક નોંધાવી છે. અરવિંદ લિમિટેડનો ચોખ્ખો નફો ૨૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૬૨.૭૭ કરોડ નોંધાયો હતો.

ઇન્ડિગોની પેરેન્ટ કંપની ઇન્ટરગ્લોબ એવિએશને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૯૮૬.૭૦ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે. વેરાંડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડે અર્ધવાર્ષિકમાં ૭૨.૬૯ ટકાના વધારા સાથે રૂ. ૧૧૮.૯૯ કરોડની આવક નોંધાવી છે. કંપનીએ એજીએમમાં રૂ. ૧૦૦૦ કરોડ સુધીના એનસીડી, બોન્ડસ અને અન્ય નાણાકીય સાધનો માટે મંજૂરી આપી છે.

જાહેર ક્ષેત્રની ભેલ કંપનીએ ૩૦મી સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં રૂ. ૧૦૬.૧૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૬૩.૦૧ કરોડની ખોટ નોંધાવી હતી. વારી એનર્જી ૭૦ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટ થયો હતો. જ્યારે દીપક બિલ્ડર્સ ૨.૨૧ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયો હતો.

શ્રીરામ ફાઇનાન્સ, અદાણી એન્ટરપ્રાઇઝ, આઇસીઆઇસીઆઇ બેંક, વિપ્રો અને જેએસડબલ્યુ સ્ટીલની આગેવાની હેઠળ



નિફ્ટીના પચાસમાંથી ૩૬ શેરામાં ૫.૩૫ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. બીજી તરફ કોલ ઈન્ડિયા, બજાજ ઓટો, એક્સિસ બેંક, હીરો મોટરકોર્પ અને બીઈએલ એવા ૧૪ શેરોમાં ૩.૭૬ ટકા સુધીના નુકસાન સાથે રેડ ઝોનમાં ધકેલાયા હતા.

મિડકેપ અને સ્મોલકેપ શેરોએ ફરી એકવાર વ્યાપક બજારોને માત આપી હતી. નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૧.૨૦ ટકાનો અને નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૦.૮૩ ટકા નો ઉછાલો જોવા મળ્યો હતો. તમામ ક્ષેત્રીય બેન્ચમાર્ક ગ્રીન ઝોનમાં હતા, જેમાં નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ ૩.૭૮ ટકા વધીને બંધ રહ્યો હતો, ત્યારબાદ બેન્ક નિફ્ટી ૦.૯૩ ટકા અને નિફ્ટી પ્રાઇવેટ બેન્ક ૦.૨૭ ટકા વધીને બંધ રહ્યો હતો. દરમિયાન, નિફ્ટી મીડિયા, ફાર્મા, રિયલ્ટી અને હેલ્થકેર પ્રત્યેક શેરઆંકમાં એક ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો.

નોંધવું રહ્યું કે એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૩,૦૩૬.૭૫ કરોડની કિંમતની ભારતીય ઇક્વિટીનું ચોખ્ખું વેચાણ કર્યું હતું, જ્યારે ડીઆઇઆઇએ એનએસઇ ડેટા અનુસાર ટ્રેડિંગ સત્ર દરમિયાન રૂ. ૪,૧૫૯.૨૯ કરોડની કિંમતની ઇક્વિટીની લેવાલી નોંધાવી હતી.

સ્થાનિક શેરબજાર માટે ઓક્ટોબર મહિનો વાસ્તવમાં અશુભ રહ્યો છે. એક મહિના જેટલા સમયમાં મોટાપાયે વોલેટિલિટી વચ્ચે મંદીનું જોર વધ્યું છે. સમીક્ષા હેઠળના પાછલા એક જ સપ્તાહમાં રોકાણકારોના ૨૧.૪૭ લાખ કરોડ સ્વાહા થઇ ગયા છે. ઓક્ટોબરમાં અત્યારસુધીમાં વિદેશી રોકાણકારોએ રૂ. એક લાખ કરોડથી વધુની વેચવાલી નોંધાવી છે. નવા પરિબળમાં કોર્પોરેટ ક્ષેત્રમા નબળા ત્રિમાસિક પરિણામા આવે છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકમાં આઈટી, રિયાલ્ટી અને ઓટો કંપનીઓના પરિણામો એકંદરે અપેક્ષા કરતાં નબળા રહ્યા છે. આ સિવાય અન્ય ઘણી કંપનીઓએ નિરૂત્સાહી પરિણામો જાહેર કરતાં તેની અસર શેરબજાર પર જોવા મળી છે.

જુલિયન એગ્રો ઇન્ફ્રાટેક લિમિટેડના બોર્ડે રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેરના ૧:૨ના રેશિયોમાં શેર વિભાજનના પ્રસ્તાવને મંજૂરી આપી છે. નવા ફેરફાર પછી ફેસ વેલ્યૂ રૂ. પાંચની ગણાશે. કંપનીએ તેના વચગાળાના ડિવિડન્ડ માટે રેકોર્ડ ડેટ તરીકે પહેલી નવેમ્બર ૨૦૨૪ નક્કી કરી છે. નાણાકિય વર્ષ ૨૦૨૫ના બીજા ત્રિમાસિક માટે કંપનીએ તેની કુલ આવક રૂ. ૩૦૭૦.૮૬ લાખની અને કરવેરા પછીનો નફો રૂ. ૨૦૪.૦૮ લાખ નોંધાવ્યો છે. શેર દીઠ કમાણી રૂ. ૧.૦૩ રહી છે. ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કંપનીની આવક રૂ. ૨૧૩૪.૭૦ લાખ રહી હતી. કંપની મોટા પાયે રિયલ એસ્ટેટ વિકાસમાં વિસ્તરણ કરવાની આશા રાખે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩માં કૃષિ ક્ષેત્રમાં વૈવિધ્યીકરણ કરવાનો વ્યૂહાત્મક નિર્ણય લેવામાં આવ્યો હતો. કંપની લેન્ડફિલિંગ, લેવલિંગ, શેડ ફાઉન્ડેશન, કૃષિ વેપાર અને રોડ બાંધકામ સહિતના ક્ષેત્રોમાં હિત ધરાવે છે.

## ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડાતરફી વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને વિદેશી સ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્યપ્રવાહ જળવાઈ રહ્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગત શુક્રવારની જ ૮૪.૦૮ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, અમુક ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૦૮ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૪.૦૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૮ અને ઉપરમાં ૮૪.૦૭ની એક પૈસાની સાંકડી વધઘટે અથડાઈને ખૂલતી જ અથવા તો ગત શુક્રવારની ૮૪.૦૮ની ઑલ ટાઈમ લૉ સપાટીએ જ બંધ રહ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૬.૦૫ ટકાના ગાબડાં સાથે બેરલદીઠ ૭૧.૪૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૦૨.૭૫ પૉઈન્ટનો અને ૧૫૮.૩૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને ટેકો મળ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૧૦૪.૨૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૦૩૬.૭૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ અને માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી પ્રબળ રહેતાં રૂપિયો સાંકડી રેન્જમાં અથડાઈ ગયો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## વૈશ્વિક સોનામાં નરમાઈ, સ્થાનિકમાં ₹ ૨૩૦ ઝળકયું, ચાંદીમાં ₹ ૨૮૬નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગત શુક્રવારે સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો નોંધાયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ અને મધ્યપૂર્વના દેશોનો તણાવ હળવો થવાની શક્યતા વચ્ચે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સાધારણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજારથી વિપરીત સોનામાં ઘટ્યા મથાળેથી ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૯થી ૨૩૦નો અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી રૂ. ૨૮૬નો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે વિશ્વ બજારથી વિપરીત સોના અને ચાંદીમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગનો ટેકો મળતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૮૬ના સુધારા સાથે ફરી રૂ. ૯૬,૦૦૦ની સપાટી કુદાવીને રૂ. ૯૬,૦૮૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ૯૯૫



ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૯ વધીને રૂ. ૭૭,૯૩૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૦ વધીને રૂ. ૭૮,૨૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી. તેમ જ આજથી દિવાળીના તહેવારોનો આરંભ થઈ રહ્યો હોવાથી રિટેલ સ્તરની ઘરાકીની ચહેલપહેલ શરૂ થઈ છે, પરંતુ કામકાજોના વૉલ્યૂમ પાંખાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને આ સપ્તાહે અમેરિકાના ફુગાવાના અને રોજગારીના જાહેર થનારા ડેટા પર રોકાણકારોની નજર હોવાથી સાવચેતીના અભિગમ અને મધ્યપૂર્વના દેશોમાં તણાવ હળવો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૩૧.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા ઘટીને ૨૭૪૪.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે એક ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં એપ્રિલ, ૨૦૨૨ પછીનો માસિક ધોરણે સૌથી વધુ સુધારો જોવા મળી રહ્યો હોવાથી પણ સોનામાં સુધારો રૂંધાઈ રહ્યો છે. તેમ છતાં મક્કમ અન્ડરટોન સાથે ભાવ ઔંસદીઠ ૨૮૦૦ ડૉલર તરફ આગેકૂચ કરશે. જોકે, રોકાણકારોની નજર આ સપ્તાહે જાહેર થનારા અમેરિકાના આર્થિક ડેટા ઉપરાંત ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતના નિર્ણય પર મંડાયેલી રહેશે, એમ કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહે અમેરિકાનાં જાહેર થનારા ડેટાઓમાં રોજગારીનાં અહેવાલ અને પર્સનલ કન્ઝમ્પશન એક્સ્પેન્ડિચર ડેટાનો સમાવેશ થાય છે અને ત્યાર બાદના સપ્તાહમાં ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કપાત કરવામાં આવે છે કે કેમ તેના પર રોકાણકારોની મીટ મંડાયેલી રહેશે. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો આગામી નીતિનિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી ૯૮ ટકા ધારણા મૂકી રહ્યા છે. દરમિયાન વર્તમાન વર્ષ ૨૦૨૪નાં પહેલા ત્રિમાસિકગાળામાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની આભૂષણોની માગમાં વર્ષાનુવર્ષ ધોરણે ૧૧.૧૮ ટકાનો ઘટાડો થયો હોવાનું ચીનના ગોલ્ડ એસોસિયેશને એક યાદીમાં જણાવ્યું હતું.

## કોપર અને બ્રાસમાં ધીમો સુધારો, અન્ય ધાતુઓમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં વધ્યા મથાળેથી પીછેહઠ અને અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સપ્તાહના આરંભે ખાસ કરીને કોપર સ્ક્રેપ હેવીમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય વેરાઈટીઓ અને બ્રાસમાં ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ધીમો સુધારો જોવા મળ્યો હતો. તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૭૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારનાના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૩૨ અને રૂ. ૮૫૪ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૦૧, રૂ. ૭૭૯ અને રૂ. ૫૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ હેઠળ ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૭૭ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૭૨૦ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૨૪૬, રૂ. ૨૮૯ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ખપપૂરતી માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૯૦ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

**મર્યાદિત માગે ખાડમાં ₹ ૨૦નો ઘટાડો**

## નવેમ્બરમાં મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજર ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે અનાજ અને જાહેર વિતરણ વિભાગે આગામી નવેમ્બર મહિનાના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડ છૂટી કરવામાં આવી હોવનું એક યાદીમાં જણાવ્યું હતું. વધુમાં તાજેતરમાં અનાજ મંત્રાલયે ગત પહેલી ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન ખાંડ મોસમ માટે ૩.૩ કરોડ ટન ખાંડના ઉત્પાદનનો અંદાજ મૂક્યો છે, જે ૨.૯ કરોડ ટનની વપરાશી માગ તેમ જ ૪૫ લાખ ટન ઈથેનોલના ઉત્પાદન માટેની માગ માટે પર્યાપ્ત હોવાનું મંત્રાલયે ઉમેર્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ ખપપૂરતી માગ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૩૬૯૨થી ૩૭૮૨માં અને રૂ. ૩૭૫૨થી ૩૯૫૬માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૩૦થી ૩૬૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



## આયાતી તેલમાં જળવાતી આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ:મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ સાત રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિકમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં આયાતી તેલમાં તેમ જ મથકો પાછળ દેશી તેલમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં આયાતી તેલમાં આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા.

વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધી આવ્યા હોવાથી સ્થાનિકમાં પણ સિંગતેલ અને સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ વધી આવ્યા હતા, જ્યારે કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં અલાનાના રૂ. ૧૩૧૦ અને એએનએ તથા રિલાયન્સ રિટેલના રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સેલરિસેલ અને ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપાર છૂટાછવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૫, સિંગતેલના રૂ. ૧૫૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૨૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર નવા-જૂના માલોની અંદાજે ૩.૭૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૫૦થી ૪૭૨૫માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૪૦ લાખ ગૂણી સરસવની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૭૫થી ૬૬૦૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સ્પેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૧થી ૧૩૪૩માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૩૫૧થી ૧૩૫૩માં અને સરસવ ખોળના ક્વિન્ટલે રૂ. ૨૪૮૦થી ૨૪૮૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવાળી કાર્નિવલનો રંગારંગ પ્રારંભ થઈ ચૂક્યો છે. આ કાર્નિવલમાં દરરોજ આકર્ષક ઈવેન્ટ યોજાવાની છે. દિવાળીના આ પર્વ પર રેસકોર્સ રિંગરોડ ફરતે આવતા અલગ અલગ સર્કલોને પણ રોશનીથી સુશોભિત કરાયા છે. બહુમાળી ચોક ખાતે અત્યંત આકર્ષક લેસર શૉ કરવામાં આવ્યો છે. ૨૭ તારીખથી લઈને ૩૧ તારીખ સુધી આ લેસર શૉ તહેવારોનો આનંદ બેવડો કરશે. (તસવીર–પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છથી કન્યાકુમારી અને ઈસ્લામાબાદથી પોર્ટ ઓફ સ્પેન સુધી ઉજવાય છે પ્રકાશનું મહાપર્વ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભારતમાં દીપોત્સવી મહાપર્વનું મહત્ત્વ કેટલું છે, તે દર્શાવવાની કોઈ જરૂર નથી, પણ મહત્ત્વની બાબત એ છે કે, ભારતનો આ રાષ્ટ્રીય તહેવાર વૈશ્વિક સ્તરે ભારતીય સંસ્કૃતિના વધતા જતા મહત્ત્વને કારણે હવે તે ગ્લોબલ બન્યો છે. દિવાળી માત્ર ભારતમાં જ ઉજવાય છે, અને ધનતેરશ, કાળી ચૌદશ અને દિવાળીની વહેલી પરોઢિયે થતી અલૌકિક મંગળા આરતી માત્ર ભુજમાં જ થાય છે તેવું નથી,પણ વેસ્ટ ઇન્ડીઝના ટ્રીનીદાદથી માંડીને લંડનની થેમ્સ નદી ઉપરાંત દક્ષિણ આફ્રિકા, જાપાન, તેમજ પાકિસ્તાન અને ઈરાન જેવા ઇસ્લામિક દેશોમાં પણ દીપોત્સવી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી થાય છે.



(તસવીર– ઉત્સવ વૈદ્ય, ભુજ)

જે દેશોમાં હિન્દુઓની વસ્તી વધુ હોય છે તેવા દેશોમાં દિવાળી ઉજવાય તે વાત સમજી શકાય છે,પણ અન્ય દેશોમાં પણ આ તહેવાર ઉજવાય તે બાબત,રાજા રામની અયોધ્યા વાપસીનાં ઉજવાતા ઝગમગતા દીવડાઓના આ પ્રકાશ પર્વના મહત્ત્વને દર્શાવી જાય છે.

હિમાલયની પર્વતમાળામાં આવેલા નેપાળ, ભૂટાન, મોરેશિયસ, મલયેશિયા,જાપાન, મ્યાનમાર, સિંગાપોર,બ્રિટન, શ્રીલંકા, થાઈલેન્ડ, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઇન્ડીઝના ગુયાનાં ટ્રીનીદાદ,પોર્ટ ઓફ સ્પેઇન, ઓસ્ટ્રેલિયા, ફિજી, સિંગાપોર, હોંગકોંગ, અમેરિકા, પાકિસ્તાન, ઈરાન, ફિનલેન્ડ, રશિયા જેવા દેશોમાં પણ દીપોત્સવી પર્વ ઉજવાય છે.

સૌથી વિશિષ્ઠ દિવાળી જ્વાળામુખીઓના મુલક સમા જાપાનમાં પણ ઉજવાય છે. લોકો પોતપોતાના ઘરોની સફાઈ કરે છે અને દીપમાળા કરે છે તે સામાન્ય બાબત છે પણ દિવાળીના દિવસે જાપાનના લોકો ઘરની બહાર રહે છે અને બાદ-બગીચાઓમાં ફાનસ સળગાવી, કાગળના તોરણો ગોઠવે છે અને બોટિંગની મઝા માણે છે. નૃત્યો પણ કરે છે.

નેપાળમાં દિવાળીને 'તિહાર'તરીકે ઉજવાય છે. પાંચ દિવસ સુધી નેપાળી પ્રજા દીપોત્સવી પર્વ મનાવે છે. જે પૈકી પ્રથમ દિવસ ગાયમાતાને સમર્પિત હોય છે, જ્યારે બીજો દિવસ કાળ ભૈરવના વાહન સમા કૂતરાઓ માટે અનામત છે જયારે ત્રીજા દિવસે દિવાળીનું મહાપર્વ ઉજવાય છે, ચોથા દિવસે યમરાજનું પૂજન કરાય છે તેમજ નવું વર્ષ અને ભાઈબીજ પણ રંગેચંગે ઉજવાય છે.

મલયેશિયામાં પણ દિવાળીને 'હરી દિવાળી' તરીકે ઉજવવામાં આવે છે,તો પાડોશી દેશ પાકિસ્તાનના ઇસ્લામાબાદ, કરાંચી,બલુચિસ્તાન જેવા વિસ્તારોમાંના કેટલાંક હિંદુ મંદિરો દ્વારા દિવાળીના તહેવારોની ઉજવણીના કાર્યક્રમો યોજાય છે. પ્રખ્યાત હિંગલાજ માતાજીના સ્થાનકે મહાઆરતી પણ યોજાય છે.

# ભાવનગરના તળાજા એસબીઆઈ બેંન્ક બજારમાં ₹૧ કરોડની નવી નોટો-સિક્કા આપવા તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દીપોત્સવી અને નૂતનવર્ષ અવસરે નવી નોટો આપવાની પરંપરા છે. જોકે છેલ્લાં બે વર્ષથી બજારમાં ખાસ કરીને રૂ.૧૦ ની નવી નોટો ઓછી જોવા મળે છે. જે જોવા મળે છે તે અતિ ખરાબ હાલતે મળે છે. છુટ્ટા રૂપિયાની તંગી ઊભી થઇ છે ત્યારે તળાજા સ્થિત રાષ્ટ્રીયકૃત બેંન્ક દ્વારા રૂ.૧ થી ૨૦ ના સિક્કા અને નવી નોટો મળી એક કરોડ રૂપિયા થી વધુ રકમ વેપારીઓને આપવા માટે તૈયારી કરી છે.

બેંન્ક મેનેજરે જણાવ્યું હતું કે રિઝર્વ બેંન્ક દ્વારા રૂ.૧,૫,૧૦ અને ૨૦ ના સિક્કા મોટી રકમના આપ્યા છે.એ ઉપરાંત રૂ.૧૦ અને ૨૦ ની નવી નોટો ચોક્કસ માત્રામાં આપી છે. રૂ.૫૦ અને ૧૦૦ ની નવી નોટો પણ આપવામાં આવી છે. તળાજાના વેપારીઓને જોઈએ તેટલા છૂટ્ટા સિક્કા આપવામાં આવશે. દસ અને વીસની નવી નોટો મર્યાદિત સંખ્યામાં આપવામાં આવશે.

સિક્કાનું ચલણ વધારવા માટે તેઓએ અપીલ કરી હતી કે નોટો ખરાબ થઈ જાય છે.સિક્કા ન થતા હોય બને તેટલા સિક્કા વાપરવા જોઈએ. તળાજામાં રૂ.૧૦ના સિક્કાનું ચલણ થતા વેપારીઓને આપવામાં આવ્યા છે. એક કરોડથી વધુની રકમના નવા સિક્કા-નવી નોટો આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

તેઓએ પોતાના અનુભવના આધારે જણાવ્યું હતું કે રૂ.૧૦-૨૦ ની નવી નોટો જેટલી બેંન્કમાંથી જાય છે તેટલી પરત ફરતી નથી. નવી નોટો સૌરાષ્ટ્રમા દિવાળી પર્વે ચલણમા જોવા મળે છે. દિવાળી સમયે મોટી માગ રહે છે બાદ જોવા મળતી નથી.

# અમદાવાદ એરપોર્ટ પર ₹૨.૧૧ કરોડના હાઈબ્રિડ ગાંજા સાથે ૭ શખ્સો ઝડપાયા

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પર થાઈલેન્ડથી સાત લોકો ₹૨.૧૧ કરોડની કિંમતનો હાઈબ્રિડ ગાંજો લઈને આવ્યા હતાં. એરપોર્ટ પોલીસ અને સીઆઈએસએફની ટીમ દ્વારા તમામની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં એક શખ્સને વૉન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે ગાંજાના જથ્થા સહિત ૨૭ હજાર દિરહામ અને ચાર પાસપોર્ટ કબજે કર્યા હતાં.

થાઈલેન્ડથી હાઈબ્રિડ ગાંજાના જથ્થા સાથે આઠ લોકો અમદાવાદ એરપોર્ટ પર આવી રહ્યાં હોવાની વિગતો સુરક્ષા એજન્સીને મળી હતી. જેના આધારે એરપોર્ટ પોલીસ અને સીઆઈએસએફની ટીમ દ્વારા એરપોર્ટ પર વોચ ગોઠવી દેવામાં આવી હતી. થાઈલેન્ડથી આવેલા સાત લોકોને પોલીસે ઝડપી લઈ તેમનું ચેકિંગ કર્યું હતું. તેમના સામાનમાંથી ₹૨.૧૧ કરોડની કિંમતનો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો.

આ અંગે એરપોર્ટ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, થાઈલેન્ડથી આવી રહેલી ફ્લાઈટમાં હાઈબ્રિડ ગાંજાનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે એવી માહિતી એજન્સી દ્વારા પોલીસને મળી હતી. પોલીસે વોચ ગોઠવીને ફ્લાઈટમાંથી ઉતરેલા સાતેક લોકોને ઝડપીને ચેકિંગ કરતાં તેમની બેગમાંથી ₹૨.૧૧ કરોડનો ગાંજો મળી આવ્યો હતો. આ જથ્થો થાઈલેન્ડના નહીં પણ ભારતીય નાગરિકો દ્વારા લાવવામાં આવ્યો હોવાની વિગતો મળી છે. પોલીસે સાત લોકોને પકડીને કાર્યવાહી શરૂકરી છે. એક વ્યક્તિ ફરાર હોવાથી તેને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતાં. પોલીસે ગાંજાના જથ્થા સહિત ૨૭ હજાર દિરહામ અને ચાર પાસપોર્ટ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલીના સાવરકુંડલામાં દિવાળીની રાત્રે બે જૂથો વચ્ચે ઈંગોરિયા યુદ્ધ ખેલાશે

અમદાવાદઃ અમરેલીના સાવરકુંડલામાં છેલ્લા ૬ દાયકાથી દિવાળીના દિવસે રાત્રે ઈંગોરિયા યુદ્ધ ખેલવાની પરંપરા છે. સાવરકુંડલાના માર્કેટમાં રાત્રે બે જૂથો એક બીજા પર સળગતા ઈંગોરિયા ફેંકીને દિવાળીની ઉજવણી કરે છે. છેલ્લાં કેટલાક વર્ષોથી ઈંગોરિયાના વૃક્ષોની સંખ્યા ઘટી જતાં શહેરના લોકોએ તેના વિકલ્પમાં પુઠ્ઠાની ભૂંગળીમાંથી તૈયાર કરવામા આવતા કોકડાનો ઉપયોગ કરે છે. આ યુદ્ધ રાત્રે ૧૦થી વહેલી સવાર સુધી ચાલે છે. દિવાળીની રાત્રે સાવરકુંડલા શહેર સાવર અને કૂંડલા એમ બે ભાગમાં વહેંચાઈ જાય છે. આ યુદ્ધ અગાઉ નાવલી નદીમાં રમાતી હતી જે હવે દેવળા ગેટ પાસે રમાય છે. યુદ્ધ વખતે કીકીયારી, નાસભાગ અને ધક્કામુક્કીના દૃશ્યો સર્જાય છે પણ ક્યારેય કોઈ માથાકૂટ થતી નથી. માત્ર ભાઈચારાથી જ આ યુદ્ધ ખેલાય છે. સાવર અને કુંડલા એમ બે જૂથ વચ્ચે વહેંચાયેલા લડવૈયા એકબીજા સામે સળગતા ઇંગોરીયા નાખીને ટોળીઓને દૂર-દૂર સુધી ખસેડી દે છે. કોઈ અઘટિત ઘટના બને નહીં તે માટે અહીં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે. દિવાળીના એક મહિના પૂર્વે યુવાનો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાંથી વૃક્ષ પરથી ઇંગોરીયા તોડી તેને સૂકવી દે છે. ત્યારબાદ ઉપરથી છાલને કાઢી તેમાં કાણું પાડી અંદરના ભાગે તેમાં ગંધક, સુરોખાર અને કોલસાની ભૂકીનું મિશ્રણ કરી ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. ત્યારબાદ નદીના માટીના પથ્થરના ભૂકાથી એ કાણું બંધ કરી દેવાય છે ત્યારબાદ ઇંગોરીયું તૈયાર થાય છે. હજારોની સંખ્યામાં તૈયાર કરાયેલા ઇંગોરીયાના થેલા ભરીને દિવાળીની રાત્રે લડાયકો યુદ્ધ ખેલવા માટે તૈયાર થઈ જાય છે.

# ભાવનગરમાં થેલેસીમિયા, હિમોફિલિયા, કેન્સર અને કિડનીના દર્દી બાળકોએ કોડિયા શણગાર કરી તૈયાર કર્યા





(તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દિવાળીના ઉત્સવ માટે સૌ કોઈ આનંદ અને ઉત્સાહથી તહેવાર ઉજવતા હોય છે ત્યારે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ જ રેડક્રોસમાં સેવા મેળવી રહેલા થેલેસીમિયા, હિમોફિલિયા, કેન્સર અને કિડનીના રોગથી પીડાતા બાળકો દ્વારા કંઈક નવી પ્રવૃત્તિ દ્વારા ઉત્સવો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ખાસ આ બાળકો દિવાળી પૂર્વે ભેગા મળીને રેડક્રોસ ખાતે રંગબેરંગી કોડિયા બનાવીને તેને શણગારે છે એટલું જ નહિ તે કોડિયા તૈયાર કરીને પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત આરોગ્ય સેવામાં જોડાયેલા ડૉક્ટર અને પેરા મેડિકલ સ્ટાફને પણ કોડિયા આપીને તેને શુભેચ્છાઓ આપે છે જેના દ્વારા સમાજમાં આવા રોગોથી પીડાતા બાળકો માટે કે જે ભગવાનનું બીજું સ્વરૂપ છે તેમના માટે લાગણી અને સંવેદનાનો ભાવ થાય અને તે પણ આવા રોગો માટે જાગૃત બને. વળી તહેવારો આ બાળકો સાથે ઉજવીને એમને પણ રાજીપો મળે તે હતું થઈ રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા પ્રતિ વર્ષ આવા આયોજનો કરવામાં આવે છે જેમાં પ્રવાસ, લોકમેળા, સર્કસ, વિવિધ મનોરંજન કાર્યક્રમો, મેડિકલ કેમ્પ, જરૂરિયાતમંદ દર્દીને રાશન કીટ સહિતની મદદ કરવામાં આવે છે.

આ વર્ષે પણ રેડક્રોસ પરિવાર સાથે મળીને બાળકોએ સુંદર કોડિયા અને ડેકોરેશનની વસ્તુઓ બનાવી હતી. રેડક્રોસ ભાવનગર દ્વારા આ પ્રોજેકટમાં રસ ધરાવનારને સહયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.



ભાવનગર એરપોર્ટ ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું, વડા પ્રધાન મોદી અમરેલી જિલ્લાના પ્રવાસે આવતા ભાવનગર એરપોર્ટ પર કેન્દ્રીય અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યપ્રધાન નીમુબેન બાંભણિયા સહિત મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્યો જીતુભાઈ વાઘાણી, સેજલબેન પંડ્યા, ભીખાભાઈ બારૈયા, શિવાભાઈ ગોહિલ, ગૌતમભાઈ ચૌહાણ, કલેક્ટર આર. કે. મહેતા, પોલીસ અધિક્ષક ડૉ. હર્ષદ પટેલ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓએ અને અન્ય મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું. (તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)

# મુંદરામાં પાન-મસાલાની કેબિનમાંથી ગાંજો પકડાયોઃ વૃદ્ધ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)



ભુજ: પરપ્રાંતીઓની બહોળી વસ્તી ધરાવતા કચ્છના મુંદરા શહેરના ભુખી નદીના પટ્ટમાં પાન-મસાલાની કેબિનમાં ગાંજો વેંચાતો હોવાની પૂર્વ બાતમીના આધારે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે દરોડો પાડીને એક વૃદ્ધ શખ્સને ઝડપી પાડ્યો હતો.

નશાખીરીનું હબ બનતા જતા આ ભાતીગળ પ્રદેશમાં ડ્રગ્સની બદી અટકાવવા માટે એકાદ વર્ષ પૂર્વે શરૂ કરવામાં આવેલા ઓપરેશન અંતર્ગત મુંદરામાં કરાયેલી કામગીરીમાં સુખપરવાસના ૭૩ વર્ષિય ઈસ્માઈલ યુસુફ શેખને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ આરોપી તેની પાન-મસાલા માટેની કેબિનમાં ગેરકાયદે રીતે ગાંજો વેંચતો હતો. પોલીસે કેબિન તપાસતા કુલ ૨૬૬ ગ્રામ ગાંજો કિંમત રૂા.૨૬૬૦ તથા મોબાઈલ, રોકડા અને ડિજિટલ વજન કાંટો મળી કુલ ૪૦૬૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો અને મુંદરા પોલીસમાં તેની વિરુદ્ધ એનડીપીએસની એકટ તળે ગુનો દાખલ કરાયો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, વીતેલા દોઢ માસના સમયગાળા દરમ્યાન કચ્છ પોલીસે અંજાર અને વરસામેડીમાંથી ૧.૬૨ લાખનો ગાંજો અને રાપરમાંથી ૧.૨૦ લાખના પોસ દોડાના જથ્થા સાથે સ્થાનિક યુવકોને દબોચ્યા હતા. ત્યારબાદ વરસામેડીમાં અંબિકા સોસાયટીમાં આવેલા એક મકાનમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે છાપો મારી બે બિહારી શખ્સોને રૂ.૧,૨૭,૦૦૦ના મૂલ્યના ૧૨ કિલો ૭૦૦ ગ્રામ ગાંજા સાથે દબોચી લીધા હતા.

# સરકારી સહાયથી નારાજ વિસાવદરના ખેડૂતોએ તંત્રને ૧૧ રૂપિયાનો ચેક આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે થયેલા વધુ વરસાદને કારણે ખેડૂતોના મગફળી, સોયાબીન અને કપાસ સહિતના પાકોમાં મોટું નુકસાન થયું છે. રાજ્ય સરકારે સરવે કરાવ્યા બાદ ખેડૂતો માટે કૃષિ પેકેજની જાહેરાત પણ કરી હતી. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સહાય ઓછી હોવાથી ખેડૂતોમાં નારાજગી જોવા મળી હતી. જૂનાગઢના વિસાવદરના ખેડૂતોએ તંત્રને ૧૧ રૂપિયાનો ચેક આપીને સરકારી સહાયનો વિરોધ કર્યો હતો.

વિસાવદરના ખેડૂતોએ કહ્યું હતું કે, આ વખતે થયેલા વરસાદમાં તૈયાર પાક ધોવાઈ ગયો છે. ઘણા ખેડૂતોએ ખેતરમાંથી કાઢેલી મગફળી અને કપાસનો પાક પલળી ગયો છે. અમારા મોઢે આવેલો કોળીયો છીનવાયો છે. ત્યારે સરકારે જાહેર કરેલી સહાયથી અમારા પાકની નુકસાની ભરપાઈ થઈ શકે એમ નથી. જેથી સરકારે જે હેક્ટર દીઠ સહાય જાહેર કરી છે તે વિઘા દીઠ જાહેર કરીને ખેડૂતોને આપે એવી અમારી માગ છે. અમે આજે સરકારને ૧૧ રૂપિયાનો ચેક આપીને વધુ સહાયની માગ કરી રહ્યાં છીએ.

જૂનાગઢ જિલ્લામાં આ વર્ષે ચોમાસાની સિઝનમાં પુષ્કળ પ્રમાણમાં વરસાદ પડ્યો હતો. ચોમાસાની વિદાય બાદ પણ માવઠા ચાલુ હતાં. ત્યારે વિસાવદર તાલુકાના બરડિયા ગામમાં તાજેતરમાં જ ખેડૂતોએ પોતાના ખેતરમાં વાવેલા મગફળીના પાકને સળગાવી નાખ્યો હતો. ખેડૂતોનું કહેવું હતું કે, સરકાર દ્વારા જે હેક્ટર દીઠ ૨૨ હજાર સહાયની જાહેર કરવામાં આવી છે તેની સામે ખેતરમાં પાક તૈયાર કરતા એક વીઘા દીઠ ૨૦ થી ૨૫ હજારનો ખર્ચ થાય છે, જેથી સરકારે ફરીવાર સરવે કરીને ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે એવી માગ કરવામાં આવી હતી.

# રાજકોટની ૧૦ હૉટેલોને ઈમેલથી ધમકી આપનાર શખ્સની તપાસ ક્રાઈમ બ્રાંચ કરશે

અમદાવાદઃ રાજકોટની ૧૦ જાણિતી હોટેલોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. ત્યાર બાદ પોલીસે હોટેલોમાં સર્ચ કરતાં કોઈ શંકાસ્પદ ચીજ નહીં મળતાં રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનામાં પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી હતી. ત્યારબાદ આ ૧૦ હોટેલોને ઈમેલ કરનાર કેન ડિન નામના શખ્સની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે શનિવારે રાજકોટની જાણિતી ૧૦ હોટેલોને કેન ડિન નામના સેન્ડરે એક જ સમયે ધમકી ભર્યો ઈમેલ મોકલ્યો હતો. આ મેઈલમાં કહેવાયું હતું કે, તમારી હોટેલના દરેક સ્થળે બૉમ્બ મૂક્યા છે જલદી કરો અને હોટલ ખાલી કરો. હોટેલ સંચાલકોએ આ ઈમેલ અંગે પોલીસને જાણ કરતાં પોલીસે તાત્કાલિક ડીસીબી, એસઓજી, એલસીબી સહિતનો કાફલો બૉમ્બ સ્કવૉડ અને ડોગ સ્કવોડ સાથે હોટેલોના દરેક ખૂણે જઈને ચેકિંગ કર્યું હતું.

પોલીસની ટીમ દ્વારા પાર્કિંગ, વાહનો અને હોટેલના રૂમ અને કિચન સહિતની જગ્યાઓ પર ચેકિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ ૧૦માંથી એક પણ હોટેલોમાંથી કોઈ શંકાસ્પદ ચીજ નહીં મળતાં પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. રાજકોટની આ હોટેલોને ઈમેલ કરીને ધમકી આપનાર કેન ડિન નામના શખ્સની તપાસ હવે ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા આ શખ્સ દ્વારા ક્યા લોકેશનથી મેઈલ કરવામાં આવ્યો હતો તેની તપાસ હાથ ધરી છે.

# ભાવનગર પોલીસે નકલી પીએસઆઇનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી રિમાન્ડ મેળવ્યા

ભાવનગરઃ શહેરના સોની વેપારીને પીએસઆઇ તરીકે ઓળખાવી સગાઈ કરનારો આરોપી સુરત ખાતે ઝડપાતા પોલીસે તેનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે. બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર શહેરના વોરાબજાર ટંકશાળાવાળા ખાંચામાં નારેશ્વર જવેલર્સ નામની દુકાન ધરાવતા અલ્પેશભાઈ ચીમનલાલ ધ્રાંગધરીયાને ગત ૭મી ઓક્ટોબરના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલો અને સામેના વ્યક્તિએ પોતે સુરત શહેર પોલીસના પીએસઆઈ વિજયરાજસિંહ ગોહિલ તરીકેની ઓળખ આપી હતી. 'અને જણાવ્યું કે, અમે સુરતમાં એક સોનાના દાગીનાની ચોરી કરનારને ઝડપ્યો હતો, અને તેની પૂછપરછમાં તેણે પાંચ ગ્રામનો એક સોનાનો ચેઈન તમારી દુકાનમાં વેચ્યો હતો, અને તમે તેને રૂ.૩૧,૫૦૦ રોકડા આપ્યા હતા, તેથી તમે સોનાની ચેઈનના રૂ.૩૧,૫૦૦ નકલી પીએસઆઈને ગૂગલ પે દ્વારા મોકલી આપો તો તમારા વિરુદ્ધ કાર્યવાહી નહીં કરીએ અને જો પૈસા નહીં મોકલો તો ત્યાં રૂબરૂ આવી ગુનામાં ફીટ કરી દઈશું. અને તે પછી પણ ત્રણ-ચાર વખત ફોન આવતા સોનાના વેપારીએ ગભરાઈને રૂપિયા મોકલી દીધાં હતા. જે બાદ ગત ૨૧ ઓક્ટોબરના રોજ સોનાના વેપારીના ફોન પર વાપી જીઆઈડીસી પોલીસનો ફોન આવેલો અને ૭ ઓક્ટોબરના રોજ ઓનલાઈન પૈસા મોકલવા અંગે પૃચ્છા કરી વેપારીને જણાવવામાં આવ્યું હતું કે, તમે જેને પૈસા મોકલ્યા તેનું નામ અભિષેક સાવલિયા છે. અને તે પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી લોકો પાસે પૈસા પડાવે છે. વાપી જીઆઈડીસી પોલીસે પોલીસની ખોટી ઓળખ આપી છેતરપિંડી કરતા શખ્સને ઝડપી લેતા સમગ્ર હકીકતનો ખુલાસો થતાં અલ્પેશભાઈ ચીમનભાઈ ધ્રાંગધરીયાએ ગંગાજળિયા પોલીસમથકમાં અભિષેક સાવલિયા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.